# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
સાસુનો રોલ નહોતી કરવા માગતી અમીષા પટેલ



પેજ-09
IPL 2025 પહેલા રિંકુ સિંહ બન્યો કેપ્ટન, કારકિર્દીમાં...


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 18.00 |
| વડોદરા | 28.00 | 19.00 |
| સુરત | 27.00 | 22.00 |



પેજ 5 — દેશનું ઈવી માર્કેટ રૂ.20 લાખ કરોડ પર પહોંચવાની સંભાવના: ગડકરી

22 DECEMBER-2024 SUNDAY



પેજ 10 — US સરકાર પાસે દેશ ચલાવવા માટે પૈસા નથી ટ્રમ્પ-મસ્કે ન આવવા દીધું...

.....સુવિચાર.....
અમુક માણસો સંબંધ છોડી દેશે પણ પોતાની ખોટી જિદ ક્યારેય નહીં છોડે


વર્ષ-14 । અંક-035 । વિક્રમ સંવત-2081 । માગશર વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### તાપમાન-8.5 ડિગ્રી પર પહોંચ્યું, દાલ સરોવર પણ થીજી ગયું

# શ્રીનગરમાં કાતિલ ઠંડીએ રેકોર્ડ તોડ્યો





**કેવી છે કાશ્મીર અને લદ્દાખની હાલત? :** કાશ્મીરમાં ઝોજિલા સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં લઘુત્તમ તાપમાન -24.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પ્રવાસન સ્થળ પહેલગામમાં લઘુત્તમ તાપમાન -8.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ન્યોમા લદ્દાખ ક્ષેત્રમાં -24 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે દ્રાસમાં રાત્રિનું તાપમાન -14.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની લેહમાં તાપમાન -11.8 ડિગ્રી સેલ્સિયસ હતું, જ્યારે કારગીલમાં પણ લઘુત્તમ તાપમાન -13.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



(એજન્સી) જમ્મુ-કાશ્મીર | 21

સમગ્ર ઉત્તર ભારતમાં આ દિવસોમાં ભારે ઠંડી પડી રહી છે. રાજધાની દિલ્હીથી લઈને કાશ્મીર સુધી વાતાવરણમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં આ સિઝનની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત શ્રીનગરમાં નોંધાઈ હતી. જેમાં તાપમાન -8.5 ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી જતાં શહેરમાં કડકડતી ઠંડી પડી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શ્રીનગરમાં ડિસેમ્બર મહિના દરમિયાન ઈતિહાસમાં અત્યાર સુધીનું ત્રીજું સૌથી નીચું તાપમાન રહ્યું હતું.

દક્ષિણ કાશ્મીરમાં શોપિયાં મેદાન સૌથી ઠંડો વિસ્તાર હતો, જ્યાં લઘુત્તમ તાપમાન -10.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અનંતનાગ શહેરમાં -9.9 ડિગ્રી સેલ્સિયસ અને પુલવામા શહેરમાં પણ લઘુત્તમ તાપમાન -9.5 ડિગ્રી સેલ્સિયસ સાથે ઠંડી રાત નોંધાઈ હતી, જ્યારે લાર્નુમાં - 9.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ચંદીગઢ સહિત અનેક રાજ્યોમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે.

**22 ડિસેમ્બર: 2 રાજ્યોમાં તીવ્ર કોલ્ડવેવ એલર્ટ :** હિમાચલ પ્રદેશ, પંજાબમાં તીવ્ર ઠંડીનું એલર્ટ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હરિયાણા, રાજસ્થાનમાં કોલ્ડવેવનું એલર્ટ, હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાની શક્યતા

**23 ડિસેમ્બર: 3 રાજ્યોમાં વરસાદ, 2 રાજ્યોમાં ધુમ્મસ રહેશે :** પંજાબ-હરિયાણામાં ગાઢ ધુમ્મસ જોવા મળશે., જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં કોલ્ડવેવ રહેશે., આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં વરસાદ પડી શકે છે. પવન પણ 55 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે.

**24 ડિસેમ્બર: 4 રાજ્યોમાં ગાઢ ધુમ્મસ, 2 રાજ્યોમાં વરસાદ :** પંજાબ, હરિયાણા, આસામ, મેઘાલયમાં ગાઢ ધુમ્મસ રહેશે., હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખમાં કોલ્ડવેવ એલર્ટ., દક્ષિણના રાજ્યો (તમિલનાડુ, કેરળ)માં હળવો વરસાદ પડી શકે છે.

### હિમાચલ પ્રદેશમાં શીત લહેર

IMD અનુસાર, 23 ડિસેમ્બરે લાહૌલ સ્પીતિ, કુલ્લુ અને ચંબાના ઊંચા શિખરો પર હિમવર્ષા થઈ શકે છે. હવામાન વિભાગે હમીરપુર, મંડી, ઉના અને બિલાસપુર માટે ઑરેન્જ ઍલર્ટ અને કુલ્લુ, ચંબા અને કાંગડા માટે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

# નમકીન પોપકોર્ન પર 5%, ખાંડવાળા પર 18% GST

## વીમામાં રાહત નહીં, જૂના વાહનોને લઈને કન્ફ્યુઝન દૂર

### સીતારમણે કહ્યું- રાજ્યો પેટ્રોલ-ડીઝલ પર GSTના વિરોધમાં

(એજન્સી) જેસલમેર | 21

આજે રાજસ્થાનના જેસલમેરમાં જીએસટી કાઉન્સિલની 55મી બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય તથા કેન્દ્ર સરકારે ટેક્સને લઈને મોટા નિર્ણય લીધા છે. બેઠક બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે પત્રકાર પરિષદ કરીને વિવિધ જાહેરાતો કરી તથા ટેક્સને લઈને અમુક મુદ્દાઓ પર સ્પષ્ટતા પણ આપી હતી. આજે GST પરિષદે નવા રજિસ્ટ્રેશન સિસ્ટમ માટે GSTમાં સંશોધન લાવનારા કોન્સેપ્ટ નોટને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેથી ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ ઉઠાવતી નાની કંપનીઓને લાભ થઈ શકે.

### પોપકોર્નને લઈને મોટી જાહેરાત

નાણામંત્રીએ કહ્યું હતું, કે હાલ સાદા પોપકોર્ન અને કેરેમલાઇઝ્ડ પોપકોર્ન અમુક રાજ્યોમાં નમકીનના રૂપમાં વેચવામાં આવી રહ્યા છે. કેરેમલાઇઝ્ડ પોપકોર્નમાં ખાંડ હોય છે, તેથી તેના પર અલગ ટેક્સ લાગુ થશે.' પોપકોર્ન પર હવે 5 ટકા, 12 ટકા અને 18 ટકા એમ ત્રણ અલગ અલગ કેટેગરીમાં ટેક્સ લાગશે. સાદા નમક વાળા પોપકોર્ન પર પાંચ ટકા, પેકેજ્ડ પોપકોર્ન પર 12 ટકા તથા કેરેમલવાળા પોપકોર્ન પર 18 ટકા GST લાગશે.

### વપરાયેલી કારની માર્જિનલ વેલ્યૂ પર 18% GST લાગશે



નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, તમામ પ્રકારની વપરાયેલી કારની ખરીદી અને વેચાણ વખતે માર્જિનલ વેલ્યુ પર 18% GST વસૂલવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ 12 લાખ રૂપિયામાં કાર ખરીદે છે અને તેને સેકન્ડ હેન્ડ તરીકે 9 લાખ રૂપિયામાં વેચે છે, તો માત્ર 3 લાખ રૂપિયાના બાકી માર્જિન પર જ GST વસૂલવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે, નવા EV વાહન ખરીદવા પર 5% GST લાગુ થાય છે. જૂના EV ખરીદવાની પણ આજે ચર્ચા થઈ હતી. અમે EVનો પ્રચાર કરીએ છીએ, પરંતુ જો એક વ્યક્તિ અન્ય વ્યક્તિ પાસેથી વપરાયેલી EV ખરીદે છે, તો તેના પર કોઈ GST લાગતો નથી. જો કોઈ કંપની વપરાયેલી EV ખરીદે અને વેચે તો તેના પર ટેક્સ લાગશે.

### છૂટાછેડા | 500 કરોડ ભરણપોષણની માંગ... પતિની ચામડી પણ ઉખેડી નાખો : SC

નવી દિલ્હી | ગુજરાનના બહાને પુરુષોની કથિત હેરાનગતિના મુદ્દે સમાજમાં ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન એક નવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ કિસ્સામાં, લગ્નના થોડા મહિના પછી પતિ-પત્નીના છૂટાછેડા થઈ ગયા. આ પછી મહિલાએ તેના પતિ પાસેથી 500 કરોડ રૂપિયાના ભરણપોષણની માંગણી કરી. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો છે. આ કેસ એક ભારતીય-અમેરિકન નાગરિકનો છે જે અમેરિકામાં સફળ IT કન્સલ્ટન્સી ચલાવે છે. તેણે 31 જુલાઈ 2021ના રોજ એક ભારતીય મહિલા સાથે લગ્ન કર્યા. જોકે આ તેના બીજા લગ્ન હતા. આ પહેલા તેણે તેની પહેલી પત્નીથી છૂટાછેડા લીધા હતા. તેણે પોતાની પહેલી પત્નીને ગુજરાત ભથ્થા તરીકે 500 કરોડ રૂપિયા આપ્યા હતા.

### ચૂંટણીમાં ગોપનીયતા...ચૂંટણીને લઈને કેન્દ્ર સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો

# ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો નહીં માંગી શકે પ્રજા

(એજન્સી) નવી દિલ્હી | 21

ચૂંટણીને લઈને કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે અમુક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો જેવા કે CCTV કૅમેરા અને વેબકાસ્ટિંગ ફૂટેજ તેમજ ઉમેદવારોના વિડિયો રેકોર્ડિંગના જાહેર નિરીક્ષણને રોકવા માટે ચૂંટણીના નિયમોમાં ફેરફાર કર્યો છે. જેથી કરીને તેનો દુરુપયોગ રોકી શકાય. ચૂંટણી પંચ (EC) ની ભલામણના આધારે કેન્દ્રીય કાયદા મંત્રાલયે શુક્રવારે ચૂંટણી સંચાલન નિયમ 1961 ના નિયમ 93(2)(A) માં સુધારો કર્યો છે. જેથી હવે જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા કાગળો અથવા દસ્તાવેજોના




પ્રકારને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. હવેથી ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો જનતા માટે ઉપલબ્ધ રહેશે નહીં.

નિયમ 93 મુજબ ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે. કાયદા મંત્રાલય અને ચૂંટણી પંચના અધિકારીઓ કહ્યું હતું કે, એક કોર્ટ કેસ આ સુધારા કરવા પાછળનું કારણ હતું.

આ અંગે ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે, હકીકતમાં ઉમેદવાર પહેલાથી જ તમામ દસ્તાવેજો અને કાગળોને જોઈ શકે છે. આ અંગેના નિયમોમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. આ અસ્પષ્ટતાને દૂર કરવા અને મતદાન મથકની અંદર CCTV ફૂટેજનો દુરુપયોગ અટકાવવા માટે અને તેની સાથે મતદાનની ગુપ્તતાના ઉલ્લંઘન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરી કોઈ વ્યક્તિ દ્વારા મતદાન મથકની અંદર CCTV ફૂટેજના સંભવિત દુરુપયોગના ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને આ નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.

### વિધાનસભામાં ગુંજ્યો અલ્લુ અર્જુનનો કેસ

## મુખ્યમંત્રીએ કહ્યું- ફિલ્મી સિતારા ઘાયલ બાળકને મળવા કેમ ન ગયા?

(એજન્સી) હૈદરાબાદ | 21

તેલંગાણા વિધાનસભાની કાર્યવાહી દરમિયાન ધારાસભ્ય અકબરુદ્દીન ઓવૈસીએ આરોપ લગાવ્યો કે, જ્યારે અલ્લુ અર્જુનને નાસભાગ અને મહિલાના મોતની જાણ કરવામાં આવી ત્યારે તેણે કહ્યું કે, 'હવે ફિલ્મ હિટ થશે'. વળી, મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પણ કહ્યું કે હીરો (અલ્લુ અર્જુન) બેદરકાર હતો અને મોતની સૂચના આપ્યા બાદ પણ તે થિયેટરમાંથી બહાર ગયો ન હતો. પીડિત પરિવાર દર મહિને 30000 રૂપિયા કમાય છે, પરંતુ ટિકિટ દીઠ 3000 ખર્ચે છે, કારણ કે દીકરો અલ્લુ અર્જુનનો ચાહક છે.

મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું, 'ફિલ્મ સેલિબ્રિટીઓ એક દિવસ માટે પોલીસ સ્ટેશન ગયેલા અલ્લુ અર્જુનના ઘરે સતત મળવા કેમ આવવા લાગ્યા? તેમને શું થયું? તેની આંખ ગઈ, તેનો હાથ અથવા પગ તૂટી ગયો કે કિડની ફેઈલ થઈ ગઈ? કે ફિલ્મ ઉદ્યોગ તેને મળવા પહોંચી ગયો. તેને મળ્યા બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો તેને અભિનંદન આપી રહ્યા છે, પરંતુ પેલા બાળકને મળવા કોઈ ન ગયું.

# ઉત્તરાખંડમાં ભૂસ્ખલન, વાહનવ્યવહાર ખોરવાયો

(એજન્સી) ધારચુલા | 21

ઉત્તરાખંડના ધારચુલામાં શનિવારે ભૂસ્ખલનને કારણે વાહનવ્યવહાર થંભી ગયો હતો. ભૂસ્ખલનમાં પહાડનો મોટો ભાગ રોડ પર પડ્યો હતો. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ધૂળના વાદળો છવાયા હતા. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રીએ કાટમાળ હટાવવા માટે તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી છે.



### ભૂસ્ખલન થતા વાહનવ્યવહાર ખોરવાયો

આ હાઈવે વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આ હાઈવે સીધો ચીન સરહદ સાથે જોડાયેલો છે. આ હાઈવે દ્વારા માલસામાનના વાહનો અને મુસાફરો બંને ચીન સરહદ સુધી પહોંચે છે, જે રાષ્ટ્રીય સુરક્ષા અને વેપારની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં ભૂસ્ખલનને કારણે આ મહત્વપૂર્ણ માર્ગને બંધ કરવો એ એક મોટો પડકાર બની ગયો છે. સૈન્ય અને સુરક્ષા દળોનો પુરવઠો ખોરવાઈ ન જાય અને ટ્રાફિક પણ પહેલા જેવો થઈ જાય તે માટે રસ્તો સાફ હોવો ખૂબ જ જરૂરી છે.

### ■ રાહત અને બચાવ કામગીરી તેજ

કાટમાળ હટાવવા માટે રસ્તો સંપૂર્ણપણે બંધ છે. આમ છતાં BROની ટીમે રાહત અને બચાવ કાર્યમાં ઝડપ બતાવી છે. સરહદને અડીને આવેલો હોવાથી હાઈવેનું મહત્વ એટલું વધારે છે કે આ માર્ગની સુરક્ષા અને સમારકામને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ભૂસ્ખલનને કારણે રસ્તા પર મોટું નુકસાન થયું છે, પરંતુ રાહત અને બચાવ કાર્યની ઝડપ વધારીને ટૂંક સમયમાં ટ્રાફિકને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### ■ જાનહાની કે જાનમાલનું નુકસાન નથી

પિથોરાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ વિનોદ ગિરી ગોસ્વામીએ જણાવ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાની કે જાનમાલનું નુકસાન થયું નથી, પરંતુ રસ્તા પર ચાલી રહેલા કામને કારણે આ અકસ્માત થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ આ ઘટના પર પ્રતિક્રિયા આપી અને કહ્યું કે કાટમાળ હટાવવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે, અને જિલ્લા વહીવટીતંત્ર અને સંબંધિત અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે રસ્તો ખોલવાની સૂચના આપવામાં આવી છે.

### પૂર્વ કોન્સ્ટેબલના ઘરે 'કુબેરનો ખજાનો'

## 300 કિલો સોનું-ચાંદી, કરોડો રોકડા, લકઝ્યુરીયસ કાર મળી

(એજન્સી) ભોપાલ | 21

મધ્યપ્રદેશના ભોપાલમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે કે, જ્યાં એક પૂર્વ કોન્સ્ટેબલના ઘર અને ઑફિસમાં દરોડા પાડતાં સોનું- ચાંદી કિલોના હિસાબે નહીં પરંતુ ક્વિટલના હિસાબે મળી આવ્યા છે. આ સાથે કરોડો રુપિયાની રોકડ તો ખરી જ. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની લોકાયુકત પોલીસને કદાચ કલ્પના પણ નહીં હોય કે, RTO ના પૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્માને ત્યાં દરોડો પાડવા જઈ રહ્યા છે, ત્યાંથી 'કુબેરનો ખજાનો' મળી આવશે. ભોપાલ પોલીસે પૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્માને ત્યાં દરોડા પાડ્યા તેમાં સોનું અને ચાંદી કિલોમાં નહીં પણ ક્વિન્ટલના હિસાબે મળી આવ્યા છે. અત્યાર સુધીમાં લગભગ 300 કિલો સોનું-ચાંદી ઝડપાઈ ચૂક્યું છે. તેમજ તેની સાથે કરોડોની રોકડ પણ મળી આવી છે. અહીં ત્રણ દિવસથી તપાસ ચાલી રહી છે, અહીં નવાઈની વાત એ છે કે ટીમ જ્યાં હાથ નાખે છે, ત્યાંથી સોનું, ચાંદી અને રોકડ બહાર નીકળી રહી છે.

# કર્ણાટકમાં ટ્રક-કારનો ભીષણ માર્ગ અકસ્માત, 6લોકોને કાળ ભરખી ગયો

(એજન્સી), બેંગલુરુ | કર્ણાટકમાં એક કન્ટેનર ટ્રક કાર સાથે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં 6 લોકોના મોત થયા છે. નેલમંગલામાં એક કન્ટેનર ટ્રક એક કાર પર પલટી મારી જતાં છ લોકોના મોત થયા હતા. આ અંગે વધુ માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે, આ ઘટના બેંગલુરુની બહાર તાલેકેરે નજીક બની હતી. જેમાં એક મોટા કાર્ગો કન્ટેનર છ લોકોને લઈને જતી કાર પર પલટી મારી ગયું હતુ. અકસ્માતને કારણે નેશનલ હાઈવે-48 પર ટ્રાફિકજામ સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે, મૃતકની તાત્કાલિક ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે આ ઘટના શનિવારે બપોરે નેશનલ હાઈવે-4 પર બની હતી. કથિત રીતે ટ્રક ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને કન્ટેનર કાર પર પડી ગયું હતું.




**મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા**

પોલીસે કહ્યું કે, નેલમંગલા પોલીસ રેન્જ ઓફિસરે ઘટનાસ્થળની મુલાકાત લીધી છે અને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

# મોહાલીમાં બિલ્ડિંગ ધરાશાયી, 20થી વધુ લોકો દટાયાં

(એજન્સી) મોહાલી | 21

પંજાબમાં મોહાલીમાં શનિવારે મોટી દુર્ઘટના બની. અહીં ત્રણ માળની એક બિલ્ડિંગ અચાનક ધરાશાયી થઈ ગઈ. આ દુર્ઘટનામાં 20થી વધુ લોકો કાટમાળમાં દબાયા હોવાની શક્યતા છે. ઘટના સ્થળ પર પોલીસ અને તંત્રના અધિકારીઓ દોડી ગયા અને બચાવ-રાહત કામગીરી હાથ ધરી છે. બિલ્ડિંગમાં એક જિમ ચાલતું હતું. બિલ્ડિંગની નજીક એક બેજમેન્ટનું ખોદકામ પણ ચાલી રહ્યું હતું, જેનાથી બિલ્ડિંગનો પાયો નબળો થઈ ગયો અને તે અચાનક ધરાશાયી થઈ ગયું. દુર્ઘટના સમયે જિમમાં લોકો એક્સરસાઈઝ કરી રહ્યા હતા, જેનાથી એ સંભાવના વ્યક્ત કરાઈ રહી છે કે કાટમાળમાં જિમમાં હાજર લોકો દબાયા હોય શકે છે. તંત્ર જિમ સંચાલકોનો સંપર્ક કરી રહી છે કે દુર્ઘટના સમયે જિમમાં કેટલા લોકો હતા.



**ઘરનો કાટમાળ ઝડપથી હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી :** પોલીસના જણાવ્યા અનુસાર આ ઘરની નજીક ભોંયરામાં ખોદકામ કરવામાં આવી રહ્યું હતું અને એવી આશંકા છે કે આ દરમિયાન ઘરનો પાયો લપસી ગયો અને આ મોટી દુર્ઘટના બની છે. હાલમાં NDRF અને SDRFની ટીમો પણ પહોંચી ગઈ છે અને ઘરનો કાટમાળ ઝડપથી હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ અકસ્માત સમયે ઘરની અંદરનું જીમ ખુલ્લું હતું અને ઘણા લોકો તેમાં પ્રેક્ટિસ કરી રહ્યા હતા.

**10 વર્ષ જૂની છે ઈમારત :** મોહાલીના ડીસી આશિકા જૈનના જણાવ્યા મુજબ આ ઈમારત આશરે 10 વર્ષ જૂની હતી. તેમણે કહ્યું કે અકસ્માતનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. આ ઉપરાંત દુર્ઘટના સમયે ઘરમાં કેટલા લોકો હાજર હતા તે હજુ સુધી સ્પષ્ટપણે જાણી શકાયું નથી. જોકે, સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું કે ઘરની અંદર જીમમાં કેટલાક લોકો હતા. તેમની સંખ્યા 15થી વધુ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

## વડોદરાની ઘટના : બીજો કારના બોનેટ પર બેસી જતાં બચી ગયો, મિત્રની જન્મદિવસની પાર્ટીમાંથી બંને પરત ફરી રહ્યા હતા

# બે યુવક સાથે કાર તળાવમાં ખાબકી, એકનું મોત...



### કારમાં ફસાયેલા યુવકનું મોત, બીજાનો બચાવ

વડોદરા શહેરના ગોરવા લક્ષ્મીપુરા મુક્તિધામની બાજુમાં આવેલા તળાવમાં 20 ડિસેમ્બરની મોડીરાત્રે એક કાર અચાનક જ પાણીમાં ખાબકી હોવાના મેસેજ મળતાં જ વડોદરા ફાયર અને ઈમર્જન્સી વિભાગની જીઆઈડીસી, વડીવાડી અને વાસણા ફાયર સ્ટેશનની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. એક યુવક કારમાં ફસાયેલો હોવાની માહિતી મળતાં ફાયર વિભાગની ટીમે તેની શોધખોળ શરૂ કરી હતી. એક કલાકની ભારે જહેમત બાદ કેતન પ્રજાપતિ નામના 23 વર્ષીય યુવકને ફાયર વિભાગની ટીમે બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. આ ઘટનામાં અન્ય કારસવાર યુવક નીરજ ચોસલાને સ્વિમિંગ આવડતું હોવાથી તેણે કારમાં ફસાયેલા યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર ડૂબવા લાગતાં તે સ્વિમિંગ કરીને તળાવમાંથી બહાર નીકળી ગયો હતો.

**(એજન્સી) વડોદરા | તા.21**

વડોદરા શહેરના ગોરવા લક્ષ્મીપુરા મુક્તિધામની બાજુમાં ગત મોડીરાત્રે(20 ડિસેમ્બર) એક કાર તળાવમાં ખાબકી હતી. આ કારમાં બે યુવક સવાર હતાં, જેમાંથી નીરજ ચોસલા નામના યુવકને સ્વિમિંગ આવડતું હોવાથી તે કારમાંથી બહાર નીકળી ગયો હતો. એ બાદ તેણે કારના બોનેટ પર ચડી બૂમાબૂમ કરી કારમાં ફસાયેલા કેતન પ્રજાપતિ નામના યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં કાર પાણીમાં ડૂબવા લાગતાં બોનેટ પરનો યુવક સ્વિમિંગ કરીને બહાર નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ત્રણ ફાયર સ્ટેશનની ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી, જેમાં એક કલાકની ભારે જહેમત બાદ ફાયરની ટીમે કેતન પ્રજાપતિને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં ફરજ પર હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. તો ફાયર વિભાગ દ્વારા કારને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. લોકોના કહ્યા મુજબ શોધખોળ શરૂ કરી હતીઃ ફાયર ઓફિસર આ અંગે ઈન્ચાર્જ ફાયર ઓફિસર નિકુંજ આઝાદે જણાવ્યું હતું કે વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગને કોલ મળતાંની સાથે જ તાત્કાલિક વડીવાડી ફાયર સ્ટેશન અને જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. અહીં આવી સ્થળ તપાસ અને આસપાસના લોકોના કહ્યા મુજબ જાણવા મળ્યું કે એક કાર તળાવમાં ખાબકી હતી અને એમાં ચાલક ફસાયો હતો. ભારે જહેમત બાદ અંદરથી એક યુવકને બહાર કાઢ્યો હતો અને તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# 72 વર્ષીય વૃદ્ધને 45 દિવસ ડિજિટલ અરેસ્ટ કર્યા...!

## હું મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી બોલું છું, તમે પોર્નોગ્રાફીનો ધંધો કરો છો, કહી ગઠિયાઓએ 1.60 કરોડ ખંખેર્યા...

વડોદરા | 'હું આનંદ રાણા મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી બોલુ છું. તમે પોર્નોગ્રાફીનો ધંધો કરો છો, તમે 287 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં સામેલ છો. હું તમને ડિજિટલ અરેસ્ટ કરૂ છું અને તમે બહાર કોઈને જાણ કરશો તો તમારી જાનને ખતરો છે' તેમ કહીને સાયબર માફિયાઓએ 72 વર્ષીય વૃદ્ધને 45 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખીને 1.60 કરોડ ખંખેર્યા હતા. આ કિસ્સમાં ભોગ બનનારે માત્ર ફોનકોલ દરમિયાન 1 નંબર દબાવ્યો ને આખો ખેલ શરૂ થયો હતો.



**શરૂઆતમાં કોલ પર કેસેટ બોલી રહી હતી :** મૂળ મુંબઈના અને વડોદરામાં રહેતા વડોદરા શહેરમાં રહેતા 72 વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝને વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત 15 સપ્ટેમ્બરના રોજ હું મારા ઘરે હતો.
તે દરમિયાન મને અજાણ્યા મોબાઈલ નંબરથી ફોન આવ્યો હતો અને તે ફોન TRAIમાંથી બોલું છું, તેમ જણાવ્યું હતું. તેમાં કેસેટ બોલતી હતી કે, તમે રાષ્ટ્રવિરોધી કોઈ કામ ન કર્યું હોય તો 1 દબાવો, જેથી મેં 1 દબાવ્યું હતું.

**ફોન બાદ અચાનક વીડિયો લોક આવ્યો :** ત્યારબાદ મને જણાવ્યું હતું કે, તમારી સામે મુંબઈના અંધેરી વેસ્ટના ગણેશનગરથી ફરિયાદ થઈ છે અને તમે પોર્નોગ્રાફીનો ધંધો કરો છો. જેથી મેં કહ્યું હતું કે, હું આવા કોઈ ધંધા કરતો નથી. તો મને તેઓએ કહ્યું હતું કે, તમે મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં જઈને અરજી કરો,
પરંતુ મેં તેને કહ્યું હતું કે હું ચાલી શકતો નથી. તો તેઓએ મને કહ્યું હતું કે, હું તમારો ફોન મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં કનેક્ટ કરાવુ છું.
બાદમાં મારો ફોન બીજા કોઈ અજાણ્યા મોબાઈલ નંબર સાથે કનેક્ટ કર્યો હતો અને પછી અચાનક વીડિયો કોલ ચાલુ થઈ ગયો હતો.

**વ્હોટ્સએપ મારફતે અરેસ્ટ વોરંટ પણ મોકલ્યું :** આ સમયે સામેવાળો મને જોઈ શકતો હતો, પરંતુ હું તેને જોઈ શકતો ન હતો. તેને મને કહ્યુ હતુ કે, હું આનંદ રાણા મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી બોલુ છું. તમે 287 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં સામેલ છો અને હું તમને ડિજિટલ એરેસ્ટ કરૂ છું.
જો તમે બહાર કોઈને જાણ કરશો તો તમારી જાનને ખતરો છે, તેમ કહી મને ડરાવવા લાગ્યો હતો.
મારી પાસે મારા તમામ બેંક ખાતાની માહિતી માંગી હતી, જેથી મેં મારા બેંક ખાતાઓની માહિતી આપી હતી. સાથે મને વ્હોટ્સએપ મારફતે અરેસ્ટ વોરંટ પણ મોકલ્યું હતું.

### આ પ્રકારના સ્કેમથી બચવા માટે શું કરી શકાય?

- જ્યારે આ પ્રકારનો કોલ મળે છે, ત્યારે તુરંત જ 1930 પર કોલ કરો અને સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો જોઈએ. આ સાથે કોઈપણ પોલીસ આ રીતે ડાયરેક્ટ ક્યારેય કોઈપણ વ્યક્તિનો સંપર્ક કરતી નથી. આ પ્રકારની ઘટનામાં ક્યારેય પણ ભયમાં મુકાયા વગર સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો જોઈએ અને આવા ઠગબાજોથી બચવું જોઈએ.
- કોઈપણ વ્યક્તિ જ્યારે નકલી પોલીસ ઓફિસર બનીને તમને વ્હોટ્સએપ કોલ કરે છે ત્યારે તમારે ખાસ કરીને ચેતી જવું જોઈએ અને તેઓને કહેવાનું કે, તમે જ્યાં છો અમે ત્યાં આવીએ છીએ, ત્યારે તેઓ સામેથી કોલ કાપી દેશે.
- જ્યારે તમારૂ કુરિયર આવ્યું છે અને તેમાં ડ્રગ્સ છે, એવો કોઈપણ કોલ આવે તો તે બાબતે ધ્યાન ન આપવું જોઈએ. આ સાથે જ જે ઠગ છે તેઓ કોઈપણ લિંક કે સ્કાઈપ જેવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવે તો તે ન કરવું જોઈએ.
- જ્યારે ઠગબાજ તમારું આધારકાર્ડ અને પાનકાર્ડ માગે તો તેઓને ન આપવું જોઈએ, વીડિયો KYCમાં ક્યારેય પણ તમારો ચહેરો ન બતાવો જોઈએ.
- આવો કોલ આવે છે ત્યારે તેઓની તમામ માહિતી ભેગી કરી 1930 પર કોલ કરી તુરંત જાણ કરવી જોઈએ.
- જ્યારે સાયબર ગઠિયાઓ તમને ઠગે તે પહેલા થયેલી ચેટ મોકલેલા ફોટોઝ જે કંઈ પૂરાવા હોય તેનો સ્ક્રીનશોટ લઈ રાખવો જોઈએ, જેથી તેઓ ડિલીટ કરે તો આપણે પોલીસને જાણ કરી શકીએ.

## વડોદરા અને મહેસાણામાં ટોલ મુદ્દે વાહનચાલકોનું વિરોધ પ્રદર્શન...

**(એજન્સી) વડોદરા | તા. 21**

રાજ્યના વડોદરા હાલોલ અને મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા મેવડ ટોલનાકા પર ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા ટોલનો વિરોધ કરવામાં આવ્યો છે. આ રસ્તા બનાવવા પાછળ થયેલા ખર્ચ કરતા વધુની રકમનો ટોલ ટેક્સ વસૂલી લીધો હોવા છતા ટોલની ઉઘરાણી સામે ટ્રક અને બસના ચાલકોએ રોષ વ્યકત કર્યો છે. હવે આ ટોલનાકા પરથી પસાર થવાના બદલે ટોલ નાકા ન હોય તેવા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો નિર્ણય કરાયો છે અને વાહનચાલકોને તે બાબતે જાગૃત કરવા પેમ્પલેટ પણ વહેંચ્યા હતા. વડોદરા-હાલોલ હાઈવે પર તો ટ્રકચાલકોએ રસ્તા પર બેસી વિરોધ નોંધાવતા ટ્રાફિકજામના દ્દશ્યો સર્જાયા હતા. જો કે, પોલીસને તેઓને રસ્તા પરથી દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

## ભુજની કાર્બન ફેકટરીમાં આગ ભભૂકી : સદનસીબે જાનહાનિ ટળી

કચ્છ | ભુજ તાલુકાના દેશલપર ગામ નજીક આવેલી કેબી એક્ટિવ નામની કાર્બન કંપનીમાં ગત રાત્રીના 11.30ની આસપાસ કોઈ કારણોસર આગ લાગી ઉઠી હતી. આગની જાણ થતાં જ ભુજ ફાયર વિભાગનું ફાયર ફાયટર ઘટનાસ્થળે દોડી ગયું હતું અને આગ ઉપર સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. સદભાગ્યે ઘટનામાં જાનહાની ટળી હતી, પરંતુ કંપનીમાં માલસમગ્રી બળી જતા મોટું આર્થિક નુકસાન થયું હતું.

# ફૂટબોલની માફક યુવક હવામાં ફંગોળાતા મોત

**(એજન્સી) સુરત | તા. 21**

સુરતના અડાજણ વિસ્તારમાં ભૂલકા વિહાર શાળા પાસે 6 દિવસ પહેલાં થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ યુવકનું છ દિવસ બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.25 વર્ષીય રાજેશ રાત્રે 3 વાગ્યે પોતાની સ્પોર્ટ્સ બાઈક પર ટ્રિપલ સવારીમાં ફુલ સ્પીડે પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન તેમનો કાર સાથે અકસ્માત થયો હતો. સ્પોર્ટસ બાઈકની સ્પીડ એટલી જોરદાર હતી કે, બાઈક ચલાવનાર યુવક ઉછળીને 10 ફૂટ દૂર પડ્યો હતો જ્યારે અન્ય બે યુવકો નીચે પટકાયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. દ્રશ્યોમાં દેખાય છે કે કાર રોડ ક્રોસ કરી રહી



હતી, અને તે જ સમયે બાઈક પૂરઝડપે આવી અને ધડાકાભેર કાર સાથે અથડાઈ. અથડામણ એટલી જોરદાર હતી કે બાઈકમાં પાછળ બેસેલો યુવક લગભગ 10 થી 20 ફૂટ દૂર ફંગોળાઈ ગયો હતો. બાકી બે યુવકો બાઈક સાથે જ રોડ પર પટકાઈ ગયા હતા. આ અકસ્માતમાં કાર પણ ઉંચી ઉડી ગઈ હતી.
અકસ્માત બાદ તાત્કાલિક રીતે ત્રણેય યુવકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ રાજેશને સૌથી ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેનાથી તે 6 દિવસ સુધી મૃત્યુ સાથે સંઘર્ષ કરતો રહ્યો. સારવાર દરમિયાન આજે તેનું મૃત્યુ થયું છે. રાજેશ રાઠોડ 25 વર્ષના હતા અને મજૂરી કામ કરતા હતા. ચાર ભાઈઓ અને માતા સાથે જીવન વિતાવતા રાજેશે પરિવાર માટે ખુબ મહેનત કરી હતી. તેમના સ્વજન સન્ની રાઠોડે જણાવ્યું કે, "રાજેશ રાત્રે 3 વાગ્યે કામથી પરત ફરી રહ્યો હતો. અમે આ ઘટના પર વિશ્વાસ કરી શકતા નથી." આ દુર્ઘટનાના પગલે અડાજણ પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. ટ્રિપલ સવારી અને બાઈકની ઝડપી ગતિએ ચાલવામા આવેલા આ અકસ્માતે નિયમોની અવગણનાના જોખમોને વધુ સ્પષ્ટ બનાવ્યા છે.


This is a public announcement for information purposes only and is not a prospectus announcement and does not constitute an invitation or offer to acquire, purchase or subscribe to securities.Not for release, publication or distribution directly or indirectly, outside India.
INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE MAIN BOARD OF THE STOCK EXCHANGES IN COMPLIANCE WITH CHAPTER II OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR Regulations").

PUBLIC ANNOUNCEMENT

(Please scan this QR Code to view the DRHP)

GSP

GSP CROP SCIENCE LIMITED

Our Company was originally incorporated as *"Gujarat Superphosphate Industries Private Limited"* as a private limited company under the Companies Act, 1956 through a certificate of incorporation dated February 12, 1985 issued by the Registrar of Companies, Gujarat at Ahmedabad ("**RoC**"). The name of the Company was thereafter changed to *"GSP Crop Science Private Limited"* and a fresh certificate of incorporation dated September 19, 2003 was issued by the RoC. The name of the Company was thereafter changed to *"GSP Crop Science Limited"* upon conversion to a public limited company pursuant to a Board resolution dated September 26, 2024, a special resolution passed in the extraordinary general meeting of the Shareholders held on October 7, 2024, and consequently a fresh certificate of incorporation dated November 6, 2024, was issued by the RoC to reflect the change in name. For further details, see ***"History and Certain Corporate Matters – Brief History of our Company"*** on page 271 of the draft red herring prospectus dated December 20, 2024 (the "**DRHP**" or the "**Draft Red Herring Prospectus**")

**Registered and Corporate Office:** 404, Lalita Complex, Rasala Road, Mithakhali Six Road, Navrangpura, Ahmedabad, 380 009, Gujarat, India
**Contact Person:** Kamleshbhai D Patel, Company Secretary and Compliance Officer; **Tel:** +91 79 61915165
**E-mail:** cs@gspcrop.com; **Website:** www.gspcrop.in; **Corporate Identity Number:** U24120GJ1985PLC007641

**OUR PROMOTERS: BHAVESH VRAJMOHAN SHAH, TIRTH KENAL SHAH, VILASBEN VRAJMOHAN SHAH, FALGUNI KENAL SHAH, ALPHA TRUST AND KAPPA TRUST**

**INITIAL PUBLIC OFFERING OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("EQUITY SHARES") OF GSP CROP SCIENCE LIMITED ("OUR COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹ [●] MILLION (THE "OFFER"). THE OFFER COMPRISES OF A FRESH ISSUE OF UPTO [●] EQUITY SHARES BY OUR COMPANY AGGREGATING UPTO ₹ 2,800.00 MILLION (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 6,000,000 EQUITY SHARES (THE "OFFERED SHARES") AGGREGATING UP TO ₹ [●] MILLION (THE "OFFER FOR SALE"), COMPRISING UP TO 2,651,250 EQUITY SHARES AGGREGATING TO ₹ [●] MILLION BY VILASBEN VRAJMOHAN SHAH, UP TO 1,674,375 EQUITY SHARES AGGREGATING TO ₹ [●] MILLION BY BHAVESH VRAJMOHAN SHAH AND UP TO 1,674,375 EQUITY SHARES AGGREGATING TO ₹ [●] MILLION BY KAPPA TRUST (THE "PROMOTER SELLING SHAREHOLDERS"). THE OFFER SHALL CONSTITUTE [●] % OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE OFFER INCLUDES A RESERVATION OF UP TO [●] EQUITY SHARES, AGGREGATING UP TO ₹ [●] MILLION, FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES ("EMPLOYEE RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE [●] % AND [●] %, RESPECTIVELY, OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. OUR COMPANY, IN COMPLIANCE WITH THE SEBI ICDR REGULATIONS, MAY OFFER A DISCOUNT ON THE OFFER PRICE (EQUIVALENT TO ₹ [●] PER EQUITY SHARE) TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION.**

**OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS, MAY CONSIDER ISSUE OF SPECIFIED SECURITIES, AS MAY BE PERMITTED UNDER THE APPLICABLE LAW, AGGREGATING UP TO ₹ 560.00 MILLION, AT ITS DISCRETION, PRIOR TO FILING OF THE RED HERRING PROSPECTUS WITH THE ROC ("PRE-IPO PLACEMENT"). THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, WILL BE AT A PRICE TO BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS. IF THE PRE-IPO PLACEMENT IS COMPLETED, THE AMOUNT RAISED PURSUANT TO THE PRE-IPO PLACEMENT WILL BE REDUCED FROM THE FRESH ISSUE, SUBJECT TO COMPLIANCE WITH RULE 19(2)(B) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED. THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, SHALL NOT EXCEED 20% OF THE SIZE OF THE FRESH ISSUE. PRIOR TO THE COMPLETION OF THE OFFER AND THE ALLOTMENT PURSUANT TO THE PRE-IPO PLACEMENT, OUR COMPANY SHALL APPROPRIATELY INTIMATE THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT, THAT THERE IS NO GUARANTEE THAT OUR COMPANY MAY PROCEED WITH THE OFFER OR THE OFFER MAY BE SUCCESSFUL AND WILL RESULT INTO LISTING OF THE EQUITY SHARES ON THE STOCK EXCHANGES. FURTHER, RELEVANT DISCLOSURES IN RELATION TO SUCH INTIMATION TO THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT (IF UNDERTAKEN) SHALL BE APPROPRIATELY MADE IN THE RELEVANT SECTIONS OF THE RHP AND PROSPECTUS.**

**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹ 10 EACH AND THE OFFER PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. THE PRICE BAND, EMPLOYEE DISCOUNT (IF ANY) AND THE MINIMUM BID LOT SIZE WILL BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF THE [●], AN ENGLISH LANGUAGE NATIONAL DAILY NEWSPAPER WITH WIDE CIRCULATION, ALL EDITIONS OF [●], A HINDI NATIONAL DAILY NEWSPAPER WITH WIDE CIRCULATION, AND [●] EDITIONS OF [●], A GUJARATI LANGUAGE DAILY NEWSPAPER WITH WIDE CIRCULATION (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), AT LEAST 2 WORKING DAYS PRIOR TO THE BID/OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE STOCK EXCHANGES FOR THE PURPOSE OF UPLOADING ON THEIR RESPECTIVE WEBSITES, IN ACCORDANCE WITH THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (THE "SEBI ICDR REGULATIONS").**

In case of any revision in the Price Band, the Bid/ Offer Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company, in consultation with the BRLMs, for reasons to be recorded in writing, extend the Bid / Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid/ Offer Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a public notice and also by indicating the change on the respective websites of the BRLMs and at the terminals of the members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank(s), as applicable.

The Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the "**SCRR**"), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made in accordance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, through the Book Building Process wherein not more than 50% of the Net Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("**QIBs**") (such portion referred to as "**QIB Portion**"), provided that our Company in consultation with the BRLMs, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (the "**Anchor Investor Portion**"), out of which one-third shall be reserved for domestic Mutual Funds only, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the price at which allocation is made to Anchor Investors ("**Anchor Investor Allocation Price**"), in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion (excluding the Anchor Investor Portion) (the "**Net QIB Portion**"). Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors), including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not less than 15% of the Net Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.20 million and up to ₹1.00 million; and (b) two third of such portion shall be reserved for applicants with application size of more than ₹1.00 million provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Investors and not less than 35% of the Net Offer shall be available for allocation to Retail Individual Investors ("**RIBs**") in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. Further, Equity Shares will be allotted on a proportionate basis to Eligible Employees applying under the Employee Reservation Portion, subject to valid Bids received from them at or above the Offer Price (net of Employee Discount, if any). All potential Bidders (except Anchor Investors) are required to mandatorily use the Application Supported by Blocked Amount ("**ASBA**") process providing details of their respective ASBA accounts, and UPI ID in case of UPI Bidders, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as applicable, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, see ***'Offer Procedure'*** on page 461 of the DRHP.

This public announcement is made in compliance with the provisions of Regulation 26(2) of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing to undertake, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares pursuant to the Offer and has filed the DRHP with SEBI on December 20, 2024.

Pursuant to Regulation 26(1) of the SEBI ICDR Regulations, the DRHP filed with SEBI shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the websites of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges i.e., BSE at www.bseindia.com, NSE at www.nseindia.com,where the equity shares are proposed to be listed and on the website of the Company at www.gspcrop.in and the websites of the book running lead managers to the Offer i.e. Equirus Capital Private Limited at www.equirus.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com. Our Company hereby invites the public to give comments on the DRHP with SEBI with respect to disclosures made in the DRHP. The public is requested to send a copy of the comments sent to SEBI, to the Company Secretary and Compliance Officer of our Company and the BRLMs at their respective addresses mentioned herein. All comments must be received by SEBI, the Company and/or the BRLMs and/or the Company Secretary and Compliance Officer of our Company in relation to the Offer on or before 5:00 p.m. on the 21st day from the aforesaid date of filing the DRHP with SEBI.

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 32 of the DRHP.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be made after the red herring prospectus ("**RHP**") has been filed with the RoC and must be made solely on the basis of such RHP as there may be material changes in the RHP from the DRHP. The Equity Shares, when offered, through the RHP, are proposed to be listed on the National Stock Exchange India Limited and BSE Limited (collectively "**Stock Exchanges**").

The liability of the members of our Company is limited by shares. For details of the main objects of our Company as contained in its memorandum of association, see "***History and Certain Corporate Matters***" on page 271 of the DRHP.

For details of the share capital and capital structure of our Company and the names of the signatories to the memorandum of association and the number of shares of our Company subscribed by them, see "***Capital Structure***" on page 92 of the DRHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | REGISTRAR TO THE OFFER |
|---|---|---|
| equirus | MOTILAL OSWAL INVESTMENT BANKING | LINK Intime |
| **Equirus Capital Private Limited**<br>12th Floor, C Wing, Marathon Futurex,<br>N.M. Joshi Marg, Lower Parel,<br>Mumbai – 400013 Maharashtra, India<br>**Tel.:** +91 22 43320736<br>**E-mail:** gspcrop.ipo@equirus.com<br>**Website:** www.equirus.com<br>**Investor grievance e-mail:**<br>investorsgrievance@equirus.com<br>**Contact person:** Malay Shah<br>**SEBI Registration Number:** INM000011286 | **Motilal Oswal Investment Advisors Limited**<br>Motilal Oswal Tower, Rahimtullah Sayani Road<br>Opposite Parel ST Depot, Prabhadevi,<br>Mumbai- 400 025 Maharashtra, India<br>**Tel:** + 91 22 7193 4380<br>**E-mail:** gspcrop.ipo@motilaloswal.com<br>**Investor Grievance ID:**<br>moiaplredressal@motilaloswal.com<br>**Contact Person:** Kunal Thakkar<br>**Website:** www.motilaloswalgroup.com<br>**SEBI Registration Number:** INM000011005 | **Link Intime India Private Limited**<br>C 101, 1st Floor, 247 Park<br>Lal Bahadur Shastri Marg, Vikhroli (West)<br>Maharashtra, India 400083<br>**Tel:** +91 810 811 4949<br>**E-mail:** gspcrop.ipo@linkintime.co.in<br>**Website:** www.linkintime.co.in<br>**Investor grievance e-mail:**<br>gspcrop.ipo@linkintime.co.in<br>**Contact person:** Shanti Gopalkrishnan<br>**SEBI Registration No.:** INR000004058 |

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.

**For GSP CROP SCIENCE LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Kamleshbhai D Patel**
**Company Secretary and Compliance Officer**

**Place** : Ahmedabad, Gujarat
**Date** : December 21, 2024

**GSP CROP SCIENCE LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the DRHP with SEBI on December 20, 2024. The DRHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e., BSE at www.bseindia.com and NSE at www.nseindia.com and is available on website of the Company i.e. www.gspcrop.in, websites of the BRLMs, Equirus Capital Private Limited at www.equirus.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section entitled "***Risk Factors***" on page 32 of the DRHP and the details set out in the RHP, when filed. Potential investors should not rely on the DRHP for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1993, as amended ('**U.S. Securities Act**') or any other applicable law of the United States. Accordingly, the Equity Shares are being offered and sold outside of the Unites States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where such offers and sales are made.

CONCEPT

# મોબાઈલના વળગણને કારણે આંખના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો

## ચિંતાજનક વધારો..

### બાળકોને મોબાઈલથી નિશ્ચિત સમય બાદ દૂર રાખવાની તાતી આવશ્યકતા

(એજન્સી) ભાવનગર । તા. 21

મોબાઈલ અને કોમ્પ્યુટરનો ઉપયોગ ચિંતાજનક રીતે વધતા ગોહિલવાડના નાગરિકોમાં પણ આંખોની બીમારી ઝડપથી વધી રહી છે.આ સાથે નાની વયના બાળકોમાં પણ ચશ્માના નંબર આવવાનુ વધ્યું છે. સ્થાનિક સરકારી અને વિવિધ ખાનગી હોસ્પિટલોમાં આંખના દર્દીઓની વધી રહેલ સંખ્યા તેનો પૂરાવો છે. ભાવનગર શહેર અને જિલ્લાભરમાં નાની વયના બાળકોથી લઈને શાળા, કોલેજના છાત્રો, ગૃહિણીઓમાં મોબાઈલ થકી સોશિયલ મીડિયાનું આકર્ષણ દિન પ્રતિદિન વધી રહ્યું છે તેના આંખના દર્દીઓ પણ એટલીં જ વધી રહ્યા છે. ભાવનગર શહેરની સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ઉપરાંત સ્થાનિક વિવિધ



વિસ્તારોમાં આવેલ ટ્રસ્ટ તેમજ ખાનગી હોસ્પિટલોમાં આંખના દર્દીઓની સંખ્યામાં દિન પ્રતિદિન ચિંતાજનક પ્રમાણમાં વધારો નોંધાઈ રહ્યો છે. નિષ્ણાંત તબીબોના અભિપ્રાય મુજબ મોબાઈલના કારણે આંખોને ખૂબ નુકસાન થતું હોય છે. લોકોએ મોબાઈલના ઓન સ્ક્રીન કેટલો સમય રહેવું તેની મર્યાદા નક્કી કરી લેવી જોઈએ અને ખાસ કરીને બાળકોને નિશ્ચિત સમય પછી મોબાઈલથી દૂર રાખવા જરૂરી છે.

### મોતિયો મોટી ઉંમરે જ આવે તે માન્યતા ખોટી છે...

સામાન્ય રીતે મોતીયો એટલે મોટી ઉંમરે થતી આંખની બિમારી એ માન્યતા પણ હવે ખોટી સાબીત થઈ રહી છે. મોબાઈલના યુગમાં હવે તો મોતીયો નાના બાળકોને પણ આવી શકે છે અને તેની સર્જરી પણ નાજુક હોય છે. સદનશીબે આધુનિક સાધનો, તબીબી જ્ઞાન તેમજ અદ્યતન હોસ્પિટલની સુવિધાના કારણે આવા ઓપરેશન પણ થઈ શકે છે. શહેરની એક ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત તબીબ દ્વારા તાજેતરમાં ઉમરાળામાં રહેતા એક શ્રમજીવી પરિવારની માત્ર સાત વર્ષની દિવ્યાંગ દિકરીનું મોતીયાનું ઓપરેશન સફળતાપુર્વક કરવામાં આવ્યુ હતુ.

---

## છેલ્લા 15 વર્ષથી વીજ બિલ ભરવાનું બાકી

# ખંભાત પાલિકાએ પાણી પુરવઠાનું 12 કરોડનું વીજ બિલ ભર્યું નથી



### બિલ ભરવા માટે સરકારમાં લોન માટે દરખાસ્ત કરાઈ : કનેવાલ તળાવથી ખંભાતમાં મીઠું પાણી પહોંચાડવા 3 મોટરો કાર્યરત

(એજન્સી) આણંદ । તા. 21

ખંભાત નગરપાલિકા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી પાણી પુરવઠા વિભાગનું રૂ.૧૨ કરોડથી વધુનું વીજ બિલ ભરવામાં આવ્યું નથી. પરિણામે આણંદ જિલ્લામાં બોરસદ પાલિકા બાદ ખંભાત પાલિકા દ્વારા વીજ બિલ માટે લોન લેવા સરકારમાં દરખાસ્ત કરી છે. તારાપુરના કનેવાલ તળાવથી ખંભાતમાં મીઠુ પાણી પુરૂ પાડવામાં આવે છે. જે માટે ૨૦૦ હોર્સપાવરથી વધુ કાર્યક્ષમતાની ૩ મોટરો લગાવવામાં આવી છે. ખંભાત અરબી સમુદ્રના કિનારે વસેલું હોવાથી નગરમાં મીઠા પાણીની સમસ્યાઓ સર્જાય છે. વર્ષ ૨૦૦૭માં કનેવાલ તળાવથી મીઠા પાણીની પાઈપલાઈન નાખવામાં આવી હતી. આ પાઈપલાઈન મારફતે તળાવથી ખંભાત સુધી પાણી પહોંચાડવા માટે અંદાજે ૨૦૦ એચપીથી વધુ કાર્યક્ષમતા ધરાવતી ૩ મોટરો બેસાડવામાં આવી છે.

જે રોજના ૮થી ૧૦ કલાક ચાલતી હોય છે. આ પાણી ખંભાતના નારેશ્વર તળાવ નજીક સ્ટોરમાં જમા થાય છે. ત્યાંથી ફિલ્ટર થયા બાદ મોટર દ્વારા શહેરના ૩ જૂદા જૂદા વોટર વર્ક્સ વિભાગમાં પહોંચાડવામાં આવે છે. જ્યાંથી આખા નગરમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. ખંભાત નગરપાલિકામાં આયોજનના અભાવના કારણે આર્થિક સ્થિતિ કફોડી બની હોવાના આક્ષેપ લાગ્યા છે. પાલિકાના વિપક્ષના નેતા નીતિનભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, પાલિકામાં હાલ પાણી પુરવઠા વિભાગમાં અંદાજે ૧૨ કરોડથી વધુ રકમનું બિલ બાકી પડી રહ્યું છે. તેમ છતાં પાલિકા દ્વારા બિલ ભરવામાં ન આવતા નગરજનોને ભવિષ્યમાં મીઠાના પાણીની તંગી સર્જાઈ શકે તેમ છે. પાલિકાના ચીફ ઓફિસર કૃણાલ પટેલે જણાવ્યું હતુ કે, હું ખંભાતમાં ચાર્જમાં છું, લાઈટ બિલ અંદાજે ૧૨ કરોડથી વધુ બાકી છે.

---

# 22 ફેબ્રુઆરીએ વેરાવળ-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન દોડશે

(એજન્સી) ભાવનગર । તા. 21

ભાવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૦૯૫૯૧ વેરાવળ-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વેરાવળથી ૨૨.૨૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૪.૪૫ કલાકે બનારસ પહોંચશે. તેવી જ રીતે, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રેન નંબર ૦૯૫૯૨ બનારસ-વેરાવળ મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯.૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે વેરાવળ ૦૯.૦૦ કલાકે પહોંચશે. આ ટ્રેન દોડશે. આ ટ્રેન બંને દિશામાં રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાણી, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગરા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૯૧ માટે બુકિંગ ૨૪મી ડિસેમ્બરને મંગળવારથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરુ થશે.

---

## ગુજરાત ભાજપને મોટો ઝટકો

# પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજીત સિંહની કોંગ્રેસમાં ‘ઘરવાપસી’, એક વર્ષમાં મોહભંગ

(એજન્સી) મહુધા । તા. 21

મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજિતસિંહ પરમારનો ભાજપ પ્રત્યે મોહભંગ થયો છે. એક વર્ષ પૂર્ણ થયું છે, ત્યારે ઈન્દ્રજિતસિંહ પરમારે ભાજપને અલવિદા કરી પુનઃ કોંગ્રેસમાં જોડાયા છે.



સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે જ પૂર્વ ધારાસભ્યની ઘરવાપસી થઈ છે. હજુ ઘણાં દિગ્ગજ નેતાઓ ભાજપનો કેસરી ખેસ ઉતારે તેવી સંભાવના છે. લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના કેટલાંય નેતાઓએ પક્ષની વંડી ઠેકીને કમલમ તરફ દોટ માંડી હતી. તે વખતે મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે પણ સમર્થકો સાથે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. જો કે, ઘણાં ટૂંકા સમયમાં જ ઈન્દ્રજિતસિંહ પરમારનો ભાજપ પ્રત્યેનો મોહભંગ થયો હતો.મહુધા-ડાકોર રોડ પર મિર્ઝાપુર ખાતે કોંગ્રેસનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સહપ્રભારી રામકિશન ઓઝા ઉપરાંત વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ ઈન્દ્રજિતસિંહ પરમારને ખેસ પહેરાવી કોંગ્રેસમાં આવકાર્યા હતાં. ઈન્દ્રજીતસિહ પરમારે જાહેરમાં એ વાતની કબૂલાત કરી હતી કે, ભાજપ દ્વારા ધમકી આપવામાં આવી હતી, જેના કારણે તે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

### ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર અસર થશે

આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે, ત્યારે પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમાર જ નહીં, હજુ ઘણાં નેતાઓ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતા જોવાઈ રહી છે. આ કારણોસર ખેડા જિલ્લામાં પંચાયત-પાલિકાની ચૂંટણી પર તેનો પ્રભાવ પડશે તેવો કોંગ્રેસી નેતાઓને આશાવાદ છે.

---

## વિદેશમાં નોકરી કરવાનું ભરતનગરના યુવાનનું સપનું રોળાયું

# યુ.કે.માં નોકરી-વિઝા અપાવવાના બહાને ભાવનગરના યુવક સાથે રૂા.૨૧ લાખની ઠગાઈ

(એજન્સી) ભાવનગર । તા. 21

યુકેમાં નોકરી મેળવી ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્ન જોવા જતાં ભાવનગરના યુવકનો યુવક વિઝા કન્સ્લટન્ટ કંપનીની ઠગાઈનો ભોગ બન્યો છે. યુકેમાં નોકરી તેમજ વિઝા અપાવવાના બહાને અમદાવાદમાં બ્રાન્ચ ધરાવતી બેંગ્લોરની કંપનીના સંચાલકોએ આશા્પદ યુવક પાસેથી કટ-કટકે રૂા. ૨૧ લાખ ખંખેરી લીધા હતા. જ્યારે વિઝ વર્ક પરમિટ સહિત રૂ.૨૨ લાખ નો ખર્ચથશે તેમ જણાવ્યુ હતું. જે અંગે યુવકે સંત થઈ તેમના પિતાના બેંક એકાઉન્ટમાંથી રૂા. ૩ લાખનો ચેક અને એગ્રીમેન્ટ મોકલી આપ્યા હતા. જેના બદલામાં યુવકને તા.૩૦ ઓક્ટોબર, ૨૦૨૩ સુધીમાં નોકરીનો પત્ર, વિઝા અને ટિકિટ મળી જશે વિઝા કન્સ્લટન્ટ કંપની દ્વારા જણાવાયુ હતું. જો કે, કંપનીએ તા.૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યુવકના નામનો સટેક પાર્ક કેર હોમ કંપનીનો સિનિયર કેર વર્કર તરીકેનો ડ્રાફ્ટ મોકલી બાકી રહેતી રકમ રૂા.૧૯ લાખ મોકલી આપવાનું જણાવ્યું હતું. જેના પગલે યુવકે તેમના પિતા અને તેમના પત્નીના બેન્ક ખાતામાંથી અલગ અલગ ચેક મળી કુલ રૂા.૧૯ લાખ મોકલી આપ્યા હતા, આથી કંપનીએ તા.૧૫ નવેમ્બર,૨૦૨૩ સુધીમાં ફાઈનલ નિમણૂક પત્ર અને વિઝા મળી જશે તેમ જણાવ્યું હતું આમ છતાં કોઈ કાર્યવાહી ન થતાં યુવક અમદાવાદ ખાતે આવેલ કંપનીની ઓફિસે દોડી ગયો હતો જ્યાં કંપનીના કર્મચારી સૌરભ શાહ મારફત તેમના ડાયરેક્ટરો સાથે વાત પણ કરી હતી ત્યારે કંપનીના ડાયરેક્ટરોએ તમારૂ કામ થઈ શક્યું નથી તેમ જણાવી તમારા ૨૨ લાખ રૂપિયા ૯૦ દિવસમાં પરત આપી દેવાની ખાત્રી આપી હતી. સાથે જ રકમ પરત મેળવવા માટે ઈમેલ કરવા જણાવતા યુવકે ઈમેલ પણ મોકલ્યો હતો. ડાયરેક્ટરોએ યુવકના પિતાના ખાતામાં રૂા.એક લાખ ટ્રાન્સફર કરાવી આપ્યા હતા જ્યારે બાકી રહેતી રૂ.૨૧ લાખની રકમ આજ દિવસ સુધી પરત કરી ન હતી. બાદમાં તપાસ કરતાં અમદાવાદ સ્થિત બ્રાન્ચ પણ બંધ હોવાનું જણાતાં યુવકે પોતે છેતરપિંડીનો ભોગ બન્યા વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત સહિતની કલમ અન્વયે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## ચુડવાની કંપનીમાં લોડર ખાડામાં પડી જતા ચાલકનું મોત

(એજન્સી) ગાંધીધામ । તા. 21

પૂર્વ કચ્છમાં અપમૃત્યુના ત્રણ બનાવ સામે આવ્યા છે. જેમાં ગાંધીધામ તાલુકાના ચુડવા ખાતે લોડર ખાડામાં પડી જતા ચાલક યુવાનનું મોત થયું હતું.તો બીજી બાજુ લાકડીયામાં વીજલાઈનના તાર ને ટ્રક અડી જતા ચાલકને કરંટ લાગતા મોત થયુ હતુ અને આદીપુરમાં યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધું હતુ. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામનાં ચૂડવા ગામની સીમમાં આવેલી શંકર વુડલેન્ડ કંપનીમાં બનાવ બન્યો હતો. જેમાં ૨૧ વષય અમીત મનચુંર નિંગાર નામનો યુવાન કંપનીમાં લોડર ચલાવતો હતો ત્યારે લોડર ખાડામાં પડી જવાથી યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં તેનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતુ.

---

## દેશભરમાંથી રખડતા-ભટકતા કચ્છ આવી પહોંચ્યા હતા

# રામદેવ સેવાશ્રમે 1851 માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડયા

(એજન્સી) ભુજ । તા. 21

દેશભરમાંથી રખડતા ભટકતા કચ્છ આવી પહોંચેલા ૧૮૫૧ માનસિક દિવ્યાંગોને ભુજ નજીક પાલારા ખાતે આવેલા રામદેવ સેવાશ્રમે ઘર સુધી પહોંચતા કર્યા છે. દેશભરના માનસિક વિકલાંગો માટે ઘરનું બીજું સરનામું એટલે ‘રામદેવ સેવાશ્રમ’ એમ કહેવામાં પણ જરાય ખોટું નથી. માનવ સેવાની મિશાલ સમાન આ સંસ્થા વર્તમાનમાં ૭૦ માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોની સારવાર કરે છે.



રામદેવ આશ્રમના સેવાભાવી પ્રબોધભાઈ જણાવે છે કે, સંસ્થામાં માનસિક વિકલાંગોને પરિવારના દિકરા-દિકરી, વડીલ તથા પરિવારના સભ્યની જેમ સાચવવામાં આવે છે. રોજ તેમને સ્નાન કરાવવું, વસ્ત્રો પહેરાવવા, હજામત કરાવવી વગેરે સેવા સાથે ત્રણ ટાઈમ ભોજન પીરસવામાં આવે છે. આ ઉપરાંત તેમના શારીરિક અને માનસિક વિકાસ માટે કસરત, યોગા, રમત-ગમત વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. ટીવીના જ્ઞાનવર્ધક કાર્યક્રમો બતાવવામાં આવે છે, ગીત ગાવા, વાજિંત્રો વગાડવા વગેરે કરાવાય છે જેથી તેઓનું મગજ શાંત અને સ્વસ્થ રહે.

પોલીસ તંત્રની મદદથી તેમના પરિવારને શોધવામાં આવે છે. પરિવારજનો કચ્છ સુધી તેમને તેડવા આવે છે ત્યારે અમુક મહિનાઓ કે ૫,૧૦,૧૫,૨૦કે ૩૫ વર્ષ મિલન થતું હોવાથી ભાવભર્યા દ્રશ્યો સર્જાય છે. પરિવારે જેની આશા છોડી દિધી હોય તેવો સભ્ય જીવિત મળી આવે ત્યારે પરિવારની ખુશી બેવડાઈ જાય છે. ૬ વર્ષના ગાળામાં આ આશ્રમ સ્થળેથી ૧૮૫૧ માનસિક દિવ્યાંગો સ્વસ્થ બની અન્ય રાજ્યોમાં પોતાના વતન-ઘર સુધી પહોંચ્યા છે. રામદેવ સેવાશ્રમની સ્થાપના પહેલાની વાત કરીએ તો ટાંચા સાધનો અને સંસ્થાના એક રૂમના આશ્રયની મદદથી છેલ્લા ૨૦ વર્ષમાં માનવ જ્યોત સંસ્થાએ ગુમ થયેલા ૩૦૬૧ લોકોને તેમના પરિવાર સુધી પહોંચતા કર્યા છે. જેમાંથી ૧૮૫૧ રસ્તે ભટકતા માનસિક દિવ્યાંગો હતા. ઉપરાંત ૪૮૫ દિવ્યાંગોને ટ્રાયસિકલ અર્પણ કરી માર્ગો પર ફરતા કર્યા છે.

---

## આરોગ્ય ટીમોએ ગામમાં સર્વે હાથ ધર્યો

# ચંદ્રાલા ગામમાં પાણીજન્ય કમળાનો રોગચાળો

### ગામમાં 10 થી 15 વર્ષની ઉંમરના 14 બાળકોને કમળાની અસર

(એજન્સી) ગાંધીનગર । તા. 21

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામમાં ગઈકાલે નવ જેટલા વ્યક્તિઓને કમળો થયો હોવાની વાત સામે આવી હતી જેના પગલે સ્થાનિક આરોગ્યની ટીમ દ્વારા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦થી ૧૫ વર્ષના કુલ ૧૪ જેટલા બાળકોને પણ કમળાની અસર હોવાનું સામે આવ્યું હતું. આ તમામને શંકાસ્પદ કમળાના દર્દીઓ ગણીને તેમને સઘન સારવાર આપવામાં આવી છે તો બીજીબાજુ ગામમાં પણ આગામી દિવસોમાં સર્વે કરીને સ્થિતિનો તાગ મેળવવામાં આવશે. ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામના નવ જેટલા બાળકોને કમળાની અસર હેઠળ સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં અને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી હોવાનું આરોગ્ય તંત્રને ધ્યાને આવતા ગાંધીનગર તાલુકા તથા જિલ્લા આરોગ્યની ટીમોએ ગામમાં ધામા નાંખ્યા હતા અને અલગ અલગ ટીમો બનાવીને ગામમાં આરોગ્યલક્ષી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેમાં ટીમને વધુ ૧૪ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા હતા. આ તમામ દર્દીઓ ૧૦થી ૧૫ વર્ષ વચ્ચેની ઉંમરના એટલે કે, બાળદર્દીઓ જ હોવાનું ધ્યાને આવી રહ્યું છે. જો કે, આ તમામ શંકાસ્પદ કમળાના બાળદર્દીઓને દાખલ કરીને સારવાર આપવી પડે તેવી સ્થિતિ નહીં હોવાની અને હાલ તમામ દર્દીઓ સ્ટેબલ હોવાનો આરોગ્ય તંત્ર દ્વારા દાવો કરવામાં આવે છે.તો બીજીબાજુ વધુ દર્દીઓ પણ આ વિસ્તારમાં મળી શકશે તેવી દહેશત આરોગ્ય તંત્રના નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે જેને પગલે આગામી દિવસોમાં પણ સર્વેની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

### છ ટીમો દ્વારા સર્વેઃગામના સદરીયો રાવલ અને વચલો વાસ પ્રભાવિત

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામમાં ગઈકાલે નવ કેસ અને આજે કુલ મળીને ૧૪ કમળાના બાળદર્દીઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે આ ગામમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી છે. છ મેડિકલ ટીમ દ્વારા સર્વે કરીને કુલ ૩૦૬ ઘરની ૧,૮૬૪ વસ્તીનો સર્વે કરી દેવામાં આવ્યો છે. ખાસ કરીને પાણીજન્ય કમળાના રોગચાવાથી પ્રભાવિક રાવલવાસ, સદરીયોવાસ તથા વચલોવાસ એમ ત્રણ વાસમાં સર્વે કરાયો છે. આગામી દિવસોમાં સમગ્ર ગામના કુલ ૯૦૩ જેટલા ઘરનો સર્વે કરીને ૫,૦૯૩ વસ્તીને આવરી લેવામાં આવશે.

---

# ક્રિમિનલ બાર એસો.ની ચૂંટણીમાં હાઈ વોલ્ટેજ ડ્રામા, રિકાઉન્ટિંગ બાદ ટાઈ

**એક મતનો ખેલ : ચીઠ્ઠી નાંખવાની જગ્યાએ બન્ને ઉમેદવારે સહમતી સાધી 6-6 મહિના માટે પ્રમુખ પદની વહેચણી કરી**

(એજન્સી) ભાવનગર । તા. 21

લોકસભા, વિધાનસભાની ચૂંટણીને પણ આંટી મારી તેવી ભાવનગર વકીલ મંડળની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ક્રિમિનલ બાર એસોસિએશનના પ્રમુખ માટે જે હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો તેને લઈ કોર્ટ પરિસરમાં ભારે ઉન્માદ, ઉત્સાહ અને આતૂરતા ચરમસીમાએ પહોંચી ગઈ હતી. માત્ર એક મતની પાતળી સરસાઈથી વિજેતા ઉમેદવારના પ્રતિસ્પર્ધી ઉમેદવારે રિકાઉન્ટિંગની માંગ કરતા વાવાતવરણ વધુ ઉતેજનાતભર્યું બન્યું હતું. આ પણ અધુરૂં હોય તેમ મોડી સાંજે રિકાઉન્ટિંગ પૂરૂ થયા



બાદ ક્રિમિનલ બાર એસોસિએશનના પ્રમુખ પદે ટાઈ પડી હતી અને એક મતના ખેલે આખા વર્ષની ટર્મના પ્રમુખ પદને છ-છ મહિનામાં વહેચવા ફરજ પાડી હતી.

ભાવનગર બાર રૂમમાં આજે સવારે ૧૦ કલાકે ભાવનગર બાર એસોસિયેશન અને ભાવનગર ક્રિમિનલ બાર એસોસિયેશનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બાર એસોસિયેશનમાં અગાઉથી જ હિમાંશુભાઈ બાલકૃષ્ણભાઈ જોષી પ્રમુખ પદે તેમજ કારોબારી સભ્યો બિનહરીફ થયા હતા. જેથી આજે ઉપપ્રમુખ, મંત્રી, એલ.આર. અને ખજાનચીના હોદ્દેદારો માટે મતદાન થયું હતું. જેમાં નોંધાયેલા ૩૧૦ મતદારમાંથી ૨૨૭ મતદારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન બાદ સાંજે મતગણતરી થતાં સાડા પાંચ વાગ્યા સુધીમાં તમામ વિજેતા ઉમેદવાર જાહેર થઈ ગયા હતા.

### બે-બે પ્રમુખ બન્યાનો ઈતિહાસમાં પ્રથમ દાખલો

ભાવનગર ક્રિમિનલ બાર એસોસિયેશનમાં પ્રમુખ પદ માટે ટાઈ પડતા બન્ને ઉમેદવારે ખેલદિલીની ભાવના દર્શાવી છ-છ માસ માટે પ્રમુખ રહેવાની સંમતિ દર્શાવી હતી. જેથી છ માસની પ્રથમ ટર્મ માટે ધર્મેન્દ્રભાઈ ડાભી અને બીજી ટર્મ માટે શિવભદ્રસિંહ ગોહિલ ક્રિમિનલ બાર એસો.ના પ્રમુખનો હોદ્દો સંભાળશે. ભાવનગર અને ગુજરાતના ઈતિહાસમાં વકીલ મંડળમાં બે-બે પ્રમુખ બન્યા હોય તેવો કદાચિત આ પ્રથમ કિસ્સો છે.


---

## ગાંધીધામમાં બોલાચાલી થતાં યુવાનની કાર સળગાવી

ગાંધીધામ | ગાંધીધામ રહેતા શખ્સે યુવાન સાથે બોલાચાલી કરી અને તેના ૪ મિત્રો સાથે યુવાનની કારનું પીછો કરી કાર રોકવી અને અગાઉ થયેલા ઝગડાનું મનદુઃખ રાખી યુવાનની કાર પર જવલનશીલ પદાર્થ નાખી કાર સળગાવી નાસી જતા કુલ ૫ શખ્સો વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. ગાંધીધામનાં ઓમ સીને પ્લેક્સ સર્કલ પાસે ઈસ્કોન ગાંઠીયાની દુકાન સામે બનાવ બન્યો હતો. જેમાં ગાંધીધામ રહેતા આરોપી અર્જુન ગઢવીએ અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી તેના મિત્રો સાથે મળી ફરિયાદી પાસે આવી ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી હતી.

---

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
ઘરની સુખ-સુવિધાઓ પર ઘણો ખર્ચ થશે, પરંતુ પરિવારના સભ્યોની ખુશીની સરખામણીમાં આ ખર્ચ નજીવા સાબિત થશે. કોઈપણ સમસ્યાનું સમાધાન પણ મળશે.

**વૃષભ (બ,વ,ઉ)**
કેટલાક અનુભવી લોકોના સંગતમાં તમને સકારાત્મક અનુભવો શીખવા મળશે. જે તમને કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ શોધવામાં મદદ કરશે.

**મિથુન (ક,છ,ઘ)**
તમારો આત્મવિશ્વાસ વધારવા માટે સર્જનાત્મકતા પર પણ ધ્યાન આપો. તમને કોઈ સંબંધીના સ્થાનની મુલાકાત લેવાનું આમંત્રણ પણ મળી શકે છે.

**કર્ક (ડ,હ)**
પરિવારને લગતી લાંબા સમયથી ચાલી રહેલી ચિંતા અને તણાવમાંથી તમને રાહત મળશે. વીમા, રોકાણ વગેરે જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વ્યસ્તતા રહેશે.

**સિંહ (મ,ટ)**
તમારો દિવસ શાનદાર રહેશે. તમારું વર્તન બીજાને પ્રભાવિત કરશે. ભવિષ્યના કોઈ કામની તૈયારીઓ પણ શરૂ થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ)**
આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા વ્યક્તિત્વને વધુ પ્રભાવશાળી બનાવી રહી છે. લગ્ન માટે લાયક લોકોને કોઈ સારા સમાચાર મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમે તમારી આસપાસના સંજોગોમાં કેટલાક ફેરફારો અનુભવશો, જે ખૂબ સારા રહેશે અને તમે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેશો.

**વૃશ્ચિક (ન,ય)**
બપોરનો સમય ખૂબ જ અનુકૂળ બની રહ્યો છે, તેથી દિવસની શરૂઆતમાં તમારી દિનચર્યાની રૂપરેખા બનાવો. તમારા રાજકીય સંબંધોને વધુ મજબૂત બનાવો.

**ધન (ભ,ધ,ફ)**
આળસ છોડી દો અને તમારી જવાબદારીઓને ગંભીરતાથી નિભાવો. કેટલાક રાજકીય લોકોને મળવાથી તમારી લોકપ્રિયતામાં વધારો થશે.

**મકર (ખ,જ)**
આજે તમને તમારા કોઈપણ ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં સફળતા મળશે. તેથી, તમારી મહેનત ઓછી ન કરો. બાળકોના ભવિષ્યને લઈને એક યોજના બનાવવામાં આવશે.

**કુંભ (ગ,શ,સ)**
નાણાકીય આયોજન સંબંધિત પ્રવૃત્તિઓ પર તમારું વિશેષ ધ્યાન રાખો. કોઈ મહત્વપૂર્ણ અથવા રાજકીય વ્યક્તિ સાથે લાભદાયક મુલાકાત થશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમને કેટલાક પ્રભાવશાળી અને અનુભવી લોકોને મળવાની અને ઘણા મહત્વપૂર્ણ વિષયો વિશે જાણકારી મેળવવાની તક મળશે. તમારું કાર્ય સરળતાથી પૂર્ણ થશે.

## વિવિધ દેશોમાં સંતુલિત વેપાર કરારો દ્વારા બજારની પહોંચ સુધારવાની કવાયત

# નિકાસને પ્રોત્સાહન આપવા માટે 20 દેશો સાથે નવી વ્યૂહરચના ઘડવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 21




વાણિજ્ય વિભાગ જાન્યુઆરીમાં મોટી બેઠક યોજવાની તૈયારી કરી રહ્યું છે. આ બેઠકમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, ચીન, રશિયા, બ્રિટન, જાપાન, દક્ષિણ કોરિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા સહિતના ૨૦ ફોકસ દેશોમાં એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રોનિક સામાન સહિત ૬ મુખ્ય પ્રોડક્ટ કેટેગરીની નિકાસને પ્રોત્સાહન આપવા માટે એક નક્કર વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે તેમ આ બાબતથી વાકેફ સરકારી સુત્રોએ આ માહિતી આપી હતી. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે નવેમ્બરમાં માલની નિકાસ ઘટીને ૨૫ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. આ ઉપરાંત, ભૌગોલિક રાજકીય તણાવ ચાલુ રહ્યો છે અને પેટ્રોલિયમના ભાવમાં ઘટાડો થયો છે. એકંદરે, એપ્રિલથી નવેમ્બર દરમિયાન ભારતની મર્ચેન્ડાઈઝ નિકાસ ૨૮૪ બિલિયન ડોલર રહી હતી, જે ગયા વર્ષ કરતાં ૨.૧ ટકા વધુ છે. નિકાસ વ્યૂહરચના ઘડતી વખતે એવા દેશો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જ્યાં નિકાસની વધુ સંભાવના છે. આ ઉપરાંત આ દેશોમાં નિકાસ વધારવા માટે નક્કર પગલાંની પણ ભલામણ કરવામાં આવશે. અમે છ ઉત્પાદન ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ જ્યાં અમને લાગે છે કે ભારતમાં ઉત્પાદન અને નિકાસની પૂરતી સંભાવના છે. કુલ વૈશ્વિક આયાતમાં આ ૨૦ દેશોનો હિસ્સો ૬૦ ટકા છે. એ જ રીતે, ઓળખાયેલ છ મુખ્ય ઉત્પાદનો કુલ વૈશ્વિક આયાતમાં બે તૃતીયાંશ કરતાં વધુ હિસ્સો ધરાવે છે. એન્જિનિયરિંગ ગુડ્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઉપરાંત, અન્ય ફોકસ ક્ષેત્રોમાં રસાયણો અને પ્લાસ્ટિક, ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ અને સંલગ્ન ઉત્પાદનો અને કાપડનો સમાવેશ થાય છે. સરકારનો હેતુ આ દેશોમાં સંતુલિત વેપાર કરારો દ્વારા બજારની પહોંચ સુધારવા અને આર્થિક ભાગીદારી દ્વારા રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. આ ઉપરાંત, આ દેશોમાં ભારત દ્વારા સામનો કરવામાં આવતા બિન-વ્યાપારી અવરોધોને દૂર કરવા પર પણ ધ્યાન આપવામાં આવશે. સરકારે ૨૦૩૦ સુધીમાં ૨ ટ્રિલિયન ડોલરની મર્ચેન્ડાઈઝ નિકાસનું લક્ષ્ય નક્કી કર્યું છે.



કામકાજના અંતે ડોલર સામે રૂપિયો ૮૫.૦૨ની સપાટીએ બંધ રહ્યો

# રૂપિયો ઈન્ટ્રાડે તૂટી રૂ. 85.11ના નવા તળિયે પટકાયા બાદ ધીમો સુધારો

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં રેકોર્ડ તેજીને બ્રેક વાગતાં ડોલરના ભાવમાં ટોચ પરથી પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળતાં રૂપિયો તળિયેથી ઉંચકાયો હતો. ડોલરના ભાવ રૂ.૮૫.૦૯ વાળા આજે સવારે રૂ.૮૫.૦૮ ખુલી ઉંચામાં ભાવ રૂ.૮૫.૧૧ની નવી ટોચ બતાવ્યા પછી ઝડપી તૂટી નીચામાં ભાવ રૂ.૮૪.૯૫ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૫.૦૨ રહ્યા હતા. રૂપિયો ડોલર સામે વધી રૂ.૮૪.૯૫ થયા પછી શેરબજારમાં ફરી ગાબડાં પડયાના સમાચાર આવતાં રૂપિયો ફરી તૂટયો હતો અનવે દિવસના અંતે આખરે રૂ.૮૫.૦૨ બંધ રહ્યાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટતાં તેની અસર રૂપિયા પર પોઝીટીવ જોવા મળી હતી. અમેરિકાએ વ્યાજ દર ઘટાડયા પછી બ્રિટન તથા જાપાનની સેન્ટ્રલ બેન્કોને વ્યાજના દર ઘટાડવાના બદલે જાળવી રાખ્યાના સમાચાર આવ્યા હતા. દરમિયાન જાપાનમાં ફુગાવો વધ્યાના સમાચાર પણ આવ્યા હતા. અમેરિકાના ફુગાવાના આવનારા આંકડા પર બજારની નજર રહી હતી. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૮.૫૪ તથા નીચામાં ૧૦૮.૧૦ થઈ ૧૦૮.૨૨ રહ્યાના સમાચાર હતા. ગુરૂવારે ઉંચામાં આ ઈન્ડેક્સ ૧૦૮.૪૧ રહ્યો હતો. આમ ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સમાં ઉંચા મથાળેથી પીછેહટ જોવા મળી હતી અને તેની અસર પણ મુંબઈ કરન્સી બજારમાં દેખાઈ હતી. મુંબઈ બજારમાં ચર્ચાતી વાતો મુજબ આજે આરબીઆઈની કહેવાતી સુચનાથી અમુક સરકારી બેન્કો ઉંચા મથાલે ડોલર વેંચી રહી હતી અને તેના પગલે પણ ડોલરમાં ટોચ પરથી પીછેહટ દેખાઈ હતી. હાલ તુરંત ડોલરના ભાવ નીચામાં રૂ.૮૪.૮૦ તથા ઉંચામાં રૂ.૮૫.૧૫ની વચ્ચે રહેવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા.

# અમેરિકાના શેરબજારો ફરી ઉછળ્યા ડાઉ-જોન્સ ઈન્ડેક્સ 800 પોઈન્ટ ઝડપી ઉંચકાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 21



અમેરિકાના શેરબજારોમાં ફેડરલ રિઝર્વની મિટિંગ પછી આવેલો મંદીનો આંચકો પચાવી શુક્રવારે મોડી સાંજે બજારોમાં પ્રત્યાઘાતી ઝડપી ઉછાળો નોંધાયો હતો. ત્યાં ડાઉ-જોન્સ ઈન્ડેક્સ ૮૧૦ પોઈન્ટ ઉછળી ૪૩ હજારની સપાટી પાર કરી ૪૩૧૫૦ની ઉપર બોલાતો થયાના સમાચાર મળ્યા હતા. અમેરિકામાં બહાર પડેલા ફુગાવાના આંકડામાં ફુગાવાનો વૃદ્ધી દર અપેક્ષાથી ઓછો આવતાં ત્યાં આગળ ઉપર વ્યાજ દરમાં વધુ ઘટાડાની શક્યતા બળવત્તર બનતાં ત્યાંના શેરબજારોમાં ફંડો ફરી દાખલ થયા હતા તથા નીચા મથાળેથી વધતી બજારે ત્યાં મંદીવાળાના વેંચાણો પણ કપાતા જોવા મળ્યા હતા. નાસ્દાક ઈન્ડેક્સમાં ૧.૬૦ ટકાનો તથા એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સમાં ૧.૭૦ ટકાની પ્રત્યાઘાતી તેજી આવ્યાના સમાચાર દરિયાપારથી મોડેથી મળ્યા હતા. આ પૂર્વે ફેડરલ રિઝર્વે એવો સંકેત આપ્યો હતો તે નવા વર્ષમાં વ્યાજ ઘટાડાની ગતી ધીમી પડશે અને આ સંકેતોના પગલે અમેરિકા સહિત વિશ્વના વિવિધ દેશોના શેરબજારો તૂટી ગયા હતા. જોકે શુક્રવારે મોડી સાંજ પછી હવે શેરબજારો બાઉન્સ બેક થતા દેખાયા હતા.

## ક્રેડિટ કાર્ડનું પેમેન્ટ સમયસર નહીં ચૂકવો તો વ્યાજ ચૂકવવું પડશે

નવી દિલ્હી । 2008માં, NCDRCએ ક્રેડિટ કાર્ડના બાકી લેણાં પર 36 ટકા અને 49 ટકા વચ્ચે વ્યાજદર વસૂલવા બદલ બેન્કોની આકરી ટીકા કરી હતી. ગ્રાહક ફોરમે જણાવ્યું હતું કે ભારતીય રિઝર્વ બેંક (RBI) આ પ્રથાને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહી છે. ક્રેડિટ કાર્ડ યુઝર્સ માટે નિરાશાજનક સમાચાર છે, સુપ્રીમ કોર્ટે આજે ક્રેડિટ કાર્ડ પર બાકી વ્યાજને 30% પર સીમિત કરવાના NCDRCના નિર્ણયને રદ કર્યો છે. તે પછી, જો તમે સમયસર ક્રેડિટ કાર્ડની ચુકવણી નહીં કરો, તો તમારે ભારે વ્યાજ ચૂકવવું પડી શકે છે જસ્ટિસ બેલા ત્રિવેદી અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની ખંડપીઠે HSBC vs આવાઝ ફાઉન્ડેશન કેસમાં ચુકાદો આપતાં કહ્યું હતું કે ઉપરોક્ત કારણોને ધ્યાનમાં રાખીને NCDRCનો નિર્ણય બાજુ પર રાખવામાં આવે છે.

# યુનિમેક એરોસ્પેસનો IPO 23 ડિસેમ્બરે ખુલશે


(એજન્સી) નવી દિલ્હી । તા. 21

પ્રારંભિક જાહેર ઓફર એટલે કે યુનિમેક એરોસ્પેસ એન્ડ મેન્યુફેક્ચરિંગ લિમિટેડનો IPO 23 ડિસેમ્બરે ખુલશે. રોકાણકારો આ ઈસ્યુ માટે 26 ડિસેમ્બર સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 31 ડિસેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

કંપની આ ઈસ્યુ દ્વારા કુલ 500 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે કંપનીના હાલના રોકાણકારો 250 કરોડના 31,84,712 શેર વેચી રહ્યા છે. આ સાથે, કંપની 250 કરોડના 31,84,712 નવા શેર જારી કરી રહી છે. જો તમે પણ તેમાં પૈસાનું રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે તેમાં કેટલું રોકાણ કરી શકો છો. યુનિમેક એરોસ્પેસ એન્ડ મેન્યુફેક્ચરિંગ એ IPO પ્રાઈસ બેન્ડ 745-785 પર સેટ કર્યો છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 19 શેર માટે બિડ કરી શકે છે. જો તમે 785ના IPOના ઉપલા પ્રાઈસ બેન્ડ મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,915નું રોકાણ કરવું પડશે. જ્યારે રિટેલ રોકાણકારો મહત્તમ 13 લોટ એટલે કે 247 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1,93,895નું રોકાણ કરવું પડશે. કંપનીએ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) માટે ઈશ્યુનો 50% અનામત રાખ્યો છે. આ સિવાય, 35% શેર રિટેલ રોકાણકારો માટે અનામત છે અને બાકીનો 15% શેર બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટે આરક્ષિત છે.

## ભાવ તૂટવામાં ચાલી રહેલા કમૂરતા મુખ્ય કારણ...આ સપ્તાહે સોના-ચાંદીમાં મોટો ઘટાડો રહ્યો

# સોનું ₹1,545 ઘટીને ₹75,377 થયું, ચાંદી ₹4,843 સસ્તી થઈને ₹85,133 પ્રતિ કિલો



(એજન્સી) નવી દિલ્હી । તા. 21

આ સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ની વેબસાઈટ અનુસાર, ગયા શનિવારે એટલે કે 14 ડિસેમ્બરે સોનું રૂ. 76,922 પર હતું, જે હવે (21 ડિસેમ્બર) ઘટીને રૂ. 75,377 પ્રતિ 10 ગ્રામ પર આવી ગયું છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમત 1,545 રૂપિયા ઘટી ગઈ છે.

### સોનું ખરીદતી વખતે આ 3 બાબતોનું ધ્યાન રાખો

**1. સર્ટિફાઈડ સોનું જ ખરીદો**

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ હંમેશા ખરીદો. સોના પર 6 અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું છે- AZ4524. હોલમાર્કિંગ દ્વારા જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટનું છે.

**2. ક્રોસ કિંમત તપાસો**

બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેની કિંમત ક્રોસ-ચેક કરો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ તેમાંથી જ્વેલરી બનાવવામાં આવતી નથી કારણ કે તે નરમ હોય છે.

# વીઆરએલને એસએન્ડપી પાસેથી વેદાંતા ગ્રુપ માટે રિ-રેટિંગના એક વર્ષમાં ત્રીજી વખત અપગ્રેડ મળ્યું

મુંબઈ । તા. 21

વૃદ્ધિના એક વર્ષ અને બહુવિધ ગ્રુપ-લેવરના રિ-રેટીંગની મજબૂત સ્થિતિ વચ્ચે વેદાંતા રિસોર્સિસ લિમિટેડ (વીઆરએલ)ને 20 ડિસેમ્બરના રોજ એસએન્ડપી ગ્લોબલ તરફથી વધુ એક અપગ્રેડ પ્રાપ્ત થયેલ છે. એજન્સીએ વીઆરએલના કોર્પોરેટ ફેમિલીનું રેટિંગ 'B-'થી અપગ્રેડ કરીને 'B' કર્યું છે. આ સાથે જ વીઆરએલનું રેટિંગ એસએન્ડપી દ્વારા પાંચ સ્થાન સુધારીને ડિસેમ્બર,2023માં જે 'CC' હતું તે હવે ડિસેમ્બર,2024માં 'B' કર્યું છે. એસએન્ડપીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે આ અપગ્રેડ વીઆરએલ દ્વારા વર્ષ 2028ના બોન્ડ માટે તેની સોલિસિટેશન એક્સર્સાઈઝને લઈ સહમતિ સાથે લઘુત્તમ સ્વીકૃતિ પ્રાપ્ત કરવામાં આવી ત્યારબાદ આવેલ છે. આર્થિક વ્યવહાર દ્વારા આપવામાં આવેલ નવા મૂડી ભંડોળના ઉપલબ્ધ સંજોગો અને મૂડી બજાર સુધી પહોંચ બાદ આ સ્ટેબલ આઉટલૂક અમારી એ અપેક્ષાને પ્રતિબિંબિત કરે છે કે રિફાયનાન્સિંગને લગતા જોખમોને વધુ યોગ્ય રીતે સંચાલન કરી શકાશે, તેમ એજન્સીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું.

તેમા કહેવામાં આવ્યું છે કે 'મજબૂત સંચાલકીય અંડરલાઈંગ ઓપરેશનને પણ પ્રતિબિંબિત કરે છે, જે આંતરિક રોકડ સર્જન અને પુનઃધિરાણના પ્રયત્નોથી મદદરૂપ બને છે," તેમ વધુમાં જણાવાયું હતું. એસએન્ડપી દ્વારા અપગ્રેડ વીઆરએલ દ્વારા શરૂ કરવામાં આવેલ સફળ કોન્સેન્ટ સોલિસિટેશનની પ્રક્રિયા બાદ આવેલ છે. તેમા વીઆરએલના બોન્ડધારકોને વિનંતી કરવામાં આવી કે કંપની દ્વારા વર્ષ 2028માં જે ચુકવણીપાત્ર છે.



# દેશનું ઈવી માર્કેટ રૂ.20 લાખ કરોડ પર પહોંચવાની સંભાવના: ગડકરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

દેશના ઈલેક્ટ્રિક વ્હીકલ માર્કેટની સંભાવના વર્ષ 2030 સુધીમાં રૂ.20 લાખ કરોડને આંબવાની છે. તે ઉપરાંત વર્ષ 2030 સુધીમાં સમગ્ર ઈવી ઈકોસિસ્ટમ મારફતે 5 કરોડ રોજગારીનું સર્જન થશે તેવું કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું. ઈ-વ્હીકલ ઈન્ડસ્ટ્રીની ઈકોસિસ્ટમ પરની કોન્ફરન્સને સંબોધિત કરતા ગડકરીએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક વ્હીકલ ફાઈનાન્સ માર્કેટનું કદ વર્ષ 2030 સુધીમાં રૂ.4 લાખ કરોડ પર પહોંચશે.

ભારતમાં 40% વાયુ પ્રદૂષણ પરિવહન ક્ષેત્રને કારણે થાય છે. આપણે રૂ.22 લાખ કરોડના અશ્મિભૂત ઈંધણની આયાત કરીએ છીએ, જે મોટો આર્થિક પડકાર છે અને આ અશ્મિભૂત ઈંધણની આયાત સમસ્યાનું સર્જન કરી રહી છે. દેશમાં સૌર ઉર્જાની ક્ષમતા મજબૂત છે ત્યારે સરકાર 44% ગ્રીન એનર્જી પર ફોકસ કરી રહી છે.

અમે પહેલા હાઈડ્રો પાવર પ્રોજેક્ટના વિકાસને પ્રાથમિકતા આપીએ છીએ અને ત્યારબાદ સોલર પાવર, ગ્રીન પાવર પ્રોજેક્ટ પર ફોકસ કરીશું અને હવે આપણા દરેક માટે સૌર ઉર્જા એ સૌથી મહત્વપૂર્ણ સંસાધન છે. ભારત અત્યારે ઈલેક્ટ્રિક બસોની અછતનો સામનો કરી રહ્યું છે. આપણા દેશને એક લાખ ઈલેક્ટ્રિક બસની જરૂર છે, પરંતુ આપણી ક્ષમતા માત્ર 50,000 બસની છે. આ ફેક્ટરીનું વિસ્તરણ કરવા માટે યોગ્ય સમય છે.

ઈલેક્ટ્રિક વાહનોના નિર્માતાઓને ગુણવત્તા સાથે સમાધાન ન કરવાનો નિર્દેશ કર્યો હતો. પરિવહન મંત્રી તરીકે પદભાર સંભાળ્યો ત્યારે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી રૂ.7 લાખ કરોડની હતી. આજે તેનું કદ રૂ.22 લાખ કરોડ છે. આપણો વિશ્વમાં ત્રીજો ક્રમાંક છે. આપણે જાપાનને પણ પાછળ રાખી દીધું છે. યુએસની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીનું કદ રૂ.78 લાખ કરોડ છે, ત્યારબાદ ચીન (રૂ.47 લાખ કરોડ) અને ભારત (રૂ.22 લાખ કરોડ) ત્રીજા ક્રમે છે.

# કંપનીઓના મજબૂત દેખાવથી CSR એક્ટિવિટીમાં વૃદ્ધિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21




પહેલી એપ્રિલ 2014 ના રોજ કંપની એક્ટના અમલ સાથે ભારત કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) ફરજિયાત બનાવનાર પ્રથમ દેશ બન્યો. આ નિયમ મોટી કંપનીઓએ છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાના ઓછામાં ઓછા 2% ખર્ચ કરવાની જરૂર છે. સીએસઆર એક્ટિવિટીમાં મહારાષ્ટ્ર ટોચનું રાજ્ય છે જ્યારે ગુજરાત ચોથા ક્રમે રહ્યું છે. દેશમાં વર્ષ 2022-23માં કુલ રૂ.29987.92 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે જે 21-22માં 26616.30 કરોડથી સરેરાશ 3500 કરોડ વધુ ખર્ચ કરવામાં આવ્યા છે. દેશમાં મહારાષ્ટ્ર સરેરાશ 5497.32 કરોડના ખર્ચ સાથે ટોચનું સ્થાન ધરાવે છે. જ્યારે ગુજરાતની કંપનીઓએ 2008.42 કરોડ સાથે બીજા ક્રમે રહ્યું છે. ગુજરાતની કંપનીઓ સીએસઆર એક્ટિવિટી પાછળ ખર્ચ કરવામાં અન્ય રાજ્યોની તુલનાએ આગળ પડતું સ્થાન ધરાવ્યું છે. ગુજરાતમાં સરેરાશ 2500થી વધુ કોર્પોરેટ કંપનીઓ દ્વારા સીએસઆર એક્ટિવિટી કરવામાં આવી છે. સ્વયંસેવા એ માત્ર દયાનું કાર્ય નથી - તે સહાનુભૂતિ અને કાળજીની એક શક્તિશાળી અભિવ્યક્તિ છે જે વ્યક્તિઓ અને સમુદાયોને સમાન રીતે બદલી દે છે તેવો નિર્દેશ તાતા મોટર્સના સીએસઆર હેડ વિનોદ કુલકર્ણીએ દર્શાવ્યો હતો. સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપો, સામુદાયિક સેવાઓમાં યોગદાન આપો, શીખવાડો, પ્રેરિત કરો અને પરિવર્તન લાવો તેમજ આપણી પૃથ્વીની એકસાથે સુરક્ષા કરીએ આ મુદ્દાને પ્રાધાન્ય આપ્યું છે. કંપનીએ 2023-24માં વૃક્ષોના આવરણ અને કાર્બન પૃથક્કરણને વધારવાની પોતાની પ્રતિબદ્ધતાની અંતર્ગત 1,137,089 રોપાઓ વાવવામાં આવ્યા.

## રિલાયન્સ દ્વારા સૌથી વધારે ખર્ચ કરાયો

ગુજરાતમાં સીએસઆર હેઠળ સૌથી વધુ ખર્ચ રીલાયન્સ જીયો ઈન્ફોકોમ અને રીલાયન્સ રીટેલ દ્વારા કરાયો છે. રીલાયન્સ જીયો ઈન્ફોકોમ દ્વારા રૂ. 86 કરોડ અને રીલાયન્સ રીટેલ દ્વારા રૂ. 70 કરોડ ખર્ચ કરાયો છે. એચડીએફસી બેન્ક 37 કરોડ સાથે ત્રીજા સ્થાને, 31 કરોડ ખર્ચ સાથે પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ ચોથા સ્થાને છે. અન્ય કંપનીઓમાં આર્સેલર મિત્તલ, ઓએનજીસી, મારૂતિ સુઝુકી વગેરેનો પણ સમાવેથ થાય છે. કંપનીઓ દ્વારા સીએસઆર હેઠળ શિક્ષણ ક્ષેત્રે સૌથી વધારે ખર્ચ કરવામાં આવ્યો છે.

# સોલર91 ક્લિનટેક લિમિટેડનો આઈપીઓ 24 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે

મુંબઈ । તા. 21


4 આઈઆઈટી ગ્રેજ્યુએટ્સ દ્વારા પ્રમોટ કરાયેલ સોલર ક્લિનટેક લિમિટેડ કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ગ્રાહકોને ઈપીસી સૌર ઉર્જા ઉકેલો પ્રદાન કરવામાં નિષ્ણાત છે. કંપનીએ 106 કરોડ એકત્ર કરવાના લક્ષ્ય સાથે 24 ડિસેમ્બર, 2024ના રોજ તેના ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના શેર બીએસઈ એમએસઈ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થશે. ઈશ્યુની સાઈઝ 185 - 195 પ્રતિ શેરના પ્રાઈસ બેન્ડ અને અને પ્રત્યેક 10ના અંકિત મૂલ્ય સાથે 54,36,000 ઈક્વિટી શેરની છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ ઈન્ડિપેન્ડેન્ટ પાવર પ્રોડ્યુસર (આઈપીપી) તરીકે સોલર પ્લાન્ટના વિકાસ માટે તેની

પેટાકંપનીમાં રોકાણ માટેના ખર્ચને પહોંચી વળવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓને આવરી લેવા માટેકરવામાં આવશે. એન્કર બિડિંગ 23 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે, ઈશ્યુ ખુલવાની તારીખ 24 ડિસેમ્બર, 2024 હશે અને ઈશ્યુ 27 ડિસેમ્બર, 2024ના રોજ બંધ થશે. ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર નાર્નોલિયા ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ છે અને ઈશ્યુના રજિસ્ટ્રાર માશિતલા સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ છે. સોલર ક્લિનટેક લિમિટેડના ચેરપર્સન અને હોલ ટાઈમ ડિરેક્ટર શ્રી સૌરભ વ્યાસે જણાવ્યું, "જ્યારે અમે અમારા ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) ખોલી રહ્યાં છીએ ત્યારે મને અમારી મુસાફરીમાં આ નોંધપાત્ર સિદ્ધિને જાહેર કરતાં આનંદ થઈ રહ્યો છે. ઉર્જાવાન ભારત બનાવવાના વિઝન સાથે સ્થપિત આ કંપની નવીનતા, કુશળતા અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રની ઊંડી સમજણના પાયા પર નિર્મિત કરવામાં આવી છે. વ્યાપક સંયુક્ત અનુભવ અને દૂરદર્શિતાએ કંપનીને આકાર આપવામાં અને તેને આઈપીપી ક્ષેત્રમાં ઉભરતા ખેલાડી તરીકે પરિવર્તિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર વદ-07

# ચીન પ્રત્યે સતત સતર્કતાની જરૂર



લગભગ પાંચ વર્ષ બાદ ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે ઉચ્ચ સ્તરની મંત્રણા બાદ દ્વિપક્ષીય સંબંધોમાં નરમીના સંકેત મળ્યા. આ મંત્રણામાં ભારત તરફથી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીન તરફથી વિદેશ મંત્રી વાંગ યી સામેલ થયા. મંત્રણાની આ પહેલ પૂર્વી લદ્દાખ અને અક્સાઇ ચિન સીમા પર ૨૦૨૦થી ચાલ્યા આવતા સૈન્ય ટકરાવને ઉકેલ્યા બાદ જ શરૂ કરવામાં આવી છે. એ સમજૂતી અંતર્ગત ચીને વિવાદિત ક્ષેત્રોથી પોતાની સેનાને પાછળ હટાવી છે, જ્યાં તેણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરતાં રોકી હતી. સૈન્ય નિકાસી ઉપરાંત ચીને આશ્વાસન આપ્યું છે કે બંને પક્ષ એકબીજાના 'મૂળ હિતો અન મુખ્ય ચિંતાઓને સમજતાં અને ઈમાનદારી તથા સદ્ભાવના સાથે મતભેદો ઉકેલવા માટે તૈયાર છે.' કૂટનીતિક ગરમીને ધ્યાનમાં રાખતાં મહત્ત્વનો સવાલ એ છે કે શું ચીનનું ભારત પ્રત્યે ખરેખર કોઈ હૃદય પરિવર્તન થયું છે અને જો એવું થયું હોય તો તેનું કારણ શું છે? છેલ્લા ૧૨ વર્ષથી ચીન પર રાજ કરતાં તાનાશાહ રાષ્ટ્રપતિ શી જિનપિંગની દાનત પર ધ્યાન આપો તો એ અસંભવ છે કે તેમણે એશિયા અને વિશ્વમાં ચીનના વર્ચસ્વ એ વિસ્તારવાદનું સપનું રાતોરાત છોડી દીધું હશે! 'પ્રમુખ દેશ કૂટનીતિ' નામની તેમની અવધારણા અનુસાર ચીન ક્યારેય પણ પોતાના 'કાયદેસર અધિકારો અને હિતો'ને નહીં છોડે અને પોતાની શક્તિ અને શ્રેષ્ઠતાના જોરે હાવી રહેશે. ભારત ઉપરાંત એક ડઝનથી વધારે દેશો સાથે ચીનના વણઉકલ્યા ક્ષેત્રીય વિવાદો છે અને આતમામ પ્રત્યે જિનપિંગના શાસનમાં ચીને દબંગ વ્યવહાર અપનાવીને ધોંસ જમાવવાનું ચાલુ રાખ્યું છે. 'ગ્રે ઝોન' અને 'સલામી સ્લાઈસિંગ' રણનીતિઓનો ઉપયોગ કરતાં ચીને પડોશીઓ પર સૈન્ય અને આર્થિક દબાણ કરીને એ જ ચેષ્ટા કરી છે કે કમજોર દેશો પર ચીનની ઈચ્છા થોપવામાં આવે. તેમના અતિરાષ્ટ્રવાદી 'ચીની સ્વપ્ન'નું લ-ય એશિયામાં એ જૂના સામ્રાજ્યવાદી યુગને પુનઃસ્થાપિત કરવાનું છે, જ્યાં ચીનનું કથિત રીતે પ્રભુત્વ હતું અને પડોશીઓને બેજિંગમાં સમ્રાટ સામે ઝૂકીને પ્રણામ કરવા પડતા હતા. જિનપિંગ જેવા કટ્ટર નિરંકુશ નેતાનું આટલું ભવ્ય અને મહત્ત્વાકાંક્ષી સ્વપ્ન ભૂલાવી દેવું અશક્ય છે. ચીનને માત્ર મહાશક્તિ બનવું જ નહીં, બલ્કે અમેરિકાને પછાડીને વિશ્વની સૌથી મોટી શક્તિ રૂપે સ્થાપિત કરવા અને ચીની મૂલ્યો પર આધારિત નવી વિશ્વ વ્યવસ્થા સ્થાપવા જેવાં લ-યોને સાધવા માટે તે કોઈ કસર નથી છોડવાના. જોકે તેમનો આ રસ્તો આસાન નથી. અમેરિકા અને તેના સહયોગી દેશ પણ ચીનની આ રાહમાં કાંટા બિછાવવા માટે પૂરજોર પ્રયાસ કરશે. આ કો સંયોગ નથી કે ચીને ભારત સહિત જે એશિયાઇ દેશો સાથે સ્થળ અને સમુદ્રી સીમાઓના વિવાદ ન પતાવ્યા, તેમની અમેરિકા સાથે નજદિકી વધી છે. અસલમાં ચીનને સંતુલિત કરવાની દૃષ્ટિથી જ એ દેશોનો ઝોક અમેરિકા તરફ વધ્યો છે, જેનાથી ચીન વધારે ચીડાય છે. દેશ અમેરિકાથી દૂર જાય અથવા અમેરિકા સાથે મળીને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં તેના માટે મુશ્કેલીઓ પેદા ન કરે.

# 1 વર્ષમાં રાજ્યમાં 648 સગીર બાળાઓ પીંખાઇ: વસાવા

## ગુજરાતમાં વધતી બળાત્કારની ઘટનાઓ મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીનું રાજીનામું માંગ્યું

ભરત શાહ | નર્મદા

થોડા દિવસ પહેલા ઝઘડિયા માં અત્યંત દર્દનાક ઘટના ઘટી હતી. જેમાં ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલી શ્રમજીવી વસાહતમાં રહેતી દસ વર્ષની બાળકી ઉપર નરાધમ દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો હતો. હાલ પીડિત બાળકી વડોદરાની SSG હોસ્પિટલમાં મોતની સામે જંગ લડી રહી છે. ત્યારે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પીડિત બાળકી અને તેના પરિવારની મુલાકાત લીધી હતી તથા દરેક પ્રકારની મદદ કરવાની બાહેંધરી આપી હતી. આ દરમિયાન આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝા, વડોદરા લોકસભા પ્રમુખ વિરેન રામી સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરિવાર સાથે મુલાકાત કર્યા બાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા ને જણાવ્યું હતું કે, હાલ દીકરી અને તેના પરિવાર સાથે મુલાકાત કર્યા બાદ ડોક્ટરો સાથે અમે વાત કરી. ડોક્ટરો દીકરીને બચાવવા માટે ખૂબ જ પ્રયાસો કરી રહ્યા છે. અમે દીકરીના માતા પિતાને હિંમત આપી છે અને અમે સૌ



### ઝઘડિયામાં બળાત્કારનો ભોગ બનેલી દીકરીની હાલત નાજુક... ચૈતર વસાવાએ દીકરી અને પરિવારની મુલાકાત લીધી

પ્રાર્થના કરીએ છીએ કે દીકરી બચી જાય, પરંતુ અમારો સવાલ છે કે ગુજરાતમાં રોજેરોજ આવી ઘટનાઓ ઘટી રહી છે. છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં 648 નાબાલિક દીકરીઓ પીંખાઇ ગઈ છે. અમારો સવાલ છે કે આટલી બધી ઘટનાઓ ઘટે હવે બાદ પણ શા માટે દીકરીઓને ન્યાય મળતો નથી? અમારી માંગ છે કે આવા કેસો માટે સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસો ચલાવવામાં આવે અને આવા નરાધમોને ફાંસીએ લટકાવવામાં આવે.

જ્યારે ઝઘડિયામાં આ બનાવ બન્યો એ સમયે ઝઘડિયાની પોલીસે મારા પર બે એફઆઈઆર કરી હતી અને હું 17 તારીખે જ ઝઘડિયા આવવા માટે નીકળ્યો હતો પરંતુ પોલીસે મને બે થી ત્રણ દિવસ સુધી ભરૂચ જિલ્લામાં પ્રવેશવા દીધો નહીં. અમે કોઈ કામદારો માટે કે કોઈ દીકરીઓ માટે ઊભા રહીએ તો અમારા પર પોલીસ ફરિયાદો થઈ જાય છે. અમે ઈચ્છીએ કે દીકરી ઝડપથી સાજી થઈ જાય અને આ પરિવારને ન્યાય મળે. આ પહેલા પણ દાહોદમાં ખૌફનાક ઘટના ઘટી ગઈ, આ સિવાય સુરત, અમદાવાદ, ભાવનગર જેવા અનેક શહેરોમાં આવી અનેક ઘટનાઓ ઘટી ગઈ પરંતુ કોઈ દીકરીને ન્યાય નથી મળી રહ્યો. અમારી માંગ છે કે સરકાર એવો કાયદો બનાવે, જેમાં ઝડપથી કેસ ચલાવવામાં આવે અને આવા નરાધમોને ફાંસી આપવામાં આવે.

ગુજરાત સરકારને અમે કહેવા માંગીશું કે જ્યારે બીજા રાજ્યમાં કોઈ ઘટના ઘટે છે ત્યારે તમે દેખાવો કરો છો અને લાંબા લાંબા ટ્વીટ કરો છો અને કેન્ડલ માર્ચ પણ કરો છો, પરંતુ ગુજરાત રાજ્યમાં જ ઝઘડિયામાં એક શ્રમજીવી પરિવારની નાનકડી દીકરી સાથે દર્દનાક ઘટના ઘટી ગઈ તે સમયે શા માટે કોઈ ભાજપના સ્થાનિક નેતાઓ કંઈ બોલતા નથી? શા માટે સરકાર આ મુદ્દા પર મૌન પાડીને બેઠી છે? મહિલા સુરક્ષાની અને બેટી બચાવોની મોટી મોટી વાતો થાય છે અને બીજી બાજુ ગુજરાતમાં એક વર્ષમાં 648 નાબાલિક દીકરીઓ સાથે બળાત્કારની ગંભીર ઘટનાઓ ઘટી છે તે ખૂબ જ દુઃખની બાબત છે.

હું કહેવા માગું છું કે ગૃહમંત્રી યોગ્ય કાયદા બનાવીને પીડિત પરિવારને ન્યાય નથી અપાવી શકતા, યોગ્ય કાર્યવાહી નથી કરી શકતા, તો ગૃહમંત્રી તાત્કાલિક ધોરણે રાજીનામું આપી દે. આજે જીઆઇડીસી વિસ્તાર સુરક્ષિત નથી અને આજે લોકો પોતાની નાની દીકરીઓને ઘરની બહાર મોકલતા પણ ડરે છે કારણ કે લોકોમાં ભયનો માહોલ છે કારણ કે આજે ગુજરાત સલામત નથી.


# ડીજેમાં વપરાતી LED લાઈટો જોખમી હોવાનું તારણ, તેના ઉપયોગ પર પ્રતિબંધ લાવવા માંગ

ભરત શાહ | નર્મદા

લગ્ન પ્રસંગ અને શુભ પ્રસંગો માં વરઘોડા અને ગરબા માં ડીજે નો ઉપયોગ કરવામાં આવે છે. અને ઊંચા ભાવ લેવા ડી જે માલિકો મોંઘી LED લેસર લાઈટો લગાવે છે. જેનાથી વરઘોડો સુંદર દેખાય ખરેખર સામાન્ય ડાન્સ ગરબા માટે ડી જે નું ગીતો વગાડવા માટે મહત્વ હોય છે. પણ તેમાં LED લાઈટો લગાવવાથી ડી જે પાછળ નાચગાન કરતા લોકો ની આંખોમાં લાઇટ પડતા આંખોને નુકસાન થઈ શકે છે.જે તાત્કાલિક તો ખબર નથી પડતી પરંતુ જો મોબાઈલ માં ફોટા પાડવા ગયા અને ડીજે ની LED લાઇટ પડી તો આ લાઇટ ના કિરનક એટલા હેવી હોય છે. કે તમારા મોબાઈલ ના લેન્સ કે સ્ક્રીન ને તાત્કાલિક ખરાબ કરી દે છે. એટલું જ નહીં રસ્તા પરથી વરઘોડો જતો હોય અને દુકાનો બહાર લગાવેલા કે જાહેર થાંભલા પર લગાવેલા કેમેરાને પણ આ લાઈટો નુકસાન કરે છે. જેથી આવી લાઈટો પર તંત્ર એ પ્રતિબંધ ફરમાવવો જોઈએ એવી લોક માંગ ઉઠી છે.

### 'ડીજે પર લગાવાતી LED લાઇટ ખુબજ નુકસાન કારક છે' : વેપારી

**વેપારી :** આ બાબતે જાગૃત નાગરિક અને વેપારી નીરજ પટેલે કે જેમનો મુખ્ય ધંધો મોબાઈલ અને ઈલેક્ટ્રિક સાધનોનો છે. તેમનું કહેવું છે કે ડીજે પર લગાવાતી LED લાઇટ ખુબજ નુકસાન કારક છે. ડી જે ની લાઇટ થી મારો એક મોબાઈલ બગડી ગયો, અને મારી દુકાન નો સીસીટીવી કેમેરો પણ ઉડી ગયો. આવા અનેક કિસ્સા છે. મારી દુકાને LED લાઈટો ના સમ્પર્ક આવનાર મોબાઈલ ની સ્ક્રીન ઊડી જાય કે કેમેરો બંધ થઈ જાય મધરબોર્ડ ઉડી જાય આવા અનેક ફોન રિપેર માટે આવે છે. જેથી જો આવું નુકસાન થતું હોય તો સમજો કે આંખો ને કેટલું નુકસાન થતું હશે..? આતો જેની આંખ માં પ્રોબ્લેમ થાય તેનેજ ખબર પડે, સાદી રંગ બે રંગી લાઈટો થી પણ ડીજે સુંદર લાગે જેનો ખર્ચ પણ ઓછો હોય પછી મોંઘી LED લાઈટો ડી જે સંચાલકો એ દૂર કરવી જોઈએ એવું મારું માનવું છે.



# જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઈ

કમલેશ પટેલ | સંખેડા

રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય (એ.એ.વાય) અને અગ્રતા ધરાવતા કુટુંબો (પી એચ એચ ) આમ બે પ્રકારના કુટુંબોને દર માહે ભારત સરકાર દ્વારા નિયત થયેલ વિતરણ પ્રમાણે વ્યાજબી ભાવની દુકાન પરથી અનાજ આપવામાં આવે છે. જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયાના અધ્યક્ષતામાં યોજાઈ હતી.

આ બેઠકમાં જાહેર વિતરણ વ્યવસ્થાની વિગતો આપતા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અનિલ હળપતિએ જણાવ્યું કે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નવેમ્બર માહના ૯૦ ટકા પુરવઠાનું વિતરણ કરી દેવામાં આવ્યુ છે. જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયાએ અધિકારીઓને વિતરણ વ્યવસ્થા અને દુકાનદરોને પુરતું અનાજ સમયસર મળી રહે તે પર ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત તમામ અંત્યોદય (એ.એ.વાય) અને અગ્રતા ધરાવતા કુટુંબો (પી એચ એચ ) ના ઈ-કેવાયસીની કામગીરી પૂર્ણ કરવા સૂચનો કર્યા હતા.



# બનાસકાંઠા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન, ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી,મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો. તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. રોડ રસ્તા, ગટર, સ્વચ્છતા, આરોગ્ય, વીજળી, શિક્ષણ, જમીન સંપાદન, નેશનલ હાઈવે અને કેનાલ બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા/ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ સાથે તકેદારી, પેન્શન વગેરે બાબતોએ ત્વરિત કામગીરી કરવા સૂચન કરાયા હતા.



અધ્યક્ષસ્થાનેથી પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા. બેઠકમાં સાંસદશ્રી ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય સર્વશ્રી અનિકેતભાઇ ઠાકર, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી માવજીભાઈ દેસાઇ દ્વારા લોકહિત અને જન કલ્યાણના પ્રશ્નો સંદર્ભે કરાયેલી કાર્યવાહી અંગે સમીક્ષા કરાઇ હતી. આ બેઠકમાં ઇ.ચા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી.પી.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા,સર્વ પ્રાંત અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચણાના ઊભા પાકમાં લીલી ઈયળના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી બાદ આ પગલા લેવા

માહિતિ બ્યુરો | પાલનપુર

ગુજરાત રાજ્યનો કૃષિ વિભાગ સતત ખેડૂતોને સારી પાક ઉપજ આપવા માટે નવીન ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરે છે. આ દિશામાં, ચણાના પાકમાં લીલી ઈયળ જેવા જીવાતોને નિયંત્રિત કરવા માટે એક સંકલિત જીવાત વ્યવસ્થાપન કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. ચણા ગુજરાતમાં એક મહત્વપૂર્ણ દાળ પાક છે. પરંતુ, લીલી ઈયળ જેવા જીવાતો આ પાકને નુકસાન પહોંચાડે છે. આ કાર્યક્રમનો હેતુ આવા જીવાતોને પર્યાવરણને નુકસાન કર્યા વિના અને ઓછા ખર્ચે નિયંત્રિત કરવાનો છે. આ કાર્યક્રમમાં અનેક રીતોથી જીવાતોને નિયંત્રિત કરવામાં આવે છે.

લીલી ઈયળના ભૌતિક નિયંત્રણ માટે પાક વાવ્યા પછી પાંચ દિવસમાં દર હેક્ટરે ૨૦ ફેરોમોન ટ્રેપ છોડથી એક ફૂટ ઉંચાઈએ મૂકવા તથા ફેરોમેન ટ્રેપની લ્યુર દર ૨૧ દીવસે બદલવી. દર એકરમાં એક પ્રકાશ પિંજર મૂકવું. આ પિંજરમાં પાણી ભરેલી ટ્રેમાં થોડું જંતુનાશક દવા નાખવાથી રાત્રે પ્રકાશ તરફ આકર્ષાતી ફૂદીઓ પાણીમાં પડીને મરી જશે. પક્ષીઓને ઈયળ શોધવા સરળ બને તે માટે ઉભા પાકમાં ટી (T) આકારના પક્ષીઓને બેસવાના ટેકા હેક્ટરે ૪૦-૫૦ની સંખ્યામાં છોડથી ત્રણ ફૂટ ઉંચાઈએ મૂકવા.

જૈવિક નિયંત્રણ માટે લીમડાના બીજનું દ્રાવણ અથવા લીમડા આધારિત જંતુનાશક દવાનો છંટકાવ કરવો. આ ઉપરાંત, લીમડા, કરંજ કે સીતાફળના પાનનો ઉકાળો છાંટવો. બેસીલસ થુરીજીન્સીસ, બીવેરીયા બેસીયાના જેવા સૂક્ષ્મજીવોનો છંટકાવ કરવાથી ઈયળોનો નાશ થાય છે. રાસાયણિક નિયંત્રણ માટે જરૂર જણાય ત્યારે ચણાના પાકમાં ૫૦% ફૂલ આવ્યા પછી અને ત્યારબાદ ૧૫ દિવસ પછી ક્વિનાલફોસ, ફ્લુબેન્ડીયામાઈડ, ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ, અથવા ઈમામેકટીન બેન્ઝોએટ જેવી દવાઓનો છંટકાવ કરવો.

કોઈપણ જંતુનાશક દવાનો ઉપયોગ કરતી વખતે લેબલ પરની સૂચનાઓનું ચોક્કસ પાલન કરવું. સ્થાનિક કૃષિ વિસ્તરણ અધિકારીઓ સાથે સંપર્ક કરીને ખાસ સલાહ અને માર્ગદર્શન મેળવવું. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પાલનપુર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઈકો સેન્સિટિવ ઝોનનાં મુદ્દે ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં 23મી એ આહવા ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાશે

ડાંગ | તા.21

ડાંગ જિલ્લામાં ઈકો સેન્સિટિવ ઝોનને લઈને વિરોધ નોંધાઈ રહ્યો છે.ત્યારે ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા વાંસદા-ચીખલીનાં ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં વિરોધ કાર્યક્રમનું આયોજન કરેલ છે.ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા ઈકો સેન્સિટિવ ઝોન બાબતનો વિરોધ કાર્યક્રમ આહવા ખાતે આદિવાસી નેતા અને વાંસદાનાં ધારાસભ્ય અનંતભાઇ પટેલની અધ્યક્ષતામાં તા. 23/12/2024નાં રોજ સવારે 11: 00 કલાકે બિરસા મુંડા સર્કલ ( ફુવારા ) થી રેલી સ્વરૂપે જિલ્લા સેવા સદનમાં ડાંગ કલેકટરને આવેદન પત્ર આપવામાં આવનાર છે.જેમાં સરકાર દ્વારા નીત નવા પ્રોજેક્ટો આદિવાસી વિસ્તારોમાં લાવવામાં આવી રહ્યા છે ,જે પ્રોજેક્ટો આદિવાસી અસ્મિતા,આદિવાસી અસ્તિત્વ માટે જોખમ રૂપ હોય જેનો મક્કમતાપૂર્વક સામનો કરવા , ઈકો સેન્સિટિવ ઝોન રદ કરી આદિવાસીઓનું જળ - જંગલ અને જમીન બચાવવા સૌ સંગઠિત થઈ,બંધારણીય અધિકાર મુજબ આદિવાસી હકક અને અધિકાર સુરક્ષિત કરી આદિવાસીયત બચાવવા સૌ આગળ આવે અને જન આંદોલનમાં જોડાય તે માટે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવેલ છે. તેમજ ડાંગ વિસ્તારના આગેવાનો, દરેક ગામોના આગેવાનો, મોટી સંખ્યામાં ગામોના ભાઈઓ બહેનો તેમજ પાટીલ ,કારભારી હાજર રહી આ જન આંદોલનમાં જોડાવવા માટે સૌને આહ્વાન કરવામાં આવેલ છે.

# સરકારે પુરવઠા સંચાલકોના ફિંગરનો નિયમ ફરજિયાત તો કર્યો પરંતુ ઉંમરલાયક સંચાલકો મુશ્કેલીમાં મુકાયા

ભરત શાહ, નર્મદા | ગુજરાત માં સરકારે પુરવઠા દુકાનદારો માટે નવા નિયમ લાગુ કર્યા એ સારી બાબત છે પરંતુ નર્મદા જિલ્લા માં આ નિયમ માં કેટલીક મુશ્કેલીઓ આવી અને એ માટે છેક ગાંધીનગર સુધી ફરિયાદ બાદ પણ કોઈજ ઉકેલ નહીં આવતા કેટલાક પુરવઠા સંચાલકો દુકાન માં અનાજ હોવા છતાં ગ્રાહકો ને આપી શક્યા નથી. સરકારે પુરવઠા સંચાલકો માટે નિયમ લાગુ કર્યો જેના જે વ્યક્તિ ના નામનું લાઈસન્સ હોય એ વ્યક્તિ નો જ ફિંગર આપે તો ગ્રાહકો ને આપવામાં આવતા અનાજ ની કુપન નીકળે અને ત્યારબાદ જ ગ્રાહક ને અનાજ મળે પરંતુ નર્મદા જિલ્લામાં પુરવઠા ની કેટલીક દુકાનો માં જેના નામના લાઈસન્સ છે તેવા દુકાનદાર અને ખુદ સંચાલકો પૈકી કેટલાક ના ફિંગર ઉંમર ના લીધે મેચ નહી થતા હોવાથી આ સંચાલક ગ્રાહકો ને અનાજ આપી નહી શકતા ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે માથાકૂટ બાદ આવા દુકાનદારો એ જિલ્લા પુરવઠા વિભાગ માં જાણ કર્યા બાદ ત્યાંના અધિકારી એ આ મામલે ગાંધીનગર જાણ કરી પરંતુ આ વાત ને પણ પાંચેક દિવસ વીતી જવા છતાં ગાંધીનગર થી કોઈજ ઉકેલ નહી આવતા માલ ભરાવી ને બેઠેલા દુકાનદારો માલ હોવા છતાં ગ્રાહકો ને વેચાણ કરી શકતા નથી અને હાલ મહિના નું છેલ્લું અઠવાડિયું બાકી છે છતાં ચાલુ ડિસેમ્બર મહિના નો જથ્થો કાર્ડ ધારકો ને નહી મળતા મધ્યમ, ગરીબ વર્ગ ના લોકો તકલીફ માં આવી પડ્યા છે. તો શું નવા નિયમ લાગુ કર્યા બાદ ગાંધીનગર પુરવઠા વિભાગ આવી તકલીફ માં તાત્કાલિક કોઈ ઉકેલ લાવી ફિંગર બાબતે અટવાયેલા દુકાનદારો ને મુશ્કેલી માંથી બહાર કાઢવા ઉકેલ લાવી શકતા નથી..?

# દાહોદ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં આવેલ તમામ પ્રશ્નોના સમયસર, ઝડપી અને સુચારૂ ઉકેલ લાવવા નિકાલ લાવવા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ તમામ વિભાગના અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠક દરમ્યાન જેમાં જમીન દબાણ, જેસાવાડાથી ગરબાડા બસ સેવા શરૂ કરવા બાબત, સુજલામ સુફલામ યોજના, મધ્યાહન ભોજન, ઈ કેવાયસી તેમજ પેન્શન કેસો, પાણી પુરવઠા વિભાગ, શિક્ષણ વિભાગ, આંગણવાડી કેન્દ્ર, બાળ અને શ્રમિક વિભાગ, આરોગ્ય વિભાગ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય



માટેના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોર, ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષકશ્રી ડો રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેકટરશ્રી જે.એમ.રાવલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી બી. એમ. પટેલ સહિત, પ્રાંત અધિકારીશ્રીઓ ,ચીફ ઓફિસરશ્રીઓ , મામલતદારશ્રીઓ અને સંકલનના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## NEWS BRIEF

### પાટણ-વાપી રૂટની બસ સુરત સીટીમાં ડાયવર્ટ કરતાં પાટણના મુસાફરોમાં આનંદ લાગણી છવાયો

નિતીન ઠાકર | ચાણસ્મા

પાટણ તાલુકાના અગ્રણી ઓ એ ચાણસ્મા ડેપો ની પાટણ-વાપી સુરત શહેરમાં જઈ વાપી જાય તો પાટણ પંથક ના સુરત જતા મુસાફરો ને લાભ લઈ શકે તે માટે જલુજી ઠાકોરે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી જેને ધ્યાને ચાણસ્મા ડેપો ના ડેપો મેનેજર દ્વારા પાટણ થી વાપી જતી ચાણસ્મા ડેપો ની બસ ને સુરત શહેરમાં જવા આવવાની સુચના ઓ આપ આપવામાં આવતાં ચાણસ્મા ડેપો સંચાલિત પાટણ વાપી જતી બસ સૂરત શહેર માં જવાની શરૂઆત કરતાં મુસાફરો માં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. જ્યારે . ચાણસ્મા ડેપો સંચાલીત પાટણ -- વાપી બસ નૂ સુરત નુ ચાણસ્મા ડેપો થી થતું ઓન લાઇન બુકીંગ બંધ હતું તે પુનઃ શરૂ કરવા મુસાફરો ની માંગ ઉઠવા પામી છે પરંતુ ચાણસ્મા ડેપો મેનેજર ગુંજન ભાઈ પંચાલે જણાવ્યું હતું કે ચાણસ્મા ડેપો સંચાલિત પાટણ થી વાપી જતી બસ નું સુરત ઓન લાઇન બુકિંગ શરૂ કરી દેવાયું છે જેનો મુસાફર જનતા એ લાભ લેવા જાહેર વિજ્ઞપ્તી કરી છે.

### સાગબારા પો.સ્ટે ના પ્રોહી.ના ગુનાના ભાગેડુ આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી. ટીમ નર્મદા

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે નાઓ એ જીલ્લાના તમામ પો.સ્ટે. વિસ્તારમાં દાખલ થયેલ નાસતા ફરતા આરોપીઓને હ્યુમન સોર્સ અને ટેકનીકલ ઈન્ટેલીજન્સથી શોધવા પરીણામલક્ષી કામગીરી કરવા કડક સૂચના આપતા આર.જી ચૌધરી પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી નર્મદા, નાઓએ એલ. સી.બી. ટીમને ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મેળવી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સુચના આપતા એલસીબી ટીમને બાતમી મળેક કે સાગબારા પો.સ્ટે. ના પ્રોહી. ના ગુનામાં નાસતો ફરતો આરોપી ચંદ્રેશ ઉર્ફે ચંદુ ભગવાનજી ખાચી રહે.ઘર નંબર-૧૯૧, ભગવતવાડી તા.નવાપુરા જી.નંદુરબાર તાપી જીલ્લાના ઉચ્છલ ખાતે હોય તે બાતમી ના આધારે એલસીબી ટીમ ઉચ્છલ ખાતે જઈ આ આરોપી ને પકડી પાડી કાયદેસર કાર્યવાહી માટે સાગબારા પોલીસ સ્ટેશન સોપવામાં આવ્યો છે.

### સંખેડા ગ્રામ પંચાયત દ્વારા નીલગિરીની મામલતદાર ની અધ્યક્ષતામાં હરાજી કરાઇ



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા ગ્રામ પંચાયતના સરપંચ નીતિનભાઈ શાહ તેમજ ડેપ્યુટી સરપંચ અને મામલતદાર પટેલ સાહેબ તેમજ નાયબ મામલતદાર અને ગ્રામ પંચાયત ના સભ્યો ની ઉપસ્થિતિમાં હરાજી કરવામાં આવી હતી. સંખેડા વિસ્તાર નાગરિકો તેમજ વેપારી મંડળ તેમજ આજુબાજુના વિસ્તારના હરાજીમાં ભાગ લીધેલ 57 જેટલા વેપારીઓ એ ડિપોઝિટ ભરી હતી અને મામલતદાર પટેલ સાહેબ તેમજ સરપંચ નીતિનભાઈ શાહ અને અધિકારીઓ ની સામે હરાજી બોલવા ની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી હતી એક પછી એક ઊંચી કિંમત બોલાતા જેમાં એક વેપારી દ્વારા નીલગરીની કિંમત ૩૨ લાખ 26 હજારની મતબલ રકમ સૌથી વધુ બોલી સંખેડા પંચાયત પાસેથી નીલગીરી ની મંજુરી મેળવી હતી અને સંખેડા ગ્રામ પંચાયતના સરપંચ નીતિનભાઈ શાહ દ્વારા જણાવ્યું હતું કે આ આવેલ રકમ પંચાયત ના વિકાસના કામ અર્થે ઉપયોગ કરશે તેમ જણાવ્યું હતું. અને સારી કિંમત આપવા બદલ સરપંચ દ્વારા વેપારી નો આભાર વ્યક્ત.

### નર્મદા પોલીસ દ્વારા રાજપીપળા કોલેજમાં "Say No to Drugs" વિષય પર સેમીનાર યોજાયો



ભરત શાહ | નર્મદા

નર્મદા પોલીસ અવાર નવાર લોક જાગૃતિ માટે કાર્યક્રમો કરે છે જેમાં સાઈબર ક્રાઈમ, વ્યશન મુક્તિ સહિત ના વિષયો ઉપર કાર્યક્રમો કરી લોકો માં જાગૃતિ લાવવા પ્રયાસો કરવામાં આવ્યા છે અને આ પ્રયાસો હજુ પણ નર્મદા પોલીસ દ્વારા કરવામાં આવતા હોય જેનો મુખ્ય ઉદ્દેશ લોકો માં જાગૃતતા આવે અને યુવાધન ખોટી લત કે વ્યસન ના રવાડે ના જાય તે છે માટે આજરોજ પણ નર્મદા પોલીસે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજપીપળા કોલેજ માં એક કાર્યક્રમ યોજાયો જે ખૂબ સફળ પણ રહ્યો. રાજપીપળા ટાઉન પોલીસ સ્ટેશન અને એસ.ઓ.જી. શાખા દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત એમ.આર. આર્ટ્સ એન્ડ સાઈન્સ કોલેજ, રાજપીપળા ખાતે ગવર્નીંગ કાઉંસીલનાં બીન સરકારી સભ્યોની હાજરીમાં 'Say No to Drugs' વિષય પર સેમીનાર લેવામાં આવ્યો, જેમાં ટાઉન પી.આઇ. વી.કે.ગઢવી, એસ.ઓ.જી.પી. પી.આઇ. વાય.એસ.શીરસાઠ સહિત પોલીસ કર્મચારીઓ સાથે કોલેજનાં પ્રીંસીપાલ તેમજ કોલેજનાં ૨૫૦ થી વધુ વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વિન્ટર અનેક ક્લોધિંગ ઓપ્શન્સન લઈને આવે છે, જેમાંથી અમુક ટ્રેન્ડી હોય છે. જ્યારે અમુક ક્લાસિક હોવાની સાથે સ્ટાઈલિશ હોય છે. એમાં ટર્ટલનેક સ્વેટરનો સમાવેશ થાય છે. આજકાલ વેસ્ટર્ન વૅરને ટ્રેડિશનલ આઉટફિટ સાથે સ્ટાઈલ કરવાનું ચલણ છે. એમાં ખાસ કરીને ટર્ટલનેક ટોપનો સૌથી વધારે ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. આ પ્રકારની સ્ટાઈલમાં તમે ટ્રેન્ડી દેખાશો. તમે ટર્ટલનેક ટોપને ટ્રેડિશનલ વૅર સાથે સ્ટાઈલ કરવા ઈચ્છો છો તો તેને અપનાવો..

# વિન્ટરમાં વિવિધ રીતે પણ ટર્ટલનેકને સ્ટાઈલ કરીને લુકને બનાવો ગ્લેમરસ





## લોન્ગ સ્કર્ટ સાથે

આજકાલ બ્લેક કલરના ટર્ટલનેક ટ્રેન્ડમાં છે. તેને હેવી લહેંગાની સાથે સ્ટાઈલ કરવાથી યુનિક લુક મળશે. કોઈ પાર્ટી કે ફંક્શન માટે સિલ્વર ફેબ્રિક લહેંગા સ્કર્ટ પણ બનાવડાવી શકો છો. આ પ્રકારના સ્કર્ટને સ્ટાઈલ કરવા તમે સ્ટડ્સ એરિંગ્સને પસંદ કરી શકો છો. સાથે લહેંગા સ્કર્ટને સ્ટાઈલિશ લુક આપવા સાઈડમાં દોરી લગાવીને હેવી લટકણને સ્ટાઈલ કરી શકો છો.



## શરારાની સાથે કરો સ્ટાઈલ

યુનિક સ્ટાઈલ ટ્રાય કરવા ઈચ્છો છો તો શરારાની સાથે ટર્ટલનેક ટોપ કૅરી કરી શકો છો. ટર્ટલનેક ટોપની સાથે પ્લાઝો કે હેવી શરારા સ્ટાઈલ કરી શકાય છે. પ્લેન ટર્ટલનેકની સાથે પ્રિન્ટેડ કે મિરર વર્કવાળા શરારા પણ સ્ટાઈલ કરી શકો છો. આ પ્રકારનાં આઉટફિટ સાથે તમે હૂપ એરિંગ્સને ટ્રાય કરશો તો બોલ્ડ લુક મળશે. આ ઉપરાંત આની સાથે તમે સિલ્વર જ્વેલરીને સ્ટાઈલ કરો.



## સાડી સાથે કરો સ્ટાઈલ

સાડીની સાથે ટર્ટલનેક ટોપને સ્ટાઈલ કરવાનું ચલણ હાલમાં વધ્યું છે. સાડી માટે તમે પ્રિન્ટેડ, સાટિન કે સિલ્ક ફેબ્રિકને પસંદ કરી શકો છો. આ પ્રકારની સાડી સાથે ક્લચ જરૂર સ્ટાઈલ કરો. સાથે પ્લેન અને સિમ્પલ સાડીને જ કૅરી કરો.



## મિક્સ એન્ડ મેચ લુક

ફિટેડ ટર્ટલનેક ટીશર્ટ કે સ્વેટરને પાર્ટી લુક આપવા માટે ડેનિમ પેન્ટ સાથે ટર્ટલનેક સ્વેટર અને ઉપરથી શિયર જેકેટ કે સ્કાર્ફ પેર કરીને તમારા લુકને પાર્ટી લુક ટચ આપી શકો છો. ટર્ટલનેક ટીશર્ટ સાથે સ્કિન ટાઈટ જિન્સ અથવા બોલ બેટમ પણ ટ્રાય કરી શકો. શિયર જેકેટને બદલે ડેનિમ જેક્ટ પણ કૅરી કરી શકો છો.



## ટ્રાવેલ લુક


વિન્ટર ટ્રાવેલિંગ હોય કે આસપાસનું આઉટફિટ, તમારા લૂઝ ટર્ટલનેક બેગી સ્વેટરને ફિટેડ જિન્સ કે ટ્રાઉઝર સાથે પેર કરો. સાથે સ્પોર્ટ શૂઝ સ્ટાઈલ કરો.



**પાર્ટી પેન્ટ્સ સાથે |** ગર્લ ગેંગ સાથે વિન્ટર આઉટિંગ પર જવાનું હોય કે પાર્ટી એન્જોય કરવાની હોય, વ્હાઈટ ક્રોપ ટોપ ટર્ટલનેકને લેટેસ્ટ પેન્ટ કે સ્કર્ટ સાથે પેર કરો. સ્ટાઈલિશ લુક મેળવવા લેધર બૂટ્સ સ્ટાઈલ કરો. પાર્ટી લુક માટે શિમરી પેન્ટ અને ઓવરસાઈઝ લોન્ગ કોટ સાથે લુકને પાર્ટી માટે રેડી કરો.

# જામફળ

## હાઈ યુરિક એસિડમાં રાહત અપાવી શકે છે



### શિયાળામાં જામફળનું સેવન યુરિક એસિડમાં લાભકારી છે

જામફળમાં ફ્લેવોનોઈડ્સ અને પોલીફેનોલ જેવા પ્રાકૃતિક એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે યુરિક એસિડના સ્તરને ઘટાડે છે કારણ કે તે એન્ટીઓક્સીડોન્ટના રૂપમાં કાર્ય કરે છે અને મુક્ત કણોના નિર્માણને રોકે છે. જામફળના પાનનો અર્ક SHRSP માં એડિપોનેક્ટીનની અભિવ્યક્તિ દ્વારા ફેટી લીવર ઘટાડે છે. આટલું જ નહીં, હાઈ યુરિક એસિડની સ્થિતિમાં જામફળનો રસ પીવાથી હાડકાંને વિટામિન સી મળે છે અને તેમની શક્તિ વધારવામાં મદદરૂપ થાય છે.

### હાઈ યુરિક એસિડમાં જામફળનું જ્યુસ છે ફાયદાકારક

પથરીને સાફ કરે છેઃ હાઈ યુરિક એસિડમાં જામફળનું જ્યુસ પીવાથી પથરીઓને સાફ કરવામાં મદદ મળે છે. તે વિટામિન સીથી ભરપૂર છે જે સાંધામાં જમા પથરીઓને તોડે છે અને પછી તેને શરીરમાંથી ફ્લશ આઉટ કરવામાં મદદ કરે છે. આ સિવાય આ જ્યુસ પીવાથી યુરિક એસિડની સમસ્યા કંટ્રોલમાં રહે છે. આ સિવાય તેનું સાઈટ્રિક એસિડ એક સ્ક્રબની જેમ કામ કરે છે, જે પથરીઓને હાડકામાં ચોંટવા દેતી નથી.

# દીકરીના લગ્નમાં તલ માત્રની કમી ના રહે એવી વ્યવસ્થા વિષ્ણુભાઇએ ગોઠવી હતી, લગ્ન એટલે ખરીદારી જોરદાર ચાલી રહી હતી......



સગાઈ
- રુપાલી દવે

લગ્નના ઉત્સાહમાં ખરીદીની દોડધામ દોડતી સૂરીલી નું મન અંતાક્ષરી ની રમત યાદ આવતા જ લગન બાદ ના અનેક સાસરિયાં ના નવા સબંધો માં દીકરી જીલ ખોવાઈ એનાથી પિયર ભુલાશે. જીલ તુ આટલી જલદી મોટી કેમ થઈ ગઈ? અરે!!મારી જીલ કોકરોચ નજરે પડતાં ભય ના માર્યા ડેડી બચાવો.. ડેડી જલદી આવી જાવ બોલ્યા કરે છે એ અજાણ્યા સયુંકત પરિવારમાં કેવી રીતે સેટલ થશે?અબજોપતિ. વેપારી વિષ્ણુ પટેલ ના રાજમાં ચપટી વગાડતા નોકરો ની ફોજ આસપાસ દોડતી રહે એવી સાર સંભાળ છે ત્યાં નાની મોટી વાત માટે ખૂબ પોતાની જાત ને નિઃસહાય અનુભવશે પણ ખુદની તકલીફ જણાવશે નહિ. નાનકડી જીલ ને પ્રથમ વખત હાથ માં પકડી ને ફરતી હતી ત્યારે લાગતું હતું મારા હાથમાં વિશ્વ સમેટાઈ ને પડ્યું છે. પરંતુ ઓછા સમય જીલ સાથે વિતાવ્યા છે વિષ્ણુ એ મા બાપ બનીને મારી જીલ ને ઉછેરી છે. અત્યારે એની હાલત શું થતી હશે?

વિષ્ણુભાઇ એની ઓફિસની ચેમ્બર માં બેઠા બેઠા વિચરતા હતા કે એક ક્ષણ વિચાર્યું નહતું કે દીકરી લગ્ન કરીને સાસરે જશે ત્યારે વિષ્ણુ પટેલ તારું શું થશે? એની માં છોડી ને એકાએક જતી રહી ત્યારે જીલ ના સહારે દુઃખદ દિવસો કાઢ્યા હતા.મારી જીલ એ પ્રથમ વખત હાથ પગ ઉછળતા મારી સામું નજર કરતા હસી હતી ત્યારે થયું હતું કે ક્ષણ ને કેદ કરી નાખું. કાશ સૂરીલી લાઈફ માં જલદી પરત આવી ગઈ હોત તો મારી દીકરી ને આટલી જલદી સાસરે મોકલી જ ના હોત. શું કરું એકલા બાપ ની ચિંતા દીકરી યુવાન થતાં સાસરે વળાવી દેવાની હતી? ધંધાના કામકાજ ના લીધે દુનિયા ભર મા ફરવું પડે છે,એક પગ દેશમાં અને બીજો વિદેશ માં. આ દશા ને લીધે વિચાર્યું હતું કે સારા ઘર પરિવાર માં જીલ ના લગ્ન કરાવી ને સાસરે વળાવી દઉં.યુવાન દીકરી ને ક્યાં સુધી વૃદ્ધ સાસુ સસરા ને ભરોસે રાખી શકત.

વિષ્ણુભાઇ નું ઉદાસ મન ક્યાય લાગતું નહતું એ કલાકો ના કલાકો એની ઓફિસની ચેમ્બર માં છત ને નિહાળતા બેસી રહિયા હતા.એના મોબાઈલ ની અને લેન્ડ લાઈન ની રીંગ સતત વાગ્યા કરતી હતી પરંતુ એ પિક નહતા કરતા. મેનેજર અભય શાહ ને થયું કે સર કેમ ફોન પિક નથી કરતા? આજ અગત્ય ની ત્રણ મિટિંગ એક પછી એક અગાઉ થી એરેંજ થયેલી છે. મેનેજર અભય શાહ અન્ય અંદેશો આવતા પોતાની ચેમ્બર માંથી નીકળીને કંપની ના માલિક વિષ્ણુ ભાઈ ની ચેમ્બર તરફ ચાલવા લાગ્યા.

મેનેજર અભય શાહ એ માલિક વિષ્ણુભાઇ ની ચેમ્બર નું ડોર નોક કરીને પૂછ્યું કે સર,અંદર આવી શકું?

વિષ્ણુભાઇ પટેલ એ સહેજ સ્વસ્થ થતાં કહ્યું કે આવી શકો છો.

અભય શાહ એ કીધું કે સર,આપના મોબાઈલ માં અને લેન્ડ લાઈન પર ત્રણ ચાર કલાક થી સતત ફોન આવ્યા કરે છે આપ પિક કેમ નથી કરતા? આપનો ખુબ જૂના માં જૂનો કર્મચારી છું,સુખ દુઃખ ના ઘણા દિવસોમાં આપનો દોસ્ત બનીને સાથે ઉભો રહ્યો છું.શું સમસ્યા છે? મારી સાથે શેર કરશો તો દુઃખ હળવું થશે. બે કલાક બાદ ની મિટિંગ માં સ્વસ્થ થઈ શકો,પ્લીઝ મારા સાથે શેર કરવા લાયક વાત હોય તો શેર કરો.

વિષ્ણુભાઇ એ એકાએક રડવા લાગ્યા રડતા રડતાં કઈક બોલવા જતા હતા પણ એનું ગળું બાજી જતા બોલી ના શક્યા.

અભય શાહ એ પાણી ભરેલો કાચ નો ગ્લાસ આપતા કહ્યું કે સર,પ્લીઝ પહેલા પાણી પી લ્યો.

વિષ્ણુભાઇ એ એકીસાથે ત્રણચાર પાણીના ગ્લાસ ગટગટાવી ને સહેજ સ્વસ્થ થતાં ધીમે થી કીધું કે અભય, દીકરી જન્મે ત્યારે માબાપ કેમ અણગમો વ્યક્ત કરતા હોય છે? એ આજે મને સમજાય છે. દીકરીઓ તો વહાલ નો દરિયો હોય છે પણ નાનકડી દીકરી ના ઘરના ચારેય ખૂણે કલબલાટ ની બાપ ને એટલી બધી આદત પડી ગઈ હોય છે ને કે એને ગમે ત્યારે સાસરે વળાવી દેવાનો ભય સતાવતો હોય છે.આ ભય ના લીધે માબાપ ને દીકરી ના જનમ થી ખાસ ખુશી થતી નહિ હોય. અભય, મને મારી જીલ ના લગ્ન ના દિવસો નજીક આવતા જાય છે ને એમ મારો ધબકાર વધતો જાય છે. શું એવું કશુંક ના કરી શકાય કે જેમાં જીલ નું સાસરું અને પિયર બન્ને સચવાઈ જાય? તમારા પાસે બધા પ્રશ્ન નો હલ છે તો આ પશ્ન ઉકેલો.જીલ ના લગ્ન તો થઈ જાય પણ એ નીતિન સાથે મારી સાથે જ કાયમ રહે.મારી જીલ ને મારાથી દૂર કરવા નથી માંગતો,મને આઈડિયા રાત સુધી માં મોકલો.

શ્રી નાથજી કૃપા માં શ્રી નાથજી ભવન જેવી દેશ વિદેશ થી આવેલા મહેમાનો ની ચહલ પહલ નહતી. વિષ્ણુ ભાઈ ના માતાપિતા સહિત એના બે ભાઈઓ અને ત્રણ બહેનો નો સંપૂર્ણ પરિવાર કચ્છ ના ભૂકંપ મૃત્યુ પામ્યા હતા. બે મામાં અને ત્રણ માસીઓ પણ કચ્છમા રહેતા હોવાથી મોસાળ પણ નામ શેષ થઈ ચક્યું હતું. સાત પેઢી દૂરની બહેન ના વિશ્વાસ ઘાત ને લીધે એની સાથે સાવ સબંધ કાપી નાખ્યાં હતાં. વિષ્ણુભાઇ ના બા નું પિયર મુંબઈ માં રહેતું હોવાથી એ લોકો લગ્ન ના બેત્રણ દિવસ પહેલા આવવાના છે. બાપુજી ના કાકા અને ભાઈઓના પરિવાર નો કાંચી પુરમ રેશમી સાડી નો વ્યવસાય છે એ પરિવાર સહિત બધા બેત્રણ દિવસમાં જીલ ના લગ્ન પ્રસંગ નિમિતે પોહચવા ના છે. સૂરીલી નું મુંબઈ વાસી મોસાળ પણ જીલ ના લગ્ન નિમિતે ચાર પાંચ દિવસ બાદ પોહચી જશે.શ્રી નાથજી કૃપા માં પણ ચાર પાંચ દિવસ બાદ લગ્ન ની ચહલ પહલ સાથે પ્રસંગો ની રમઝટ જામશે. યુ.એસ માં વૈષ્ણવ સત્સંગ મંડળ સાથે ગયેલા નાના નાની પણ બેત્રણ દિવસ થી આવી ગયા હતા.

લગ્નની કંકોત્રી લખાયા બાદ જીલ ના સાસરે ભાઈ એ કંકોત્રી આપવા જવાનો રિવાજ છે.બાળપણ થી જીલ લાલાજી ને રાખડી બાંધ્યા બાદ મુખ્યાજિ ના દીકરા કાનજી ને રાખડી બાંધતી હતી. લગ્ન ની કંકોત્રી ના શુભ અવસર નિમિતે કાનજી લગન ની કંકોત્રી લઈને જીલ ના સાસરે ગયો હતો. કંકોત્રી ને વધાવી ને નીતિન ની મમ્મી કુસુમ બેન એ કાનજી ને જમાડી ને રીવાજ અનુસાર આપતા કપડા,સોનાની ચેન અને કડલો રોકડ રકમ સાથે આપ્યો.કુળદેવી ને કંકોત્રી દ્વારા આમંત્રણ ખુદ વિષ્ણુભાઇ અને નાનાજી આપવા જવાના હતા. જીલ લગ્ન ના ભવ્ય લગ્ન સમારંભ નિમિત્તે ખાસ ઈવેન્ટ મેનેજમેન્ટ હાયર કર્યા હતા.દીકરીના લગ્ન માં તલ માત્ર ની કમી ના રહે એવી વ્યવસ્થા વિષ્ણુભાઈ એ ગોઠવી હતી.દીકરી ના લગ્ન એટલે ખરીદારી જોરદાર ચાલી રહી હતી દેવા લેવાની ચીજ વસ્તુઓની કિંમત લાખોમાં ગણી શકાય. જીલ ના મહેંદી,મંડપ મુહુર્ત,પુલ પાર્ટી,દાંડિયા રાસ વગેરે લગ્ન પહેલા આવતા પ્રસંગો ના ઘરેણાં અને કપડા કરોડો માં ગણતરી કરી શકાય એટલા કિંમતી હતા.હોવાના અબજોપતિ હીરાના વેપારી વિષ્ણુ ભાઈ એકની એક દીકરી હતી.દીકરીના લગ્ન પાછળ લખલૂટ ખર્ચો કરીને આયોજન કર્યું છે પણ વિષ્ણુ ભાઈ નું મન દીકરી ને સાસરે મોકલવાનું નથી,કેમ? આ પ્રશ્ન માં વિષ્ણુભાઇ ના માનસ પટ પર જવાબ નથી,માન્યતા દીકરી ને એક ના એક દિવસ સાસરે વળાવી જ પડે છે એ સમજતી નથી એટલે.

# આરાધ્યાનું પરફોર્મન્સ જોઈને અમિતાભ બચ્ચન ભાવુક થયા

## કહ્યું- માતા-પિતાની હાજરીમાં બાળકો બેસ્ટ પરફોર્મન્સ આપે તે ખુશીની વાત છે; ઐશ્વર્યા-અભિષેકે પણ સાથે ડાન્સ કર્યો

આરાધ્યા બચ્ચન તાજેતરમાં ધીરુ ભાઈ અંબાણી સ્કૂલના એન્યુઅલ ફંક્શનમાં આયોજિત એક નાટકનો ભાગ હતી, જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર હેડલાઈન્સમાં છે.
ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન તેમની પુત્રીને પ્રોત્સાહિત કરવા માટે સાથે આવ્યા હતા. હવે આરાધ્યાના દાદા અમિતાભ બચ્ચને પણ તેના વખાણ કર્યા છે.

(એજન્સી) મુંબઈ | તા.21

અમિતાભ બચ્ચને શુક્રવારે સાંજે પોતાના બ્લોગમાં આરાધ્યાના અભિનયની પ્રશંસા કરી હતી અને લખ્યું હતું કે, 'બાળક, તેની નિર્દોષતા અને માતા-પિતાની હાજરીમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની ઈચ્છા કેટલી આનંદદાયક છે. અને જ્યારે તેઓ હજારો લોકો સાથે તમારા માટે પ્રદર્શન કરે છે, ત્યારે તે સૌથી આનંદદાયક અનુભવ હોય છે. આજે પણ એવું જ થયું.
અમિતાભ બચ્ચને પણ પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે તેઓ એક દિવસનો આરામ કરીને કામ પર પાછા ફરવાના છે.
ઐશ્વર્યા અને અભિષેક તેમની પુત્રી માટે સાથે પહોંચ્યા, સાથે ડાન્સ કર્યો હાલમાં જ એક સ્કૂલ ફંક્શનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન બાળકોના પરફોર્મન્સ બાદ સાથે ડાન્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન શાહરૂખ ખાને પણ સ્કૂલના બાળકો સાથે જોરશોરથી ડાન્સ કર્યો હતો.
ઐશ્વર્યા અમિતાભ બચ્ચન સાથે બેઠી હતી ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન અને ઐશ્વર્યાની માતા વૃંદા પણ આરાધ્યાનું પર્ફોર્મન્સ જોવા પહોંચ્યા હતા. ફંક્શનમાંથી ઘણી તસવીરો સામે આવી છે, જેમાં ઐશ્વર્યા બિગ બી સાથે ઉભેલી જોવા મળી રહી છે.
ઐશ્વર્યા અને અભિષેકની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થવાનું એક કારણ એ છે કે તેમના છૂટાછેડાના સમાચાર છેલ્લા કેટલાક દિવસોથી હેડલાઈન્સમાં હતા. જો કે, હવે દંપતીએ તેમની પુત્રી માટે સાથે શાળાએ પહોંચીને છૂટાછેડાના સમાચાર પર પૂર્ણવિરામ મૂક્યું છે. ઐશ્વર્યા અને અમિતાભની તસવીરો એ પણ સ્પષ્ટ કરે છે કે બચ્ચન પરિવાર અને ઐશ્વર્યા વચ્ચે કોઈ અંતર નથી.



# 'રણબીર સાવ લંપટ છે':મુકેશ ખન્નાએ રણબીરને આડે હાથ લીધો

## કહ્યું- શ્રીરામનું પાત્ર ભજવનાર રાવણ જેવો ન હોવો જોઈએ

(એજન્સી) મુંબઈ | તા.21

રણબીર કપૂર ટૂંક સમયમાં નીતિશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામની ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે. આ દરમિયાન મુકેશ ખન્નાએ રણબીર કપૂર પર કટાક્ષ કર્યો છે. તેણે રણબીરને લંપટ કહ્યો છે.
મુકેશ ખન્નાએ ફિલ્મ રામાયણમાં રામની ભૂમિકા વિશે વાત કરી હતી મિડ-ડેએ ઈન્ટરવ્યુ દરમિયાન મુકેશ ખન્નાને એક પ્રશ્ન પૂછ્યો હતો કે રણબીર કપૂર ભગવાન શ્રીરામની ભૂમિકા ભજવી રહ્યો છે તે વિશે તમારો શું અભિપ્રાય છે? જેના જવાબમાં મુકેશ ખન્નાએ પોતાનો આઈડિયા શેર કરવાનો ઈનકાર કર્યો હતો. તેણે કહ્યું કે તેના પર દરેક વિશે ટિપ્પણી કરવાનો આરોપ છે.
રામની ભૂમિકા ભજવનાર રાવણ જેવો ન હોવો જોઈએ - મુકેશ વાતચીત દરમિયાન મુકેશ ખન્નાને બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ભગવાન રામના રોલ માટે તેમને ઈન્ડસ્ટ્રીમાંથી સૌથી વધુ પરફેક્ટ કોને લાગે છે, તો મુકેશ ખન્નાએ કહ્યું કે જે કોઈ પણ પાત્ર ભજવે છે તેણે તે પાત્ર અપનાવવું જોઈએ. તેણે રાવણ જેવો દેખાવવો જોઈએ નહીં.
આડકતરી રીતે રણબીરને છિછોરા કહ્યો મુકેશ ખન્નાએ આડકતરી રીતે રણબીર કપૂર પર કટાક્ષ કર્યો અને કહ્યું કે, 'જો કોઈ વ્યક્તિ તેના વાસ્તવિક જીવનમાં લંપટ છે, તો તે સ્ક્રીન પર પણ તે જ દેખાશે. જો તમે રામનું પાત્ર ભજવતા હોવ તો તમારે રામ જેવું દેખાવું પડશે. તેને પાર્ટી કરવાની અને દારૂ પીવાની મંજૂરી આપવી જોઈએ નહીં. પરંતુ રામની ભૂમિકા કોણ ભજવશે તે નક્કી કરનાર હું કોણ છું.
આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવશે અને સાઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે. જ્યારે સુપરસ્ટાર યશ રાવણના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે, જેનો પહેલો ભાગ 2026માં દિવાળીના અવસર પર રિલીઝ થશે અને બીજો ભાગ 2027માં રિલીઝ થશે. જો રિપોર્ટ્સનું માનીએ તો એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સની દેઓલ આ ફિલ્મમાં ભગવાન હનુમાનની ભૂમિકા ભજવી શકે છે. જો કે હજુ સુધી અભિનેતા કે નિર્માતાઓએ આ અંગે કોઈ માહિતી આપી નથી.





# કિસકો થા પતા: પ્રેમ, જુનૂન અને દીવાનગીની દિલને સ્પર્શી જતી સફર, 25 ડિસેમ્બર રાત્રે 8 વાગ્યે જી સિનેમા પર...

મુંબઈ, ડિસેમ્બર 2024: આ ક્રિસમસે, 25 ડિસેમ્બર રાત્રે 8 વાગ્યે, જી સિનેમા પર જુઓ 'કિસકો થા પતા', એક એવી કહાની જે તમારાં દિલને સ્પર્શી જશે. 'શાદી મેં જરુર આના' અને 'મિડલ ક્લાસ લવ' જેવી ફિલ્મો માટે પ્રસિદ્ધ ડિરેક્ટર રત્ના સિન્હાની ફિલ્મ 'કિસકો થા પતા'માં અશનૂર કૌર, અક્ષય ઓબેરોય અને આદિલ ખાન જેવા શ્રેષ્ઠ કલાકારો છે. તો આ ક્રિસમસે, પ્રેમ, જુનૂન અને દીવાનગીના એક રસપ્રદ સફર માટે તૈયાર થઈ જાઓ, જે આખા પરિવાર માટે યાદગાર અનુભવ બની રહેશે. આ કહાની નાના શહેર રાયપુરથી શરૂ થાય છે, જે આ ફિલ્મની સાદગી અને વાસ્તવિકતાને પૂરી રીતે સમજાવે છે. અને હા, આ ફિલ્મના સંગીતો- પાગલ હુઆ, રજ કે અને શૈદાઈ- તમારા કાન જ નહીં પણ તમારા દિલને પણ શાંતથી ભરી દેશે. દરેક ગીત તમને ફિલ્મના ભાવનાત્મક સફર પર લઈ જશે, અને માનવુ પડે કે, તમે તેને વારંવાર સાંભળવા માટે પ્રેરિત થશો. અશનૂર કૌરે કહ્યું: "શ્રેયા એક એવો પાત્ર છે જે કોઈને પણ સંબોધી શકે છે, જે પ્રેમના ભાર અને તેને ગુમાવવાની ભીતિને અનુભવી ચૂક્યો હોય. આ કહાની વાસ્તવિકતા, શક્તિ અને ગુમાયેલી આશાનું પ્રતિબિંબ છે. હું ખુશ છું કે હું આવી કહાનીનો ભાગ છું, જે દર્શકોને પ્રેમ અને કિસ્મત પર વિચારવાનું મજબુર કરી દેશે. આ પહેલીવાર હતું જ્યારે મેં મારા માતાપિતાના વિના એકલા શૂટિંગ કર્યું, જેથી હું થોડી ગભરાયેલી હતી, પરંતુ સાથે જ ખૂબ જ ઉત્સાહી પણ. મને આશા છે કે લોકો જી સિનેમા પર આ ફિલ્મ જોતી વખતે શ્રેયાને તેટલું જ જોડાયે અનુભવશે જેટલું મેં કર્યું." અક્ષય ઓબેરોયે કહ્યું: "દેવાંશ એવો માણસ છે, જેની આખી દુનિયા તદન તૂટી પડે છે, જ્યારે તે વ્યક્તિ તેને છોડી જાય છે, જેનો તેને સૌથી વધુ પ્રેમ હોય છે. આ પાત્ર ભાવનાઓથી ભરેલું હતું.




# ક્રિતી સેનન અને કબીર આવતાં વર્ષે લગ્ન કરે તેવી સંભાવના...



મુંબઈ : ક્રિતી સેનન આવતા વર્ષે તેના બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે લગ્ન કરી લેશે તેવી ચર્ચા શરૂ થઈ છે.ક્રિતી અને કબીર બહુ લાંબા સમયથી રિલેશનશિપમાં છે. હાલમાં ક્રિતીએ કબીરના પરિવારમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી.
તે પરિવારની મુખ્ય સભ્ય હોય તે રીતે જ આ લગ્નમા ઓતપ્રોત જોવા મળી હતી. તેણે તમામ વિધિમાં ભાગ લીધો હતો અને સ્ટેજ પર વર તથા કન્યા સાથે જ હાજર રહી હતી. હજુ થોડા સમય પહેલા કબીર પણ ક્રિતી ના પરિવારિક પ્રસંગમાં હાજર જોવા મળ્યો હતો.
ક્રિતી નો સમગ્ર પરિવાર કબીર સાથે હળી વળી ગયો હોય તેવું જોવા મળ્યું હતું. ક્રિતી અને કબીર અનેકવાર સાથે દેખાઈ ચૂક્યા છે. તેઓ સોશિયલ મીડિયા પર પણ પ્રેમીઓની જેમ સંવાદ સાધતા હોય છે.

# સાસુનો રોલ નહોતી કરવા માગતી અમીષા પટેલ

## 'ગદર 2' ના શૂટિંગ દરમિયાન ડિરેક્ટર સાથે વાત કરી નહોતી, અનિલ શર્માએ સ્ટોરી શેર કરી હતી

(એજન્સી) મુંબઈ | તા.21

ફિલ્મ મેકર અનિલ શર્મા આ દિવસોમાં પોતાની ફિલ્મ 'વનવાસ;ને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન તેણે 'ગદર-2'માં અમીષા પટેલને કાસ્ટ કરવાની વાત કહી છે. તેણે કહ્યું કે એક્ટ્રેસ આ ફિલ્મમાં સાસુ-સસરાની ભૂમિકા ભજવવા માંગતી નથી.
અનિલ શર્માએ અમીષા પટેલની ઉંમર વિશે વાત કરી હતી સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીત દરમિયાન અનિલ શર્માએ કહ્યું હતું કે, અમીષા પટેલને 'ગદર 2'માં જેટલી જગ્યા મળી હતી તેટલી જગ્યા મળી શકી નથી. તે સમજી શકતો ન હતો કે ઉંમર પણ એક વસ્તુ છે. જ્યારે તમે જીતની માતા છો, ત્યારે તમારે તેની પત્નીની સાસુ પણ બનવું પડશે.
એક્ટરે દરેક પ્રકારની ભૂમિકા ભજવવાની હોય છે - અનિલ અનિલે આગળ કહ્યું- હું માનું છું કે તેણે પોતાની જાત પર ઘણી મહેનત કરી છે. પરંતુ તે એક કલાકાર હોવાથી તેણે દરેક પ્રકારના રોલ કરવા પડશે. 'મધર ઈન્ડિયા'માં નરગીસ પણ માતા બની હતી. ત્યારે તે એકદમ નાની હતી.
શૂટિંગ દરમિયાન ડિરેક્ટર સાથે વાત નહોતી કરી - અમીષા અમીષા પટેલે ભૂતકાળના ઘણા ઈન્ટરવ્યુમાં અનિલ શર્મા સાથે સર્જનાત્મક મતભેદો વિશે પણ વાત કરી છે. એક જૂના ઈન્ટરવ્યુમાં અમીષા પટેલે કહ્યું હતું કે તેણે શૂટિંગ દરમિયાન ડિરેક્ટર અનિલ શર્મા સાથે વાત કરી ન હતી. એક્ટ્રેસે એમ પણ કહ્યું હતું - હું તેમનું ખૂબ સન્માન કરું છું. જેના કારણે અમારા સંબંધો પર ક્યારેય કોઈ અસર થઈ નથી. 'ગદર 2'નું શૂટિંગ 30-40 દિવસનું હતું.આસિસ્ટન્ટ ડિરેક્ટર મારફત મારા સુધી પોતાના મંતવ્યો જણાવતી હતી.



**ગદર વર્ષ 2001માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી:** ગદર 2 વર્ષ 2023માં રિલીઝ થઈ હતી અમીષા પટેલ છેલ્લે સની દેઓલ સાથે ફિલ્મ 'ગદર 2'માં જોવા મળી હતી. આ ફિલ્મ 11 ઓગસ્ટ 2023ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. 22 વર્ષ પછી, ગદર 2 થિયેટરોમાં ગદર જેટલી મોટી હિટ બની. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 670 કરોડ રૂપિયાની કમાણી કરીને ઘણા રેકોર્ડ તોડ્યા હતા.

# 'પુષ્પા-2'ને ટક્કર આપવા આવી ગઈ આ ફિલ્મ, પહેલા દિવસે જ ભારતમાં કરી દીધી કમાલ...

(એજન્સી) મુંબઈ | તા.21

ડિઝની પ્લસ હૉટસ્ટારની ફેમસ ફિલ્મ 'ધ લાયન કિંગ'ની સિક્વલ 'મુફાસાઃ ધ લાયન કિંગ'એ ભારતીય બૉક્સ ઑફિસ પર પહેલાં દિવસે 10 કરોડ રૂપિયાની કમાણી સાથે ધમાકેદાર શરુઆત કરી છે. આ આંકડો 2019માં 'ધ લાયન કિંગ'ની પહેલાં દિવસની કમાણીના લગભગ 80 ટકા છે. ભારતમાં આ ફિલ્મને લઈને લાંબા સમયથી બઝ બનેલું હતું. જ્યાં ઘણાં દેશોમાં 'મુફાસા'એ પોતાની ગત ફિલ્મની કમાણી જેટલી કમાણી કરી છે. વળી, ભારતમાં પહેલાં દિવસે શાનદાર કલેક્શન કર્યું છે.
ફોટો રિયાલિસ્ટિકલી એનિમેટેડ ફિલ્મ 'મુફાસાઃ ધ લાયન કિંગ' ભારતમાં ઘણી ભાષાઓમાં રિલીઝ થઈ છે. હિન્દી વર્ઝનમાં શાહરૂખ ખાન અને તેલુગુ વર્ઝનમાં મહેશ બાબુની અવાજથી કહાનીને શાનદાર રીતે રજૂ કરવામાં આવી છે. સેક્નિલ્ક અનુસાર, 'મુફાસા' એ પહેલાં દિવસે ભારતમાં તમામ ભાષાઓમાં લગભગ 10 કરોડની કમાણી કરી. વળી, પહેલાં દિવસની કમાણી જોતાં અંદાજો લગાવવામાં આવી રહ્યો છે કે, 'મુફાસા' અલ્લુ અર્જુનની 'પુષ્પા 2'ને જોરદાર ટક્કર આપી શકે છે.

# શાહરુખ અને હું પતિ-પત્ની જેવા, સલમાન વાત કરવાને લાયક નથી: અભિજીતનું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા.21

બોલિવૂડ એક્ટર સલમાન ખાન અને શાહરૂખ ખાનના લાખો ચાહકો છે. તેઓને દેશ-વિદેશમાં પણ અનેક લોકો પસંદ કરે છે. પરંતુ, સિંગર અભિજીત ભટ્ટાચાર્યનું આ વિશે એકદમ જૂદું મંતવ્ય સામે આવ્યું છે, જેણે સૌ કોઈને ચોંકાવી દીધા છે. સિંગરે એક ઈન્ટરવ્યુમાં બંને ખાન સાથે પોતાના સંબંધ વિશે વાત કરી અને કહ્યું કે, સલમાનની હજુ એ હેસિયત નથી કે હું તેના વિશે હું વાત પણ કરું. અભિજિત ભટ્ટાચાર્યે હાલમાં જ એક પોડકાસ્ટમાં શાહરૂખ ખાન અને સલમાન ખાન જેવા સ્ટાર્સ સાથે પોતાના ઝઘડા વિશે વાત કરી. વિભિન્ન ભાષાઓમાં લગભગ 1 હજાર ફિલ્મોમાં ગીતો ગાઈ ચુકેલા સિંગરે કહ્યું, 'સલમાન હજુ સુધી એવા લોકોમાં નથી આવતો જેના વિશે હું ચર્ચા કરૂ.' તેથી તેઓએ હોસ્ટને ટૉપિક બદલવા અને ટાઈગર 3 ફેમ સલમાન વિશે સવાલ ન કરવા કહ્યું.
અભિજીતે શાહરૂખ ખાન વિશે કહ્યું કે, શાહરૂખ એક અલગ જ ક્લાસનો માણસ છે અને અમારા સંબંધોમાં આવેલી ખટાસ ગેરસમજણના કારણે નહીં, પરંતુ પ્રોફેશનલ સંબંધોના કારણે છે. બાકી તેના વિશે પણ તમે મારી સાથે વાત ન જ કરશો. નોંધનીય છે કે, સિંગરે આ પહેલાં શાહરૂખ ખાન સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, હું આના માટે ગીત નહીં ગાઉ. શાહરૂખ ખાન સાથે પેચઅપ વિશે અભિજીતે કહ્યું કે, 'કેમ નહીં કરીએ પેચઅપ? અમે બંને એકબીજા માટે બન્યા છીએ, જેમ એક પતિ-પત્ની હોય છે, તેમ અમે છીએ.
મતલબ પતિ-પત્નીમાં ઝઘડો થાય જ છે ને? કોઈ એકે તો પેચઅપ કરવું જ પડશે ને? મેં કહ્યું પણ હતું કે, ક્યારેક મળશે તો ખિજાઈને કહી દઈશ કે તું મારા માટે હું તારા માટે નથી ગાતો. એક સારી વસ્તુ બની રહી છે બીજું કંઈ નહીં.'

# 'મારે દિવંગત અભિનેત્રી સ્મિતા પાટીલની બાયોગ્રાફી કરવી છે'

## ટીવી એક્ટ્રેસ રાજશ્રી ઠાકુરે કહ્યું- તેઓ દરેક પાત્રને ખૂબ જ ઈમાનદારીથી ભજવતા હતા...

(એજન્સી) મુંબઈ | તા.21

'સલોની'ના પાત્રમાં પોતાની ઓળખ બનાવનાર રાજશ્રી ઠાકુર હાલમાં ટીવી શો 'બસ ઈતના સા ખ્વાબ'માં લીડ રોલ કરી રહી છે. તાજેતરમાં, દિવ્ય ભાસ્કર સાથેની વાતચીત દરમિયાન, અભિનેત્રીએ તેના વ્યાવસાયિક અને અંગત જીવન વિશે કેટલીક રસપ્રદ બાબતો શેર કરી. તેણે દિવંગત અભિનેત્રી સ્મિતા પાટીલની બાયોગ્રાફીમાં પણ કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. વાતચીતના કેટલાક મુખ્ય અંશો વાંચો:
શરૂઆતમાં, જ્યારે તમે ઘરે કહ્યું કે તમે એક્ટ્રેસ બનવા માગો છો, ત્યારે તમારા પરિવારની પ્રતિક્રિયા શું હતી? હું એક મરાઠી પરિવારમાંથી આવું છું, જ્યાં હંમેશા શિક્ષણ અને સારી નોકરીને પ્રાથમિકતા આપવામાં આવતી હતી. તે સમયે બેંકની નોકરી સૌથી સુરક્ષિત અને આદરણીય માનવામાં આવતી હતી. પણ મારે આ બધું કરવાનું નહોતું. જ્યારે મેં ઘરે કહ્યું કે હું એક્ટ્રેસ બનવા માંગુ છું, ત્યારે પિતા ઘણા દિવસોથી મારી સાથે વાત કરતા ન હતા. જો કે, જ્યારે તેઓએ મારું કામ અને મને લોકો તરફથી મળતો પ્રેમ જોયો ત્યારે તેમની વિચારસરણી બદલાઈ ગઈ. ત્યારે એ જ પિતાએ કહ્યું, 'આ તારું સાચું સપનું છે અને તું જે કંઈ કરી રહી છે તે ખૂબ જ સારી રીતે કરી રહ્યો છે.' મારા માટે આ એક મોટી ક્ષણ હતી, જેણે મારા સપનાને વધુ ખાસ બનાવ્યું હતું.
શું તમને ક્યારેય ફક્ત તમારા પરિવાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને તમારી પોતાની ખુશીઓને બાજુ પર રાખવાનો ડર નથી? હું પણ ખૂબ જ વહાલી દીકરીની માતા છું. અમારી દીકરીને જોઈને ચોક્કસ ડર લાગે છે કે તે કેવા વિચારો અને વિચારોથી પ્રભાવિત થઈ શકે છે. આજની પેઢી ખૂબ જ જાગૃત છે, તેમને યુટ્યુબ અને સોશિયલ મીડિયા પર એક્સપોઝર મળ્યું છે. બાળકોને નિયંત્રિત કરવું ખૂબ મુશ્કેલ છે કારણ કે આજકાલ અભ્યાસ પણ મોબાઈલ પર થાય છે. મને ક્યારેય લાગ્યું નથી કે મારે બધું છોડીને માત્ર મારી દીકરી પર ધ્યાન આપવું જોઈએ. મારું પેશન, મારું કામ, મારું સપનું પણ મહત્ત્વનું છે. જો હું પોતે ખુશ નથી, તો હું પરિવારને ખુશ નહીં રાખી શકું. મારી ખુશી મારા કામમાં છે, અને હું તે કેમ ન કરું? 'બસ ઈતના સા ખ્વાબ'માં અવનીની વાર્તા એક જ છે - તે પોતાના માટે નહીં પણ પોતાના ઘર માટે કરી રહી છે. તેની ખુશી તેના પરિવારની ખુશીમાં સમાયેલી છે.



# શાહિદની કરીના સાથેની તસવીર વાઈરલ...

## બંનેને એક ફ્રેમમાં જોઈને ફેન્સ થયા ખુશ, કહ્યું- આજે ફરી ગીત-આદિત્ય યાદ આવ્યા

(એજન્સી) મુંબઈ | તા.21

મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં એન્યુઅલ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ફિલ્મ સ્ટાર્સ તેમના બાળકોને સપોર્ટ કરવા આવ્યા હતા. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક તસવીર વાઈરલ થઈ છે, જેમાં શાહિદ કપૂર કરીના કપૂરની પાછળ બેઠેલો જોવા મળી રહ્યો છે. આ જોઈને ચાહકોને ફરી એકવાર ફિલ્મ 'જબ વી મેટ'નું ગીત અને આદિત્ય યાદ આવી ગયા.
વાસ્તવમાં, આ ઈવેન્ટમાં કરીના કપૂર તેના પુત્રો તૈમૂર અને જેહને ચીયર કરવા પહોંચી હતી, જ્યારે તેની પાછળ બેઠેલો શાહિદ કપૂર તેની પુત્રી મિશાને સપોર્ટ કરવા આવ્યો હતો. તે જ સમયે, ચાહકો આ વાઈરલ થયેલી તસવીર પર ઉત્સાહપૂર્વક ટિપ્પણી કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'આ તસવીર ખૂબ જ સારી છે - બેબો અને શાહિદ એક જ ફ્રેમમાં!' બીજાએ લખ્યું, 'ગીત અને આદિત્ય તેમના બાળકોને પોતપોતાના પાર્ટનર સાથે જોઈ રહ્યા છે.', ત્રીજા યુઝરે લખ્યું, 'શાહિદનો ચહેરો બધુ કહી રહ્યો છે.'
કરીના કપૂરે 2000માં ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. શાહિદે 2003માં ડેબ્યૂ કર્યું હતું. બંનેએ પહેલીવાર ફિલ્મ 'ફિદા' (2004)માં સાથે કામ કર્યું હતું. બંને પહેલીવાર 'ફિદા'ના સેટ પર મળ્યા હતા. આ તે સમય હતો જ્યારે કરીનાની ગણતરી સફળ અભિનેત્રીઓમાં થતી હતી અને શાહિદે ઈન્ડસ્ટ્રીમાં પોતાની કારકિર્દીની શરૂઆત જ કરી હતી. આ પછી બંને ફરી એકબીજાને ડેટ કરવા લાગ્યા. પરંતુ 2007માં ફિલ્મ 'જબ વી મેટ' રિલીઝ થઈ ત્યાં સુધીમાં તેઓ એકબીજાથી અલગ થઈ ગયા.



# ગુકેશને કાર્લસનની ચેલેન્જ મંજૂર

## કાર્લસને કહ્યું હતું- જો મને તક મળશે, તો હું સ્વીકારીશ



(એજન્સી) ચેન્નઈ તા 21

ભારતના વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ (18)એ ભાસ્કરને જણાવ્યું કે તે કોઈપણ ટુર્નામેન્ટમાં 5 વખતના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને રમવા માટે તૈયાર છે. ગુકેશે 12 ડિસેમ્બરે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ચીનના ડિંગ લિરેનને 7.5-6.5થી હરાવ્યો હતો. ગુકેશ આટલી નાની ઉંમરમાં ટાઈટલ જીતનાર વિશ્વનો પ્રથમ ખેલાડી છે. આ પહેલા 1985માં રશિયાના ગેરી કાસ્પારોવે 22 વર્ષની ઉંમરમાં આ ખિતાબ જીત્યો હતો. હકીકતમાં, ગુકેશ ચેમ્પિયન બન્યા પછી કાર્લસને કહ્યું હતું કે, 'હું વર્લ્ડ ચેમ્પિયનશિપમાં નથી રમીશ. મને હરાવવા માટે ત્યાં કોઈ નથી.' ગુકેશ અને કાર્લસન આવતા વર્ષે (2025) નોર્વે ચેમ્પિયનશિપમાં 26 મેથી 6 જૂન, 2025 દરમિયાન પ્રથમ વખત એકબીજા સામે ટકરાશે. જ્યારે ભાસ્કરે ગુકેશને પૂછ્યું તો તેણે કહ્યું કે કાર્લસન સર્વશ્રેષ્ઠ છે, જો મને તક મળશે તો હું ચેસબોર્ડ પર તેની સામે મારી કસોટી કરીશ. મને યાદ છે કે 2015માં એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપમાં પ્રથમ વખત અંડર-9 કેટેગરીમાં જીતી હતી. ત્યારથી મેં તાલીમને વધુ જટિલ બનાવી.

### પરિવારે તમારા માટે બધું જોખમમાં મૂક્યું. તમને એ સંઘર્ષ યાદ છે?

હું તેમને કેવી રીતે ભૂલી શકું? એ દિવસો હતા જે મને ચેસબોર્ડ પરથી નજર હટવા ન દેતા. જ્યારે પણ મેં દૂર જોવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મને મારા માતાપિતાના સંઘર્ષની ક્ષણો યાદ આવી. એક સમયે, અપેક્ષાઓનું ખૂબ દબાણ મારી રમતને પણ અસર કરતું હતું. તે 2023ની શરૂઆત હતી. તેથી મેં માત્ર શીખવાનું ચાલુ રાખવાનું, મારી જાતને સુધારવાનું નક્કી કર્યું છે. આ લાઈન પર આગળ વધ્યા અને ઘરના ટેકાથી દબાણમાંથી બહાર આવ્યા. કેટલીકવાર અપેક્ષાઓનું દબાણ તમારા લક્ષ્યને બદલી શકે છે, તેથી યોગ્ય સમયે તેમાંથી બહાર આવવું વધુ સારું છે.

### 3 મેચની સિરીઝ માટે 9 દિવસ સુધી રોકાશે; પોલીસ પ્રોટેક્શન સાથે હોટલ પહોંચ્યાં

# વડોદરા એરપોર્ટ પર મહિલા ક્રિકેટ ટીમનું ભવ્ય સ્વાગત



(એજન્સી) વડોદરા તા 21

**3 મેચની વન-ડે ઈન્ટરનેશનલ સિરીઝ માટે વડોદરા પહોંચી**

વડોદરા શહેરના નવા તૈયાર થયેલા કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં હાલ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે યોજનાર 3 મેચની વન-ડે ઈન્ટરનેશનલ સિરીઝ માટે તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બંને ટીમો આજે વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. આ સમયે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. કેટલાક ફેન્સ તો પોતાની ફેવરેટ ક્રિકેટરને જોવા માટે ખાસ પહોંચ્યા હતા. ત્યાર બાદ બંને ટીમો હોટેલ ITC વેલકમ ખાતે પહોંચી અને આવતીકાલે બપોરે 2 વાગ્યે કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ કરશે.

આગામી 22 ડિસેમ્બરથી વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે વનડે ઈન્ટરનેશનલ સિરીઝ રમાવા જઈ રહી છે. જેને લઈને આજે મુંબઈથી બંને ટીમો રાત્રે 9:15 વાગે મુંબઈથી વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. જે બંને ટીમોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને ટીમો એરપોર્ટથી 5 સ્ટાર હોટલ ITC વેલકમ ખાતે પહોંચી હતી, જ્યાં બંને ટીમો 9 દિવસ સુધી રોકાશે. હોટલ ITC વેલકમમાં પણ બંને ટીમોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની બેટસમેન હરલીન દેઓલ દિલ્હીથી વડોદરા પહોંચી હતી. તે માત્ર ક્રિકેટર અલગથી ફ્લાઈટમાં વડોદરા આવી હતી. તે ટી ટવેન્ટી ક્રિકેટમાં ન રમી હોવાથી અલગથી વડોદરા આવી હતી. ભારતીય મહિલા ક્રિકેટરો વોલ્વો બસમાં બેઠા પછી મોબાઈલમાં વ્યસ્ત જોવા મળી હતી. તેઓને પોલીસ પ્રોડક્શન સાથે એરપોર્ટથી વેલકમ હોટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બંને ટીમોના આગમનને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને પ્લેયર અને મેચ ઓફિશિયલ એરિયાને BCCI પોતાની અંદરમાં લઈ લીધા છે અને આ એરિયામાં કોઈને જવા દેવામાં આવતા નથી. બંને ટીમો નેટ પ્રેક્ટિસ બાદ હોટલ ITC વેલકમમાં સ્વિમિંગ પૂલ, ફિટનેસ સેન્ટર (જીમ) પણ છે. જે બંને ટીમો એક્સરસાઈઝ કરી શકશે. વેલકમ હોટલમાં લક્ઝરીયસ રૂમ છે. બંને ટીમો માટે પણ વિશેષ જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્ટેડિયમની બહાર પણ પ્રેક્ટિસ માટે પણ પીચ તૈયાર કરાઈ

કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે મુંબઈ અને સ્થાનિક માટીમાંથી 11 પીચ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટેડિયમની બહાર પણ પ્રેક્ટિસ માટે 25 પીચ તૈયાર કરવામાં આવી છે. જેમાંથી 4 સિમેન્ટ પીચ છે. આ સ્ટેડિયમની 32 હજારથી વધુ પ્રેક્ષકોની કેપેસિટી છે. અહીંની પીચ રેડ સોઈલ અને બ્લેક સોઈલથી પીચ તૈયાર કરી છે અને ઈન્ડોર અને આઉટડોર નેટ્સની ફેસિલીટી છે. ઋષિકા સિંગે જણાવ્યું હતું કે, હું સ્મૃતિ મંધાનાની ફેન છું. જેથી, તેમને જોવા માટે અહીં આવી છું. સ્મૃતિ મંધાનાએ મને ત્રણવાર હાઈ કર્યું હતું. મને ખૂબ સારું લાગ્યું છે. હું પણ ક્રિકેટર બનવા માંગુ છું અને બીસીએમાં ક્રિકેટ રમું છું. બંને ટીમો માટે જમવાની વિશેષ વ્યવસ્થા કરાઈ ભારતીય મહિલા ક્રિકેટરો વોલ્વો બસમાં બેઠા પછી મોબાઈલમાં વ્યસ્ત જોવા મળી હતી. તેઓને પોલીસ પ્રોડક્શન સાથે એરપોર્ટથી હોટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

# પૂર્વ ક્રિકેટર ઉથપ્પા સામે અરેસ્ટ વોરંટ

(એજન્સી) નવી દિલ્હી તા 21

પ્રોવિડન્ટ ફંડ (PF) કૌભાંડના આરોપમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પા વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. આ વોરંટ ક્ષેત્રના પીએફ કમિશનર સદાક્ષરી ગોપાલ રેડ્ડીએ જાહેર કર્યો હતો, જેમણે પુલકેશનગર પોલીસને જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. પીએફ કૌભાંડનો આરોપ પૂર્વ ક્રિકેટર રોબિન ઉથપ્પા પર પ્રોવિડન્ટ ફંડ કૌભાંડનો આરોપ છે. પ્રાદેશિક પીએફ કમિશનર સદક્ષરી ગોપાલ રેડ્ડીએ તેના વિરુદ્ધ આ ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. આ સાથે તેમણે પોલીસને પણ આ બાબતને ગંભીરતાથી લઈને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી છે.




ઉથપ્પા આ કંપનીનું સંચાલન સંભાળતો હતો રોબિન ઉથપ્પા સેન્ચ્યુરીઝ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનું સંચાલન સંભાળતો હતો. હવે રોબિન પર કંપનીના કર્મચારીઓના પગારમાંથી PF કાપ્યા અને પછીથી એને તેના ખાતામાં એડ ન કરવાનો આરોપ છે. રિપોર્ટ અનુસાર, આ સમગ્ર કૌભાંડ વોરંટ જાહેર થયું છતાં હજુ સુધી ધરપકડ થઈ નથી પુલકેશનગર પોલીસને લેટર લખીને કમિશનર ગોપાલ રેડ્ડીએ કહ્યું છે કે આ વોરંટનો અમલ કરવામાં આવશે. બીજી તરફ ઉથપ્પાએ પોતાનું રહેઠાણ બદલ્યું છે.

# ઉઘાડા પગે છોકરીની તોફાની બોલિંગ પર તેંડુલકર ફીદા

## ઝહીરને ટેગ કરીને લખ્યું- સુશીલાની એક્શનમાં તમારી ઝલક

(એજન્સી) મુંબઈ તા 21

દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરે 12 વર્ષની છોકરીનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે ફાસ્ટ બોલિંગ કરી રહી છે. તેમણે આ વીડિયો પૂર્વ ફાસ્ટ બોલર ઝહીર ખાનને ટેગ કર્યો છે. 51 વર્ષના તેંડુલકરે ઝહીર ખાનને પૂછ્યું - 'સરળ, સહજ અને જોવામાં ખૂબ જ સુંદર! સુશીલાની બોલિંગ એક્શનમાં ઝહીર ખાન તમારી ઝલક દેખાય છે. શું તમે પણ આ જોયું છે. આનો જવાબ આપતાં ઝહીર ખાને લખ્યું - 'તમે બિલકુલ સાચું કહી રહ્યા છો. હું તમારી સાથે સંપૂર્ણપણે સંમત છું. તેની એક્શન ખૂબ જ સરળ અને અસરકારક છે. તે પહેલેથી જ



ખૂબ આશાસ્પદ દેખાઈ રહી છે. હવે દેશના એક મોટા ઉદ્યોગપતિની કંપનીએ પણ સુશીલાને મદદની ઓફર કરી છે.વીડિયોમાં એક સ્કૂલની છોકરી ફાસ્ટ બોલિંગ કરતી દેખાય છે. તેની બોલિંગ એક્શન ઝહીર ખાન જેવી જ છે. આ વીડિયો સુશીલા મીણાનો છે. સુશીલા રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના ધારિયાવડ તાલુકાના રામેર તાલાબ ગામની રહેવાસી છે. કહેવામાં આવી રહ્યું છે કે સુશીલા ગરીબ પરિવારમાંથી આવે છે. તેનાં માતા-પિતા મજૂરી અને ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પિતાનું નામ રતનલાલ મીણા છે, જ્યારે માતાનું નામ શાંતિબાઈ મીણા છે. સુશીલા સ્કૂલમાં ક્રિકેટ સ્પર્ધાઓમાં ભાગ લેતી રહે છે. રાજસ્થાનના એક ગામડામાં ખેડૂત પરિવારમાંથી આવતી સુશીલા હાલમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. હવે આવી સ્થિતિમાં તે કહેવું મુશ્કેલ છે કે તેની પાસે ક્રિકેટનાં કેટલાં સંસાધનો હશે, પરંતુ અંદાજ લગાવી શકાય છે કે તેના માટે કદાચ એ સરળ નહીં હોય. આવી સ્થિતિમાં તેની પ્રતિભાને વિકસાવવા અને ચમકાવવા માટે મદદની જરૂર પડશે અને એવું લાગે છે કે સચિનની આ એક પોસ્ટે કામ કર્યું છે.દેશના સૌથી મોટા ઉદ્યોગપતિમાંના એક આદિત્ય બિરલા ગ્રુપે સચિનની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે. 18 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ ધરાવતી કુમાર મંગલમ બિરલાએ કંપનીના 'x' હેન્ડલ પર લખ્યું છે કે તેઓ સુશીલાને જેથી તેનું કિસ્મત ચમકી શકે. ગ્રુપની આ મદદ સુશીલા સુધી પહોંચે, જેથી તે પોતાનું સપનું પૂરું કરી શકે.

# ભાવનગરના પ્રકાશ ભટ્ટની ICCએ મેચ રેફરી તરીકે નિમણૂક

(એજન્સી) વડોદરા તા 21

22, 24 અને 27 ડિસેમ્બર 2024ના રોજ વડોદરા ખાતે રમાનારી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની વુમન્સની 3 ODI મેચ માટે પ્રકાશ ભટ્ટની ICCએ મેચ રેફરી તરીકે નિમણૂક કરી છે. ICC મેચ રેફરી તરીકે આ તેમની પહેલી ઈન્ટરનેશનલ વન-ડે સિરીઝ હશે. અગાઉ તેઓએ 17 T20 ઈન્ટરનેશનલ ગેમ્સમાં બન્ને કેટેગરી (પુરુષ અને મહિલા)માં રેફરી તરીકે



રહ્યા છે.સૌરાષ્ટ્ર તરફથી પણ રમ્યા છે પ્રકાશ ભટ્ટ પ્રકાશ ભટ્ટનો જન્મ 1970માં ભાવનગરમાં થયો હતો. તેઓ સૌરાષ્ટ્ર તરફથી ડોમેસ્ટિક ક્રિકેટ રમ્યા છે. જેમાં તેઓ 51 ફર્સ્ટ ક્લાસ મેચમાં 39ની સરેરાશથી 3183 રન ફટકાર્યા છે. જેમાં 13 ફિફ્ટી અને 7 સદી ફટકારી છે. તો લિસ્ટ-Aમાં તેઓએ 38 મેચમાં 34ની એવરેજથી કુલ 1007 રન બનાવ્યા છે.

# મોટરસ્પોર્ટ ટુર્નામેન્ટ જેકે ટાયર નોવિસ કપ શરૂ




(એજન્સી) પેરિસ તા 21

મોટરસ્પોર્ટ ટુર્નામેન્ટ જેકે ટાયર નોવિસ કપ 2024નો ચેમ્પિયનની શનિવાર, 21 ડિસેમ્બરે મળી જશે. રેસ શુક્રવાર અને શનિવાર (20 અને 21 ડિસેમ્બર)ના રોજ ચેટ્ટીપલયમ, તમિલનાડુમાં કારી મોટર સ્પીડવે સર્કિટ ખાતે યોજાશે. પાંચ રેસ હશે જેમાં ટોપ પર રહેનાર એકંદરે ચેમ્પિયન બનશે. જેકે ટાયર નોવિસ કપમાં સાત ટીમ ભાગ લેશે. જેમાં સાત ટીમના 22 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નેશનલ રેસિંગ ચેમ્પિયન રૂહાન પણ ભાગ લેશે તેમાં ઘણા મોટા રેસર્સ ભાગ લેશે. જેમ કે- બેંગલુરુના નેશનલ રેસિંગ ચેમ્પિયન રૂહાન આલ્વા, ફોર્મ્યુલા LGB4માં જેકે ટાયર નેશનલ રેસિંગ ચેમ્પિયનશિપના વર્તમાન ચેમ્પિયન તિજિલ રાવ, જેઓ બેંગલુરુના છે, આમિર સઈદ (કોટ્ટાયમ), વિશ્વાસ વિજયરાજ, અર્જુન નાયર અને નાથન છે. કારી મોટર સ્પીડવે એ ફોર્મ્યુલા થ્રી ઓટો રેસિંગ સર્કિટ અથવા રેસ ટ્રેક છે. આ ચેટ્ટીપલયમ છે. 2.100 કિલોમીટર લાંબા ટ્રેકનું ઉદ્ઘાટન 2003માં કર્યું હતું. સર્કિટનું નામ એસ છે. જેનું નામ કરીવર્ધન રાખ્યું છે.

# પાકિસ્તાને સા. આફ્રિકા સામે વન-ડે સિરીઝ જીતી



(એજન્સી) કેપટાઉન તા 21

પાકિસ્તાને 3 મેચની વન-ડે સિરીઝની બીજી મેચમાં સાઉથ આફ્રિકાને 81 રને હરાવ્યું. પાકિસ્તાને ત્રણ ટેસ્ટ મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી છે અને સિરીઝ પણ કબજે કરી લીધી છે. કેપટાઉનમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને પહેલા રમતા 49.5 ઓવરમાં 329 રન બનાવ્યા હતા, પરંતુ તેના જવાબમાં યજમાન સાઉથ આફ્રિકા 43.1 ઓવરમાં માત્ર 248 રન જ બનાવી શકી હતી. અડધી સદી ફટકારનાર કામરાન ગુલામને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો હતો.

**કામરાન, બાબર અને રિઝવાને અડધી સદી ફટકારી :** આ પહેલા પાકિસ્તાને આ મેચમાં પ્રથમ બેટિંગ કરી હતી અને કામરાન ગુલામે ઝડપી ઈનિંગ રમી હતી. તેણે પહેલા 25 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને પછી 32 બોલમાં 5 સિક્સ અને 4 ફોરની મદદથી 63 રન બનાવ્યા.

**ક્લાસેન અને ડેવિડ મિલર વચ્ચે 72 રનની ભાગીદારી :** 329 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની શરૂઆત સારી રહી ન હતી. તેની પ્રથમ વિકેટ માત્ર 34 રન પર પડી હતી. કેપ્ટન ટેમ્બા બાવુમા 12 રન બનાવીને આઉટ થયો હતો. ટોની ડીજ્યોર્જે 34 રન બનાવ્યા હતા. એડન માર્કરમ 21 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આફ્રિકાએ 113 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી.

# છેલ્લી 2 ટેસ્ટ માટે BGT 2024 ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર કરી

(એજન્સી) સિડની તા 21

ઓસ્ટ્રેલિયાએ ભારત સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી 2 ટેસ્ટ મેચ માટે ટીમની જાહેરાત કરી છે. આમાં બે મોટા ફેરફાર કર્યા છે. પ્રથમ ત્રણ ટેસ્ટમાં ઉસ્માન ખ્વાજા સાથે ઓપનિંગ કરનાર નાથન મેકસ્વીનીને પસંદગીકારોએ ટીમમાંથી બહાર કરી દીધો છે, જ્યારે 19 વર્ષીય ઓપનર સેમ કોન્સ્ટાસને પહેલીવાર ટીમમાં સામેલ કર્યો છે. છેલ્લી 2 ટેસ્ટ મેચ માટે ઓસ્ટ્રેલિયન ટીમ પેટ કમિન્સ (કેપ્ટન), સ્ટીવ સ્મિથ (વાઈસ-કેપ્ટન), ટ્રેવિસ હેડ, સીન એબોટ, સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી



(વિકેટકીપર), જોશ ઈંગ્લિસ (વિકેટકીપર), ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટન્સ, માર્નસ લાબુશેન, નાથન લાયન, મિચેલ માર્શ, જાય રિચાર્ડસન, મિચેલ સ્ટાર્ક અને બ્યુ વેબસ્ટર.


# IPL 2025 પહેલા રિંકુ સિંહ બન્યો કેપ્ટન, કારકિર્દીમાં પ્રથમ વખત મળી ટીમની કપ્તાની



(એજન્સી) નવી દિલ્હી તા 21

T20 ક્રિકેટમાં પોતાનો દબદબો જમાવનાર રિંકુ સિંહ હવે ODI ફોર્મેટ માં પણ પોતાના જોરદાર પ્રદર્શનથી ટીમ ઈન્ડિયામાં પોતાનું સ્થાન બનાવવા માંગે છે. આવી સ્થિતિમાં, આ ટૂર્નામેન્ટ તેના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ માત્ર ટીમ ઈન્ડિયા જ નહીં, પરંતુ અહીં કેપ્ટન્સી દ્વારા તે IPL માટે પણ દાવેદારી કરી શકે છે. ટીમ ઈન્ડિયાના યુવા સ્ટાર રિંકુ સિંહનો કરિયર ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે. રિંકુ સિંહે IPLમાં પોતાના શાનદાર પ્રદર્શનથી પ્રભાવિત કરીને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સ્થાન બનાવીને પોતાની પ્રતિભા બતાવી છે. ભારતની T20 ટીમમાં તેનું સ્થાન પહેલાથી જ નિશ્ચિત થઈ ગયું છે. હવે રિંકુને જે પદ મળ્યું છે તે તેના વધતા કદ અને આત્મવિશ્વાસને દર્શાવે છે.ઉત્તર પ્રદેશ ક્રિકેટ એસોસિએશને વિજય હઝારે ટ્રોફી (ODI ટુર્નામેન્ટ) માટે 20 ડિસેમ્બર, શુક્રવારે ટીમની જાહેરાત કરી અને રિંકુ સિંહને કેપ્ટન બનાવવાનો નિર્ણય કર્યો. આ સાથે, તેની સમગ્ર કારકિર્દીમાં પ્રથમ વખત, રિંકુ સિંહ રાજ્યની સિનિયર ટીમની કેપ્ટનશિપ કરતો જોવા મળશે. ટૂર્નામેન્ટ 21 ડિસેમ્બર શનિવારથી શરૂ થઈ રહી છે અને ઉત્તર પ્રદેશની પ્રથમ મેચ 21 ડિસેમ્બરે જ જમ્મુ અને કાશ્મીર સામે થશે. આ સિવાય તેમના ગ્રુપમાં તમિલનાડુ, વિદર્ભ જેવી મજબૂત ટીમો પણ છે.રિંકુ સિંહને કેપ્ટન બનાવવાનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ કેપ્ટનની શોધમાં છે. કોલકાતાએ ટાઈટલ વિજેતા કેપ્ટન શ્રેયસ અય્યરને રિલીઝ કર્યો હતો.

# રવીન્દ્ર જાડેજાની પત્રકાર પરિષદ મુદ્દે બબાલ



(એજન્સી) સિડની તા 21

હાલ ભારતીય ક્રિકેટ ટીમ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની 5 ટેસ્ટ મેચની સીરિઝ રમવા માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર છે. આ ટેસ્ટ સીરિઝની પહેલી મેચ પર્થમાં રમાઈ હતી. જે ભારતે 295 રને જીતી લીધી હતી. ત્યારબાદ એડિલેડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ 10 વિકેટે જીત મેળવી હતી. આ પછીની ગાબા ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ ડ્રો રહી હતી. હાલમાં 5 ટેસ્ટ મેચની સીરિઝની 1-1 થી બરાબર છે. હવે ચોથી ટેસ્ટ મેચ 26 ડિસેમ્બરથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે રમાશે. ભારતીય ટીમે મેલબોર્ન ટેસ્ટ માટે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. 21મી ડિસેમ્બરના રોજ ભારતીય ટીમનું MCG ખાતે પહેલું પ્રેક્ટિસ સેશન હતું. રવીન્દ્ર જાડેજાએ પ્રેક્ટિસ સેશન દરમિયાન મીડિયાને સંબોધન કર્યું હતું. પ્રેસ કોન્ફરન્સ (PC) દરમિયાન જાડેજાએ હિન્દીમાં જ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. PCના અંતે ઓસ્ટ્રેલિયન પત્રકારો જાડેજાને અંગ્રેજીમાં પ્રશ્નો પૂછવા માંગતા હતા. જો કે જાડેજાએ બસ પકડવાનું કહીને તે PCને છોડીને ત્યાંથી ચાલ્યો ગયો હતો. સમયના અભાવે કેટલાક ભારતીય પત્રકારો પણ પ્રશ્નો પૂછી શક્યા ન હતા. જો કે, ઓસ્ટ્રેલિયન મીડિયા જાડેજાથી એકદમ નારાજ થઈ ગયું હતું. ભારતીય ટીમના મીડિયા મેનેજરે તેમને સમજાવવાની કોશિશ કરી.

# બાંગ્લાદેશે ત્રીજી T20 80 રને જીતી




(એજન્સી) કિંગ્સટન તા 21

બાંગ્લાદેશે ત્રીજી T-20 મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 80 રને હરાવ્યું છે. આ રીતે બાંગ્લાદેશે 3 મેચની સિરીઝ 3-0થી જીતી લીધી અને પહેલીવાર T-20 ફોર્મેટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ક્લીન સ્વીપ કર્યું છે.

શુક્રવારે કિંગ્સટનમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશના કેપ્ટન લિટન દાસે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 189 રન બનાવ્યા હતા. જવાબમાં કેરેબિયન ટીમ 16.4 ઓવરમાં 109 રનમાં સમેટાઈ ગઈ હતી. ઝાકર અલીએ અણનમ 72 રન બનાવ્યા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કર્યો હતો. બાંગ્લાદેશ તરફથી ઝાકર અલીએ અણનમ 72 રન બનાવ્યા બાંગ્લાદેશ તરફથી ઝાકર અલીએ 41 બોલમાં અણનમ 72 રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં 3 ફોર અને 6 સિક્સર ફટકારી હતી. પરવેઝ હુસૈન ઈમોને 21 બોલમાં 39 રન બનાવ્યા હતા. જ્યારે મહેંદી હસન મિરાજે 23 બોલમાં 29 રનનું યોગદાન આપ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ તરફથી રોમારિયો શેફર્ડે સૌથી વધુ 2 વિકેટ લીધી હતી. આ સિવાય અલ્ઝારી જોસેફ, રોસ્ટન ચેઝ અને ગુડાકેશ મોતીને 1-1 વિકેટ મળી હતી.

# ધોની મુશ્કેલીમાં, સરકારી જમીન પર બનાવેલા મકાનનો કોમર્શિયલ ઉપયોગ મામલે તપાસ

(એજન્સી) રાંચી તા 21

ભાજપના પ્રદેશ કાર્યાલયને નોટિસ મોકલ્યા બાદ હવે ઝારખંડ સ્ટેટ હાઉસિંગ બોર્ડની નજર ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના હરમુ સ્થિત આવાસ પર છે. ધોનીના હરમુ સ્થિત આવાસમાં ન્યુબર્ગ સુપ્રાટેક (પેથોલોજી સેન્ટર) લેબ ખોલવાની તૈયારીની સૂચના પર ઝારખંડ રાજ્ય આવાસ બોર્ડે તપાસ બેસાડી છે. તે હવે ધોનીને નોટિસ મોકલવાની તૈયારીમાં છે. કોમર્શિયલ ઉપયોગની સૂચના ઝારખંડ સ્ટેટ હાઉસિંગ બોર્ડના અધ્યક્ષ સંજય લાલ પાસવાને આ સમગ્ર મામલે માહિતી આપતા જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા રમતગમતના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ મહેન્દ્ર સિંહ ધોનીને એક રહેણાંક પ્લોટ આપ્યો હતો. હવે જાણકારી મળી રહી છે કે,, આ પ્લોટનો ઉપયોગ ન્યુબર્ગ સુપ્રાટેક (પેથોલોજી સેન્ટર) લેબ ખોલવા માટે કરવામાં આવી રહ્યો છે.જો આ પ્લોટનો કોમર્શિયલ ઉપયોગ કરવામાં ગણાશે. બોર્ડના અધિકારીઓને આ મામલે તપાસ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. સંજય લાલ પાસવાને કહ્યું કે, તપાસ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# સરહદ પર બનાવો સ્ટેડિયમ, એક ગેટ પાકિસ્તાનમાં અને બીજો ભારતમાં: પૂર્વ ખેલાડીની અજબ-ગજબ સલાહ

(એજન્સી) પાકિસ્તાન તા 21

પાકિસ્તાન અગામી ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું આયોજન કરી રહ્યું છે. જો કે, ભારતીય ટીમ આ ટુર્નામેન્ટ રમવા માટે પાકિસ્તાન જશે નહીં. આ અંગે PCB (Pakistan Cricket Board)એ ઘણાં સમયથી હોબાળો મચાવ્યો હતો. જો કે, હવે ICCના કહેવા પર PCB આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં આયોજિત કરવા માટે સંમત થઈ છે. હવે ભારતીય ટીમ ICC ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો દુબઈમાં રમશે. આ દરમિયાન ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટરે આ ટુર્નામેન્ટને લઈને એક વિચિત્ર નિવેદન આપ્યું છે.હકીકતમાં BCCI અને PCB વચ્ચે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. અગાઉ ભારતે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ પાકિસ્તાન ક્રિકેટે કહ્યું હતું કે, અમારી ટીમ ભારતમાં યોજાનારી ICC ટુર્નામેન્ટમાં ભાગ લેવા ત્યાં જશે નહી.શું કહ્યું ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટરે? આ વિવાદ વચ્ચે પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અહેમદ શહેઝાદે ચોકાવનારું નિવેદન આપતા કહ્યું કે, 'મેં સરહદ પર સ્ટેડિયમ બનાવવાનું સૂચન કર્યું હતું. જેમાં એક દરવાજો ભારત તરફ અને બીજો દરવાજો પાકિસ્તાન તરફ હશે. ખેલાડીઓ પોતપોતાના ગેટ પરથી આવશે અને સ્ટેડિયમમાં રમશે.' તેમના આ નિવેદન બાદ શહજાદને સોશિયલ મીડિયા પર ઘણો ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.આ પણ વાંચોઃ ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટર વિદેશમાં 'ફ્લોપ', આંકડા છે શરમજનક, મેલબોર્ન ટેસ્ટથી બહાર થવાનું જોખમ?

2024 થી 2027 સુધી હાઈબ્રિડ મોડલના આધારે મેચ યોજાશે

હાલમાં જ ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ICCની એક બેઠક યોજાઈ હતી. જેમાં ICCએ કહ્યું હતું કે, અને પાકિસ્તાન વચ્ચેની મેચ હાઈબ્રિડ મોડલ હેઠળ જ યોજાશે. આ બંને ટીમો તેમની મેચ તટસ્થ સ્થળો પર રમશે. બીજી તરફ ICCએ હજુ સુધી ICC ચેમ્પિયન્સ ટ્રોફીનું શેડ્યૂલ જાહેર કર્યું નથી. જેની ચાહકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે.

## 6 રહેણાક ઈમારતને નિશાન બનાવી; કઝાન એરપોર્ટ બંધ

# રશિયાના કઝાનમાં 9/11 જેવો હુમલો:યુક્રેનના 8 ડ્રોન હુમલા

(એજન્સી) યુક્રેન તા 21

યુક્રેન દ્વારા રશિયામાં 6 ઈમારતો પર ડ્રોન હુમલા કર્યાની માહિતી મળી રહી છે, જો કે અત્યાર સુધીમાં માત્ર 2 હુમલાના વીડિયો સામે આવ્યા છે. રશિયાના કઝાન શહેરમાં શનિવારે સવારે અમેરિકાના 9/11 જેવો હુમલો થયો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, કઝાનમાં 8 ડ્રોન હુમલા થયા છે, જેમાંથી 6 રહેણાક ઈમારત પર થયા છે. આ હુમલો મોસ્કોથી 800 કિલોમીટર દૂર થયો હતો. હજુ સુધી હુમલામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. હુમલાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે, જેમાં ઘણાં ડ્રોન ઈમારતો સાથે અથડાતાં દેખાય છે. આ હુમલા બાદ રશિયાનાં બે એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યાં છે. રશિયાના કઝાન શહેર પરના આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે, કારણ કે આ જ વર્ષે 2024માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું.2001માં આતંકવાદીઓએ આવી જ રીતે 4 પ્લેન હાઈજેક કરીને અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો હતો. એમાંથી 3 પ્લેન એક પછી એક અમેરિકાની 3 મહત્ત્વની ઈમારતો પર તૂટી પડ્યાં હતાં. પ્રથમ ક્રેશ રાત્રે 8:45 વાગ્યે થયો હતો. બોઈંગ 767 વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાયું હતું. 18 મિનિટ પછી બીજું બોઈંગ 767 બિલ્ડિંગના સાઉથ ટાવર સાથે અથડાયું હતું.



### કઝાન શહેર રશિયાની રાજધાની મોસ્કોથી 800 કિમી દૂર છે

ન્યૂઝ એજન્સી રોયટર્સે યુક્રેનના અધિકારીઓને ટાંકીને કહ્યું હતું કે કિરિલોવની હત્યા યુક્રેન દ્વારા જ કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુક્રેનની સિક્યોરિટી સર્વિસ એજન્સી (SBU) સાથે જોડાયેલા એક સૂત્રે આની જવાબદારી લીધી હતી. પુતિને બે દિવસ પહેલાં કહ્યું હતું કે તેઓ યુદ્ધ રોકવા માટે તૈયાર છે માત્ર બે દિવસ પહેલાં જ રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યું હતું કે તેઓ યુક્રેન યુદ્ધ રોકવા માટે તૈયાર છે. આ માટે તેઓ ટ્રમ્પ સાથે વાત કરવા તૈયાર છે.

### 4 મહિના પહેલા રશિયા પર આવી જ રીતે હુમલો કરવામાં આવ્યો હતો

રશિયા પર 4 મહિના પહેલાં પણ આવી જ રીતે હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેને રશિયાના સારાતોવ શહેરમાં 38 માળની રહેણાક ઈમારત વોલ્ગા સ્કાયને નિશાન બનાવી હતી. રશિયાનું અહીં સ્ટ્રેટેજિક બોમ્બર મિલિટરી બેઝ પણ છે. હુમલામાં 4 લોકો ઘાયલ થયા હતા. એ બાદ રશિયાએ યુક્રેન પર 100 મિસાઈલ અને 100 ડ્રોન ફાયર કરીને જવાબી કાર્યવાહી કરી હતી, જેમાં 6 લોકોનાં મોત થયાં હતાં અને 150થી વધુ લોકો ઘાયલ થયા હતા. પુતિને કહ્યું હતું કે તેમની વચ્ચે ચાર વર્ષથી વધુ સમયથી કોઈ વાતચીત થઈ નથી, પરંતુ જો ટ્રમ્પ ઈચ્છે તો તેઓ તેમને મળવા તૈયાર છે. આ હુમલો રશિયાના કઝાન શહેરમાં કરવામાં આવ્યો છે. હુમલામાં હજુ સુધી કોઈના માર્યા ગયાના સમાચાર નથી.

### રશિયાના ન્યુક્લિયર ચીફની 4 દિવસ પહેલા હત્યા કરવામાં આવી હતી

માત્ર ચાર દિવસ પહેલાં જ રશિયાના ન્યુક્લિયર ચીફ ઈગોર કિરિલોવનું મંગળવારે મોસ્કોમાં થયેલા બ્લાસ્ટમાં મોત થયું હતું. હુમલા સમયે, કિરિલોવ એપાર્ટમેન્ટમાંથી બહાર આવી રહ્યા હતા ત્યારે નજીકમાં પાર્ક કરેલા સ્કૂટરમાં વિસ્ફોટ થયો હતો. જેમાં કિરિલોવ માર્યા ગયા હતા. કઝાન શહેર પર થયેલા આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે, કારણ કે આ જ વર્ષે 2024માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું. આ વખતે, કઝાનમાં આયોજિત 16મી બ્રિક્સ સંમેલનમાં પ્રથમ વખત સંયુક્ત આરબ અમીરાત, ઈરાન, ઈજિપ્ત અને ઈથોપિયાને સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. આ હુમલાને અમેરિકામાં 9/11 (વર્લ્ડ ટ્રેડ સેન્ટર) હુમલા જેવો જ ગણાવવામાં આવી રહ્યો છે. 2024ની BRICS સમિટ કઝાનમાં જ યોજાઈ હતી રશિયાના કઝાન શહેર પરના આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે, કારણ કે આ જ વર્ષે 2024માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું.

## પાકિસ્તાનમાં મોટો આતંકી હુમલો, સુરક્ષા ચોકીને બનાવી કર્યો આત્મઘાતી વિસ્ફોટ



(એજન્સી) પાકિસ્તાન તા 21

પાકિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. એક સુરક્ષા ચોકી પર આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલા વાહન સાથે ભયંકર વિસ્ફોટ કર્યો હતો. આ હુમલામાં લગભગ 17 જેટલા સુરક્ષાકર્મીઓના મોત થયા છે, જ્યારે અન્ય ઘણાં ઘાયલ થયા છે. ક્યાં થયો આ હુમલો? આ હુમલો ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં થયો હતો. પાકિસ્તાની તાલિબાનના વિભાજિત જૂથ હાફિઝ ગુલ બહાદુર જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જો કે સરકારે આ ઘટના અંગે હજુ કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે તેઓ હુમલા માટે જવાબદાર લોકો સામે ઓપરેશન ચલાવી રહ્યા છે. વિસ્ફોટક ભરેલા વાહનમાં વિસ્ફોટ

ગુપ્તચર અને સુરક્ષા અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ એક આત્મઘાતી બોમ્બરે ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં એક સુરક્ષા ચોકી પર તેના વિસ્ફોટકોથી ભરેલા વાહનમાં વિસ્ફોટ કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 17 સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા અને અન્ય ઘણા ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ ફાયરિંગના પણ સમાચાર છે, જેના કારણે ઘાયલોની સંખ્યામાં વધુ વધારો થયો છે. હાફિઝ ગુલ બહાદુર જૂથે હુમલાની જવાબદારી લીધી તાજેતરના મહિનાઓમાં સૌથી ઘાતક હુમલો, મંગળવારે સાંજે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાનુ જિલ્લામાં થયો હતો. હાફિઝ ગુલ બહાદુર જૂથ તરીકે ઓળખાતા પાકિસ્તાની તાલિબાનના વિભાજિત જૂથે હુમલાની જવાબદારી સ્વીકારી હતી. સરકાર તરફથી હજુ સુધી નથી, પરંતુ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ હુમલો કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## હવે ખૂદનું બિલ પાસ કરાવવાના ફાંફાં
## US સરકાર પાસે દેશ ચલાવવા માટે પૈસા નથી ટ્રમ્પ-મસ્કે ન આવવા દીધું ફંડિંગ સંબંધિત બિલ

(એજન્સી) વોશિંગ્ટન તા 21

અમેરિકન સરકાર પાસે દેશ ચલાવવા માટેનું ફંડ પૂરું થઈ ગયું છે. સરકારને ફંડ પૂરું પાડવાનું બિલ યુએસ સંસદમાં ગુરુવારે પસાર થઈ શક્યું નથી. આ બિલ રિપબ્લિકન પાર્ટી દ્વારા અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સાથી ઈલોન મસ્કના સમર્થનથી રજૂ કરવામાં આવ્યું હતું. બિલ પસાર કરવા માટે 435 સાંસદોના ગૃહમાંથી બે-તૃતીયાંશ અથવા 290 મતોની જરૂર હતી, પરંતુ માત્ર 174 સાંસદોએ સમર્થનમાં મતદાન કર્યું હતું. જ્યારે તેની વિરુદ્ધમાં 235 મત પડ્યા હતા. બિલનો વિરોધ કરનારાઓમાં ટ્રમ્પની પાર્ટીના 38 સાંસદો પણ સામેલ છે. અગાઉ હાઉસ સ્પીકર માઈક જોન્સને ડેમોક્રેટિક પાર્ટી સાથે મળીને એક બિલ તૈયાર કર્યું હતું. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પ અને મસ્કે આ બિલ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને તેને રજૂ કરવાની મંજૂરી આપી ન હતી. પત્રકારોને બ્રીફિંગ કરી રહેલા યુએસ કોંગ્રેસના સ્પીકર માઈક જોન્સન. પત્રકારોને બ્રીફિંગ કરી રહેલા યુએસ કોંગ્રેસના સ્પીકર માઈક જોન્સન. સરકારી ખર્ચને પહોંચી વળવા માટે સંસદમાં બિલ પાસ કરવું જરૂરી છે. અમેરિકામાં સરકારી દેવાની મર્યાદા નિશ્ચિત હોય છે. તે દેશ ચલાવવા માટે તેનાથી વધુ ઉધાર લઈ શકે નહીં. વર્ષોથી સરકાર કેશલેસ ન થાય તે માટે આ મર્યાદામાં ઘણી વખત વધારો કરવામાં આવ્યો છે. આ માટે અમેરિકી સંસદના પ્રતિનિધિ ગૃહમાં એક બિલ લાવવામાં આવ્યું છે. વર્તમાન બિલ ટ્રમ્પ દ્વારા લાવવામાં આવ્યું હતું, જેથી તેઓ રાષ્ટ્રપતિ બને તો સરળતાથી દેશ ચલાવી શકે. જેને વિપક્ષે ફગાવી દીધો છે. આનો સીધો અર્થ એ થયો કે અમેરિકાને ખર્ચ માટે પૈસા નહીં મળે.

એકવાર બિલ નામંજૂર થઈ ગયા પછી તેને ફરીથી પાસ કરાવવાનો છેલ્લો સમય આજે એટલે કે શુક્રવાર સુધીનો છે. આ પછી પણ જો બિલ પાસ નહીં થાય તો અમેરિકી સરકાર પાસે સરકારી ખર્ચ માટે પૈસા બચશે નહીં. આવી સ્થિતિમાં અમેરિકામાં શટડાઉન થઈ શકે છે. જો આમ થશે તો અમેરિકાની અર્થવ્યવસ્થા પર તેની નકારાત્મક અસર પડશે અને આવનારી ટ્રમ્પ સરકાર પર દબાણ વધશે.બિલ પાસ ન થવાને કારણે અમેરિકન સરકાર પાસે ખર્ચ માટે પૈસા નહીં રહે, જેનો અર્થ છે કે સરકાર સરકારી કર્મચારીઓના પગાર અને અન્ય તમામ ખર્ચાઓ પર ખર્ચ કરી શકશે નહીં. ઘણા સરકારી કર્મચારીઓને નવા વર્ષમાં પગાર નહીં મળે. જો કે, તબીબી સેવાઓ, સરહદ સુરક્ષા અને હવાઈ સેવાઓ જેવી ઈમરજન્સી સેવાઓ ચાલુ રહેશે.

**શટડાઉનની અમેરિકાને કેવી અસર થશે? :** જો અમેરિકામાં શટડાઉન થશે તો સરકારે તેના ખર્ચમાં કાપ મૂકવો પડશે. યુએસએ ટુડે અનુસાર, આના કારણે 20 લાખ કર્મચારીઓને પગાર નહીં મળે અને બિનજરૂરી કર્મચારીઓને રજા પર મોકલવામાં આવશે. આ કારણે દેશની ઘણી સંસ્થાઓ ત્યાં સુધીમાં બંધ રહી શકે છે.છેલ્લાં 50 વર્ષમાં અમેરિકામાં અટવાયેલા ફંડિંગ બિલને કારણે 20 શટડાઉન થયા છે. એકલા ટ્રમ્પના અગાઉના કાર્યકાળ દરમિયાન સરકારને 3 વખત શટડાઉનનો સામનો કરવો પડ્યો હતો. 2019નું શટડાઉન મહત્તમ 35 દિવસ સુધી ચાલ્યું, જેના કારણે અમેરિકન અર્થવ્યવસ્થાને 25 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું.આ સપ્તાહની શરૂઆતમાં સ્પીકર જોન્સને 1500 પાનાનું બિલ તૈયાર કર્યું હતું. આ બિલમાં આપત્તિ રાહત માટે $100 બિલિયન, કૃષિ માટે $10 બિલિયન અને સાંસદોના પગાર વધારાની જોગવાઈ હતી.

## રશિયા સમાધાન માટે તૈયાર જ છે, પરંતુ યુક્રેને સત્તાવાર પ્રતિનિધિઓ મોકલવા જોઈએ

(એજન્સી) રશિયા તા 21

આ પૂર્વે ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની ફોન પરની વાતચીતમાં પ્રમુખ પુતિને સ્પષ્ટતા પણ કરી હતી કે કોઈ પણ પૂર્વ શરત વિના તેઓ ઝેલેન્સ્કી સાથે પણ મંત્રણા કરવા તૈયાર છે મોસ્કો : પ્રમુખ વ્લાદીમીર પુતિને કહ્યું હતું કે, 'યુક્રેન યુદ્ધમાં સમાધાન માટેની મંત્રણા કરવા રશિયા તૈયાર જ છે. શરત તેટલી જ છે કે યુક્રેને પણ તેમાં તેના સત્તાવાર પ્રતિનિધિઓને મોકલવા જોઈએ, તો કોઈ પણ પૂર્વ શર્ત સિવાય હું મંત્રણા માટે તૈયાર જ છું.' રશિયન ટીવી ઉપર પ્રશ્નોત્તરી સમયે અમેરિકાના એક પત્રકારે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તેઓએ કહ્યું હતું કે, વર્ષોથી મેં ટ્રમ્પ સાથે વાતચીત કરી નથી પરંતુ હું તેઓની સાથે આ સંઘર્ષ અંગે વાતચીત કરવા તૈયાર જ છું. આ તબક્કે એક પત્રકારે કહ્યું કે, 'રશિયા નિર્બળ સ્થિતિમાં મુકાઈ ગયું છે, તો તે વિષે તમારે શું કહેવાયું છે ?' તો તેના ઉત્તરમાં પ્રમુખ પુતિને સ્પષ્ટ કહ્યું કે, 'રશિયા નિર્બળ થયું જ નથી. ૨૦૨૨ પછી તો દેશ વધુ બળવાન બન્યો છે.' આ સાથે વ્લાદીમીર પુતિને કોઈ પણ મધ્યાબધિ (ટૂંક સમયના) યુદ્ધ વિરામની કોઈ પણ સંભાવના નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેથી કંઈ લાંબા સમયની શાંતિ સમજૂતી શકાય નહીં. વાસ્તવમાં પૂર્વે ઈસ્તંબુલમાં રજૂ થયેલી દરખાસ્તો, જેનો અમલ નથી થયો, તે અમલી કરી તેના આધારે શાંતિ મંત્રણા આગળ ચલાવવી જોઈએ. તેનો એક મુસદ્દો તૈયાર કરવો જોઈએ. તેઓએ તેમ પણ કહ્યું કે, 'વાસ્તવમાં તો ૨૦૨૨ પહેલા જ યુક્રેનમાં દળો મોકલવાની જરૂર હતી પરંતુ અમે રાહ જોઈ આખરે તે નિર્ણય લીધો.'૧૯૯૯માં બોરિસ ચેલ્સીને અખંડ સોવિયેત સંઘ વિલીનીકરણ કરાવ્યો તે પછી ચેલ્સિ અને તમોને સત્તા સોંપી ત્યારે તમે તમોને રશિયા માટે જે કંઈ કરવા કહ્યું હતું તે તમોએ કર્યું છે ? તેવા બીબીસીના પત્રકારના ઉત્તરમાં પુતિને આપવા ગયેલા ઝેલેન્સ્કીને પત્રકાર પરિષદમાં જ્યારે તે હાઈપર-સોનિક સીધો ઉત્તર આપવાને બદલે ઝેલેન્સ્કીએ વળતો પ્રશ્ન કર્યો, તમે માનો છો કે તેઓ સ્થિર મગજના છે ?

## ક્રોએશિયા: 19 વર્ષીય યુવકે સ્કૂલમાં છરી વડે વિદ્યાર્થીનીની કરી હત્યા



(એજન્સી) ક્રોએશિયા તા 21

ક્રોએશિયા (Croatia)ના ઝાગ્રેબમાં એક યુવકે સ્કૂલમાં છરી વડે હુમલામાં સાત વર્ષની વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું અને એક શિક્ષક સહિત આઠ અન્ય ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ઘણાંની હાલત ગંભીર છે. હુમલાખોરનું નામ 19 વર્ષીય પ્રેકો છે, જે આ શાળાનો પૂર્વ વિદ્યાર્થી હોવાનું કહેવાય છે. તે પહેલા ધોરણના ક્લાસ રૂમમાં ઘુસી ગયો હતો અને છરી વડે હુમલો કરવા લાગ્યો હતો. શિક્ષકની હાલત નાજુક હુમલાખોર પ્રેકોએ શિક્ષક પર જીવલેણ હુમલો કર્યો હતો. આ શિક્ષકની સ્થિતિ હાલ ગંભીર છે. ઈજાગ્રસ્તોને વિવિધ હોસ્પિટલોમાં પહોંચાડવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પાંચ વિદ્યાર્થીઓમાંથી ત્રણને ગંભીર ઈજાઓ ન કહ્યું કે, 'હુમલાખોર પોલીસ કસ્ટડીમાં છે. ઈજાગ્રસ્ત લોકોની સારવાર ચાલી રહી છે.' આ પણ વાંચો: નેપાળમાં 4.8ની તીવ્રતાના ભૂકંપથી લોકો ફફડી ગયા,ભયના માર્યા ઊંઘમાંથી ઊઠી દોટ મૂકી હુમલાખોરની માતાએ જણાવ્યું કે, મારો પુત્ર વર્ષોથી માનસિક રીતે બીમાર છે અને તેને ઘણી વખત મનોચિકિત્સક વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. મેં ડોક્ટરને અપીલ કરી કે તેને રજા ન આપો કારણ કે તે બહાર જવા માટે યોગ્ય નથી.' હુમલાખોર શાળાની નજીક રહેતો હતો, તેણે પાંચ વર્ષ અગાઉ આ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો.

## મલેશિયાએ ભારતીય નાગરિકો માટે વિઝા છૂટને 31 ડિસેમ્બર સુધી લંબાવી

(એજન્સી) ચીન તા 21

શુક્રવારે (20 ડિસેમ્બર) એક નિવેદનમાં, ગૃહ મંત્રાલયના સેક્રેટરી-જનરલ દાતુક અવાંગ અલિક ઝેમાને જણાવ્યું હતું કે આ 2025 એશિયાન અધ્યક્ષપદ અને મલેશિયા વર્ષ 2026ની મુલાકાત માટે મલેશિયાની તૈયારીઓને અનુરૂપ છે. તેમણે જણાવ્યું કે સરકારે ચીની નાગરિકોને પણ આ સમયગાળા સુધી આ પ્રકારના વિઝાની છૂટ આપી છે. અવાંગ અલીકે જણાવ્યું હતું કે સરકારની વિઝા ઉદારીકરણ યોજના જે 1 ડિસેમ્બર, 2023 થી લાગુ છે, તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષાને જાળવી રાખીને દેશના આર્થિક અને પ્રવાસન ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાનો છે. “આ યોજનાના ભાગરૂપે, પીપલ્સ રિપબ્લિક સુરક્ષા સુનિશ્ચિત કરતી વખતે, પ્રવાસન સ્થળ તરીકે મલેશિયાના આકર્ષણને વધારવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે‘.

## પેગાસસ મામલે વોટ્સએપની મોટી જીત, અમેરિકાની કોર્ટે હેકિંગ બદલ NSO સમૂહને જવાબદાર ઠેરવ્યો

(એજન્સી) પેગાસસ તા 21

પેગાસસ સ્પાયવેર (Pegasus Spyware) મામલે મેટા(Meta)ની મેસેજિંગ ઍપ્લિકેશન વોટ્સએપ(WhatsApp)એ NSO ગ્રૂપ ટેક્નોલૉજીસ સામે અમેરિકાની કોર્ટમાં કાયદાકીય લડાઈમાં મોટી જીત મેળવી છે. NSO ગ્રૂપ પર મે 2019માં બે અઠવાડિયા દરમિયાન 1,400 લોકોના ફોનને પેગાસસ સ્પાયવેરથી હેક કર્યાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેમાં પત્રકારો, માનવાધિકાર કાર્યકર્તાઓ અને સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે. જાણો શું છે મામલો પેગાસસ સ્પાયવેર કોઈ પણ ફોન અથવા ઈલેક્ટ્રોનિક ઉપકરણ પર ગુપ્ત રીતે દેખરેખ રાખવા અને માહિતી એકત્રિત કરવા માટે જાણીતું છે. તેનો ઉપયોગ વોટ્સએપ દ્વારા લોકો સાથે સંબંધિત માહિતીની ચોરી કરવા માટે કરવામાં આવતો હતો. અમેરિકાના ડિસ્ટ્રિક્ટ જજ ફિલિસ હેમિલ્ટને વોટ્સએપની તરફેણમાં ચુકાદો આપ્યો છે, જેમાં NSO ગ્રૂપને રાજ્ય અને ફેડરલ હેકિંગ કાયદાના ઉલ્લંઘન માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. કોર્ટે એ પણ જણાવ્યું હતું કે, 'NSO ગ્રૂપે WhatsAppની નિર્માતાને મોટો ફટકો પડ્યો છે.' ચુકાદો સંભળાવતા ડિસ્ટ્રિક્ટ જજ ફિલિસ હેમિલ્ટને કહ્યું કે, 'NSO ગ્રૂપે કાયદાકીય પ્રક્રિયામાં અવરોધ ઊભો કર્યો કારણ કે તેણે વોટ્સએપને પેગાસસ સ્પાયવેરનો સોર્સ કોડ પૂરો પાડ્યો ન હતો

## નેપાળમાં 4.8ની તીવ્રતાના ભૂકંપથી લોકો ફફડી ગયા

(એજન્સી) નેપાળ તા 21

આજે વહેલી સવારે નેપાળમાં જોરદાર ભૂકંપ આવ્યો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.8 મપાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીથી પ્રાપ્ત માહિતી અનુસાર સવારે 3.59 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેના કારણે લોકો ફફડી ગયા અને ઊંઘમાંથી ઊઠીને જ ઘર બહાર દોટ મૂકી હતી. જોકે હજુ સુધી ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અને યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર આ ભૂકંપનું કેન્દ્ર જુમલા જિલ્લામાં જમીનની નીચે 10 કિમીની ઊંડાઈએ હતું. માહિતી અનુસાર ભૂકંપના આંચકા અનુભવાયા ત્યારે મોટાભાગના લોકો (2023)માં અહીં 6.4ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના કારણે જાનમાલનું ઘણું નુકસાન થયું હતું. 150 થી વધુ લોકોના મોત થયા હતા. પશ્ચિમ નેપાળના જારકોટ અને રુકુમ જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ હતી. ઘણા મકાનો ધરાશાયી થયા હતા જ્યારે ઘણા મકાનોમાં તિરાડો પડી હતી.

## સાઉદીના ડોક્ટરે ક્રિસમસ માર્કેટમાં ભીડ પર કાર ચઢાવી દીધી

# જર્મનીમાં બેફામ કારે અનેક લોકોને કચડી નાખ્યા

(એજન્સી) બર્લિન તા 21

જર્મનીના મેગડેબર્ગમાં શુક્રવારે ક્રિસમસ માર્કેટમાં એક વ્યક્તિએ લોકો પર કાર ચડાવી દીધી હતી. આ ઘટનામાં 2 વ્યક્તિનાં મોત થયા છે અને 70 લોકો ઘાયલ થયા હતા. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને લોકોને ઘટના સ્થળથી દૂર રહેવાની અપીલ કરી છે. આ ઘટના 19 ડિસેમ્બર 2016 ના રોજ બર્લિનમાં એક મોટી આતંકવાદી ઘટનાની યાદ અપાવે છે, જ્યારે એક ઈસ્લામિક ઉગ્રવાદીએ ક્રિસમસ માર્કેટમાં ભીડમાં ટ્રક ભગાડી દીધો હતો. આ ઘટનામાં 13 લોકોનાં મોત થયા હતા અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. તે હુમલાખોરને થોડા દિવસો પછી ઈટાલીમાં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. મેગ્ડેબર્ગ એ જર્મન રાજ્ય સેક્સની-એનહાલ્ટની રાજધાની છે. આ શહેર એલ્બે નદીના કિનારે આવેલું છે અને તેની વસ્તી આશરે 240,000 છે. આ શહેર બર્લિનથી લગભગ દોઢ કલાકની ડ્રાઈવ પર આવેલું છે. મેગ્ડેબર્ગ વર્ષમાં એક વખત ક્રિસમસ માર્કેટ ધરાવે છે અને મોટી ભીડ ખેંચે છે. ચીનમાં, છૂટાછેડાથી પરેશાન એક વૃદ્ધ વ્યક્તિએ લોકો પર કાર ચલાવી, 35 લોકોનાં મોત ચીનની સરકારે આ સમાચારને સેન્સર કર્યા હતા. ત્યાંના મીડિયા પ્લેટફોર્મ પરથી આ સમાચાર દૂર કરવામાં આવ્યા હતા. ચીનની સરકારે આ સમાચારને સેન્સર કર્યા હતા. ત્યાંના મીડિયા પ્લેટફોર્મ પરથી આ સમાચાર દૂર કરવામાં આવ્યા હતા.સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં વાદળી રંગની કાર ચાઈનીઝ કોન્સ્યુલેટમાં પ્રવેશતી જોઈ શકાય છે.

ગયા વર્ષે 10 ઓક્ટોબરે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં એક વ્યક્તિ પોતાની કાર સાથે ચાઈનીઝ કોન્સ્યુલેટમાં ઘૂસ્યો હતો. પોલીસે તેને મારી નાખ્યો. પોલીસે કહ્યું હતું કે અમે કોન્સ્યુલેટમાં ઘૂસેલા અજાણ્યા વ્યક્તિને ગોળી મારી દીધી છે.



### જર્મન લોકોને 2016ની આતંકી ઘટના યાદ આવી

2016માં ક્રિસમસ માર્કેટમાં ટ્રક ઘૂસી જતાં ઓછામાં ઓછા 13 લોકો માર્યા ગયા હતા આ ઘટના 19 ડિસેમ્બર 2016ના રોજ બર્લિનમાં એક મોટી આતંકવાદી ઘટનાની યાદ અપાવે છે, જ્યારે એક ઈસ્લામિક ઉગ્રવાદીએ ક્રિસમસ માર્કેટમાં ભીડમાં ટ્રક દોડાવી દીધી હતી. આ ઘટનામાં 13 લોકોના મોત થયા હતા અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. તે હુમલાખોર થોડા દિવસો પછી ઈટાલીમાં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. બર્લિનમાં ખીચોખીચ ભરેલા ક્રિસમસ માર્કેટમાં એક ટ્રેક્ટર ટ્રેલર ઘુસી ગયું હતું,. લોકપ્રિય ક્રિસમસ માર્કેટમાં રાહદારીઓને ટક્કર મારનાર ટ્રકને જાણીજોઈને જીવલેણ રીતે ચલાવવામાં આવી હતી. કૈસર વિલ્હેમ મેમોરિયલ ચર્ચની બહાર લોકપ્રિય ક્રિસમસ માર્કેટમાં ટ્રક ઘૂસી જતાં ઓછામાં ઓછા 13 લોકો માર્યા ગયા અને લગભગ 50 ઘાયલ થયા હતા.

## PM મોદી કરશે નવા યુગની શરૂઆત

# 43 વર્ષ બાદ કોઈ ભારતીય PM પહેલીવાર કુવૈતની મુલાકાતે જશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કુવૈતની આગામી મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોમાં નવા યુગની શરૂઆત કરશે. PM મોદી શનિવારે કુવૈતની મુલાકાત માટે રવાના થશે. જ્યારે 22 ડિસેમ્બરે તેઓ કુવૈતના અમીર, ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન સાથે અલગ-અલગ બેઠકો કરશે. પછી એ જ દિવસે સાંજે તે વતન પરત ફરશે. આ દરમિયાન મોદી કુવૈતમાં ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરવાના છે. હાલમાં કુવૈતમાં 10 લાખ ભારતીયો રહે છે, જે ત્યાં રહેતા વિદેશી નાગરિકો પૈકી સૌથી વધુ છે. 43 વર્ષ પછી કોઈ ભારતીય પીએમ કુવૈતની મુલાકાત લેવાના છે. 1990માં જ્યારે ઈરાકે કુવૈત પર હુમલો કર્યો ત્યારે ભારતે તેની ટીકા કરી ન હતી. જેના કારણે કુવૈત સાથેના સંબંધોમાં તણાવ વધી ગયો હતો અને લાંબા સમય સુધી બંને દેશો વચ્ચે રાજકીય વાર્તાલાપ ઠપ થઈ ગયો હતો.

વિદેશ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે પીએમ મોદીની મુલાકાત દરમિયાન ઉર્જા, હાઈડ્રોકાર્બન અને વ્યાપારી સંબંધોને લગતા મુદ્દાઓ પર ચર્ચા થશે. સ્થાનિક ચલણમાં વેપાર કરવો એ પણ એક મોટો મુદ્દો હશે. પીએમ મોદીની આ મુલાકાત એટલા માટે પણ મહત્વની છે કારણ કે કુવૈત હવે કાઉન્સિલ ઓફ ગલ્ફ કન્ટ્રીઝનું અધ્યક્ષ બનવા જઈ રહ્યું છે. ભારત તેમની સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા ઈચ્છે છે.



### ઈન્દિરા ગાંધીએ 1981માં આ ખાડી દેશની મુલાકાત લીધી હતી

પીએમ મોદી પહેલા ભારતના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ 1981માં આ ખાડી દેશની મુલાકાત લીધી હતી. કુવૈતના શીર્ષ નેતૃત્વ સાથેની મુલાકાત ભારત અને કુવૈત વચ્ચેની ભવિષ્યની ભાગીદારીનો ચાર્ટ તૈયાર કરવાની તક પૂરી પાડશે. આપણે કુવૈત સાથેના ઐતિહાસિક સંબંધોને ખૂબ મહત્વ આપીએ છીએ, જે પેઢીઓથી કાયમ છે. અમે વેપાર અને ઉર્જા ક્ષેત્રે માત્ર મજબૂત ભાગીદારો નથી, પરંતુ પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતામાં પણ આપણું સમાન હિત છે.

## મણિપુરના લોકો રાહ જોતાં રહી ગયા અને PM મોદી કુવૈત રવાના: કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંરક્ષણ અને વેપાર સહિત ઘણા ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત કરવા માટે શનિવારે બે દિવસના પ્રવાસે કુવૈત જવા રવાના થયા હતા. 43 વર્ષ બાદ ભારતીય વડાપ્રધાનની કુવૈતની આ પ્રથમ મુલાકાત છે. ત્યારે હવે કોંગ્રેસે પીએમ મોદી પર કટાક્ષ કરતાં કહ્યું કે, વારંવાર વિદેશ પ્રવાસ કરનારા વડાપ્રધાન કુવૈત માટે રવાના થઈ ગયા હિંસાગ્રસ્ત મણિપુરના લોકો તેમની રાહ જોતાં રહી ગયા. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, 'મણિપુરના લોકો રાહ જોઈ રહ્યા છે, આ જ તેમનું ભાગ્ય છે કારણ કે પીએમ મોદી કોઈ કોઈ પણ તારીખ નક્કી કરવાનો ઈનકાર કરી રહ્યા છે. વારંવાર વિદેશની મુલાકાત લેતા વડાપ્રધાન મોદી કુવૈત માટે રવાના થઈ ગયા. કોંગ્રેસે પીએમ મોદીને અનેક વખત મણિપુરની મુલાકાત લેવા માટે કહ્યું છે. પાર્ટીનું કહેવું છે કે, તેનાથી સંઘર્ષગ્રસ્ત રાજ્યમાં શાંતિ અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે. મણિપુરમાં ગત વર્ષે ત્રણ મે ના રોજ અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની બહુમતી મેતૈઈ સમુદાયની માગના વિરોધમાં રાજ્યના પહાડી જિલ્લાઓમાં આદિવાસી એકજૂથતા માર્ચને લઈને હિંસા ફાટી નીકળી હતી. ત્યારથી મેતૈઈ અને કુકી સમુદાયના 220થી વધુ લોકો અને સુરક્ષા કર્મચારીઓએ હિંસામાં પોતાનો જીવ ગુમાવી દીધો છે. પીએમ મોદી કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના આમંત્રણ પર કુવૈતના પ્રવાસે ગયા છે. મોદીએ કહ્યું કે, હું કુવૈતના અમીર, ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન સાથેની પોતાની બેઠક માટે ઉત્સુક છું. 'હું કુવૈતમાં ભારતીય પ્રવાસીને મળવા માટે આતુર છું, જેમણે બંને દેશો વચ્ચે મિત્રતાના બંધનને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.'

## LGએ EDને આપી કેસ ચલાવવાની મંજૂરી

# દિલ્હીની ચૂંટણી પહેલા જ કેજરીવાલને ઝટકો

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ વધી ગઈ છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત કથિત મની લોન્ડરિંગ કેસમાં અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવા માટે EDને મંજૂરી આપી દીધી છે. EDએ આ કેસમાં તત્કાલિન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને માસ્ટરમાઈન્ડ ગણાવતા 21 માર્ચે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને મે મહિનામાં તેમની, પાર્ટી અને અન્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.લેફ્ટનન્ટ ગવર્નર ઑફિસ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ એક્સાઈઝ પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી કરવા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મંજૂરી આપી દીધી છે. 5 ડિસેમ્બરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવાની મંજૂરી માંગી હતી.



આ મહિનાની શરૂઆતમાં EDએ કેજરીવાલ સામે કેસ ચલાવવાની પરવાનગી માંગી હતી. કેન્દ્રીય એજન્સીએ દારૂની નીતિની રચના અને અમલીકરણમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. EDએ 17 મેના રોજ રાઉઝ એવન્યુ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે કેજરીવાલે 'સાઉથ ગ્રુપ'ના સભ્યો સાથે મળીને 100 કરોડ રૂપિયાની લાંચ લીધી હતી.

### આમ આદમી પાર્ટીએ આરોપોને ફગાવી દીધા

આમ આદમી પાર્ટીએ EDના આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. પાર્ટીનું કહેવું છે કે કથિત દારૂ કૌભાંડની તપાસ છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે, જેમાં 500 લોકોને પરેશાન કરવામાં આવ્યા છે. તેમજ 50,000 પાનાના દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા છે અને 250 થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે, પરંતુ આ કાર્યવાહીમાં એક પણ પૈસો વસૂલવામાં આવ્યો નથી. AAPએ એ પણ કહ્યું આ કેસમાં ઘણી ખામીઓ સામે આવી છે. પાર્ટીનું માનવું છે કે ભાજપનો વાસ્તવિક ઉદ્દેશ્ય AAP અને અરવિંદ કેજરીવાલને પરેશાન કરવાનો છે

## આઈઆઈએમ રાયપુરે કર્યું IFC 2024 નું આયોજન: જોડશે સમગ્ર વિશ્વમાં ફાઈનાન્સના વિશેષજ્ઞોને

રાયપુર । તા. 21

#BuildingBusinessOwners માટે માન્યતા પ્રાપ્ત અગ્રણી સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) રાયપુરને આઈઆઈએમ કલકત્તા, આઈઆઈએમ બેંગ્લોર અને આઈઆઈએમ અમદાવાદ દ્વારા સંયુક્ત રીતે આયોજિત ઈન્ડિયા ફાઈનાન્સ કોન્ફરન્સ (IFC) 2024 નું આયોજન કરવા બદલ ગર્વ થઈ રહ્યું છે. 19 ડિસેમ્બરથી 21 ડિસેમ્બર, 2024 સુધી આયોજિત થયેલ આ કોંફ્રેન્સમાં જ્ઞાનપૂર્ણ ચર્ચાઓ અને જ્ઞાનની આપ-લેને પ્રોત્સાહન આપવા માટે નિષ્ણાતો અને નાણાંકીય વિશેષજ્ઞોને સાથે લાવવામાં આવ્યા છે. કોન્ફરન્સના પ્રથમ દિવસે મુખ્ય અતિથિ શ્રી અક્ષય સાહની, ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર, એપીએસી કેશ ઈક્વિટીઝ અને ઈસીએમ ટ્રેડિંગના હેડ અને ઈક્વિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગના કો-હેડ, ગોલ્ડમેન સૅક્સ, હોંગકોંગ અને મુખ્ય વક્તા પ્રોફેસર યાકોવ અમિહુડ, ન્યૂ યોર્ક યુનિવર્સિટીમાં સ્ટર્ન સ્કૂલ ઑફ બિઝનેસ ખાતે આંત્રપ્રિન્યોરિયલ ફાઈનાન્સની પ્રોફેસર ઈરા રેનર્ટએ હાજરી આપી હતી. તમામ પ્રતિષ્ઠિત સહભાગીઓને



આવકારતાં, આઈઆઈએમ રાયપુરના નિદેશક પ્રો. રામ કુમાર કાકાણીએ જણાવ્યું કે, "જેમ અમે ભવિષ્યના નાણાંકીય નિષ્ણાતોને પ્રેરણા આપવા માટે ચર્ચાઓ અને જ્ઞાન ફેલાવવા માટે પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખીએ છીએ, વિશિષ્ટ અગ્રણીઓ અને સ્વપ્નદ્રષ્ટાઓની હાજરી આઈઆઈએમ રાયપુર માટે IFC 2024 નું મહત્વ દર્શાવે છે. ફાઈનાન્સની દુનિયા, વિવિધ પરિમાણોની શોધખોળ સાથે સતત વિકસિત થઈ રહી છે.

## આપણા ડાયસ્પોરાની સંભાળ

વિશ્વભરના દેશોમાં વસતા ભારતીય ડાયસ્પોરા પીએમ મોદી માટે વિશેષ મહત્વ ધરાવે છે. કુવૈતમાં આપણા ડાયસ્પોરાની મોટી હાજરી છે. ભારતીયો કુવૈતમાં સૌથી મોટો વિદેશી સમુદાય બનાવે છે, લગભગ 1 મિલિયન જે કુવૈતમાં વિવિધ ક્ષેત્રોમાં હાજર છે. આજે, કુવૈતમાં, PMએ ગલ્ફ સ્પાઈક લેબર કેમ્પની મુલાકાત લીધી, જ્યાં 90%થી વધુ રહેવાસીઓ ભારતીય છે, અને તેમની સાથે વાર્તાલાપ કર્યો. ભૂતકાળમાં પણ PMએ વિદેશમાં ભારતીય શ્રમિકો સાથે મુલાકાત અને વાતચીત કરવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. 2016માં, PM મોદીએ સાઉદી અરેબિયાના રિયાધમાં L&T કામદારોના રહેણાંક સંકુલની મુલાકાત લીધી હતી. તેમણે રિયાધમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના ઓલ વુમન આઈટી અને આઈટીઈએસ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. તે જ વર્ષે પીએમ મોદીએ કતારના દોહામાં વર્કર કેમ્પની મુલાકાત લીધી હતી. અગાઉ 2015માં, પીએમ મોદીએ અબુ ધાબીમાં લેબર કેમ્પની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે તેના સ્થળાંતર કામદારોના કલ્યાણ માટે ભારતની ચિંતાને પ્રકાશિત કરી હતી. તેમણે ભારતીય કામદારો સાથે તેમના શિબિરોમાં તેઓ જે સમસ્યાઓનો સામનો કરે છે તે જાણવા માટે વાતચીત કરી અને ભારત સરકાર તેમને કઈ રીતે મદદ કરી શકે તેની ચર્ચા કરી. પીએમ મોદી પણ સુરક્ષિત અને કાનૂની સ્થળાંતર સુનિશ્ચિત કરવા માટે સતત કામ કરી રહ્યા છે. આ સંદર્ભમાં એક મુખ્ય પ્રયાસ ઈ-માઈગ્રેટ પ્રોજેક્ટ છે જે 2014માં રોજગાર હેતુઓ માટે ભારતીયોના સ્થળાંતરને સરળ બનાવવા અને ગેરરીતિઓના અવકાશને ઘટાડવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. તે ભરતી પ્રક્રિયાને મુશ્કેલીમુક્ત અને પારદર્શક રીતે ચલાવવામાં મદદ કરે છે. તે તમામ હિસ્સેદારોને ભારતીય સ્થળાંતરનો વ્યાપક ઑનલાઈન ડેટાબેઝ પણ પ્રદાન કરે છે અને સમગ્ર સ્થળાંતર ચક્રને ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ બનાવે છે. ઈ-માઈગ્રેટ સિસ્ટમને પાસપોર્ટ વિગતોની ઓનલાઈન માન્યતા માટે પાસપોર્ટ સેવા પ્રોજેક્ટ જેવી અન્ય સેવાઓ સાથે અને પ્રવાસી ભારતીય વીમા યોજના પ્રદાન કરતી વીમા એજન્સીઓ સાથે પણ સંકલિત કરવામાં આવી છે. ડીજી શિપિંગ સિસ્ટમને પણ ઈમિગ્રેટ સિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવી છે જેના દ્વારા ડીજી શિપિંગને સબમિટ કરાયેલા નાવિકો વિશેનો ડેટા ઈમિગ્રેશન દ્વારા ઈમિગ્રેશન બ્યુરો ઓફ ઈમિગ્રેશનને ઈમિગ્રેશન ચેક પોસ્ટ્સ અને એરપોર્ટ્સ પર પ્રક્રિયા કરવા માટે મોકલવામાં આવે છે, આમ ઈમિગ્રેશન પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવે છે. મોદી સરકારે ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ પ્રોટેક્ટર જનરલ ઓફ ઈમિગ્રન્ટ્સ ડિવિઝનને મજબૂત બનાવ્યું છે, જે રોજગાર માટે વિદેશ જઈ રહેલા ECR (ઈમિગ્રેશન ક્લિયરન્સ રિક્વાયર્ડ કેટેગરી) પાસપોર્ટ ધરાવતા વ્યક્તિઓ માટે ઈમિગ્રેશનની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરે છે. તેની સુવિધા માટે સમગ્ર ભારતમાં પ્રોટેક્ટર જનરલ ઓફ ઈમિગ્રન્ટ્સની 16 ઓફિસો ખોલવામાં આવી છે. પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્ર, જે સ્થળાંતર વિશે માહિતી પ્રસારિત કરવામાં અને સ્થળાંતર કામદારોની ફરિયાદો અને ફરિયાદો પ્રાપ્ત કરવામાં અને તેનું નિરાકરણ કરવામાં મદદ કરે છે, તેને પણ મોદી સરકાર દ્વારા મજબૂત બનાવવામાં આવી છે. પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્ર ઉપરાંત, લખનૌ, હૈદરાબાદ, ચેન્નાઈ, પટના અને કોચી ખાતે 5 ક્ષેત્રીય પ્રવાસી સહાયતા કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યા છે જે સ્થળાંતર કરનારાઓને તેમની ફરિયાદો અને પ્રશ્નોના નિવારણ માટે સામ-સામે વાતચીતની જરૂર પડે છે. PM મોદી સાથે સાથે વિદેશમાં ભારતીય કામદારોની સ્થિતિ સુધારવા માટે કામ કરી રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં UAEની તેમની મુલાકાતમાં PM મોદીએ જાહેરાત કરી હતી કે UAEએ ભારતીય કામદારો માટે હોસ્પિટલના નિર્માણ માટે દુબઈમાં જમીનનો ટુકડો આપ્યો છે. આ વર્ષે કુવૈતમાં આગની દુર્ઘટના બાદ જેમાં 40 થી વધુ ભારતીય નાગરિકો માર્યા ગયા હતા અને 50 થી વધુ ઘાયલ થયા હતા, PM એ સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી અને મૃતક ભારતીય નાગરિકોના પરિવારોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી 2 લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રાહતની જાહેરાત કરી હતી. . ભારત અને કુવૈતે 2021 માં એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા જેણે કુવૈતમાં ભારતીય ઘરેલું કામદારોના કલ્યાણ અને અધિકારોને સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ચિહ્નિત કર્યું હતું. કરારે કામદારો અને નોકરીદાતાઓ વચ્ચે ન્યાયી અને સંતુલિત સંબંધ સ્થાપિત કર્યો, કામદારોના અધિકારોના રક્ષણ અને સ્થાનિક કાયદાઓના પાલન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તે કુવૈતમાં ભારતીય કામદારોની સુખાકારીમાં વધારો કરીને, સહકારી અને આદરપૂર્ણ શ્રમ વાતાવરણને ઉત્તેજન આપવા માટે PMની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## સહકારીતા એ હોદ્દાનું નહીં પણ સેવા અને જવાબદારીનું માધ્યમ છે: અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

પાલનપુર : ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના નાણોટા ખાતે સહકારીતા પરિવાર દ્વારા સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. જેમાં જિલ્લાની અગ્રણી સહકારી બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન તથા વાઈસ ચેરમેનનો સત્કાર સમારંભ યોજાયો હતો. આ સત્કાર સમારંભમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહીને નવનિયુક્ત ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલિયાતર અને વાઈસ ચેરમેનશ્રી કેશુભા પરમારને અભિનંદન પાઠવ્યા



હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાઓ આગળ વધી શકે તે માટે આઝાદીના આટલા વર્ષો પછી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અલગ સહકાર મંત્રાલય બનાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ છેવાડાના ગામડાના વ્યક્તિની ચિંતા કરીને સહકાર મંત્રાલય ઊભું કર્યું છે. ગુજરાત સરકારે બનાસકાંઠા જિલ્લા માટે બજેટમાં ખાસ જોગવાઈઓ કરી છે.

## વર્ષાંત સમીક્ષા 2024: પશુપાલન અને ડેરી વિભાગ

### પશુધન ક્ષેત્રે ભારતની કૃષિ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું છે; 2014 થી 12.99% CAGR પર વધે છે

વર્ષ 2024 માટે મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય અંતર્ગત પશુપાલન અને ડેરી વિભાગની મુખ્ય પહેલો અને સિદ્ધિઓની તસવીર નીચે મુજબ છે.

1. આ ક્ષેત્રમાં વૃદ્ધિ

પશુધન ક્ષેત્ર એ ભારતીય અર્થતંત્રમાં કૃષિનું એક મહત્વપૂર્ણ પેટાક્ષેત્ર છે. તે 2014-15થી 2022-23 સુધીમાં 12.99 ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) પર વધ્યો છે. કુલ કૃષિ અને આનુષંગિક ક્ષેત્રનાં કુલ ગ્રોસ વેલ્યુ એડેડ (જીવીએ)માં પશુધનનું પ્રદાન વર્ષ 2014-15માં 24.38 ટકાથી વધીને વર્ષ 2022-23માં (વર્તમાન ભાવે) 30.23 ટકા થયું છે. વર્ષ 2022-23માં (વર્તમાન ભાવે) કુલ જીવીએમાં પશુધન ક્ષેત્રનો ફાળો 5.50 ટકા છે. દૂધ ઉત્પાદનમાં ભારત વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં 24.76 ટકા યોગદાન આપીને પ્રથમ ક્રમે છે. દૂધનું ઉત્પાદન છેલ્લાં 10 વર્ષમાં 5.62 ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) પર વધી રહ્યું છે, જે વર્ષ 2014-15 દરમિયાન 146.31 મિલિયન ટન હતું, જે વર્ષ 2023-24 દરમિયાન વધીને 239.30 મિલિયન ટન થયું હતું. વર્ષ 2022 (ફૂડ આઉટલુક નવેમ્બર'2024) ની તુલનામાં 2023 (એસ્ટ.) દરમિયાન વિશ્વના દૂધ ઉત્પાદનમાં 1.50 ટકાનો વધારો થયો છે. વર્ષ 2023-24 દરમિયાન ભારતમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા 471 ગ્રામ પ્રતિદિવસ છે, જ્યારે વર્ષ 2023માં વિશ્વની સરેરાશ પ્રતિદિન 329 ગ્રામ (પ્રથમ) (ફૂડ આઉટલુક નવેમ્બર'2024) હતી.

ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન કોર્પોરેટ સ્ટેટિસ્ટિકલ ડેટાબેઝ (એફએઓએસટીએટી) પ્રોડક્શન ડેટા (2022) અનુસાર, એગ ઉત્પાદનમાં ભારત બીજા ક્રમે અને વિશ્વમાં માંસના ઉત્પાદનમાં પાંચમા ક્રમે છે. દેશમાં ઈંડાનું ઉત્પાદન 2014-15માં 78.48 અબજથી વધીને 2023-24માં 142.77 અબજ નંબર થયું છે. દેશમાં ઈંડાનું ઉત્પાદન છેલ્લા 10 વર્ષમાં 6.87 ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) પર વધી રહ્યું છે. વર્ષ 2023-24માં ઈંડાની માથાદીઠ ઉપલબ્ધતા દર વર્ષે 103 ઈંડાની છે, જ્યારે વર્ષ 2014-15માં 62 ઈંડા છે. દેશમાં માંસનું ઉત્પાદન 2014-15માં 6.69 મિલિયન ટનથી વધીને 2023-24માં 10.25 મિલિયન ટન થયું છે. દેશમાં માંસનું ઉત્પાદન છેલ્લાં 10 વર્ષમાં 4.85 ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) પર વધી રહ્યું છે.

પશુપાલન અને ડેરી યોજના

2. સરકાર દ્વારા રાષ્ટ્રીય ગોકુલ મિશનની શરૂઆત કરવામાં આવી છે, જેમાં સ્વદેશી જાતિઓના વિકાસ અને સંરક્ષણ અને ગૌવંશની વસતિના આનુવંશિક અપગ્રેડેશન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વર્ષ 2024 દરમિયાન ગૌવંશની ઉત્પાદકતા વધારવા માટે આ યોજના હેઠળ કેટલીક પહેલો હાથ ધરવામાં આવી છે: દેશમાં વિકસિત સેક્સ સૉર્ટેડ વીર્ય ઉત્પાદન ટેકનોલોજીનો શુભારંભ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 5.10.2024ના રોજ કર્યો હતો. આ સેક્સ સૉર્ટેડ વીર્ય વાજબી દરે ઉપલબ્ધ છે અને આ ટેકનોલોજીનો હેતુ 90 ટકા સુધી ચોકસાઈ સાથે સ્ત્રી વાછરડાનું ઉત્પાદન કરવાનો છે, જેથી જાતિમાં સુધારો અને ખેડૂતોની આવકમાં વધારો થાય છે. સ્વદેશી મીડિયા ફોર ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ), 13 સપ્ટેમ્બર, 2024 ના રોજ ભુવનેશ્વરથી શરૂ થયું હતું. સ્વદેશી માધ્યમો, સ્વદેશી જાતિઓના ચુનંદા પ્રાણીઓના પ્રચાર માટે મોંઘા આયાતી માધ્યમોનો ખર્ચ-અસરકારક વિકલ્પ પૂરો પાડે છે. પશુઓ માટે કોમન જીનોમિક ચિપ ગૌ ચિપ અને ભેંસ માટે માહિષ ચિપનું લોકાર્પણ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 5.10.2024ના રોજ કર્યું હતું. 13.9.2024ના રોજ ભુવનેશ્વરથી દૂધના પોકેટ/સંવર્ધન માર્ગમાં દેશી જાતિના શ્રેષ્ઠ પ્રાણીઓની ઓળખ માટે નેશનલ મિલ્ક રેકોર્ડિંગ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને ગુજરાતમાંથી 22 ઓક્ટોબર 2024ના રોજ ટ્રેસેબિલિટી પ્લેટફોર્મ ફોર લાઈવસ્ટોક પ્રોડક્ટ્સ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ બધી પહેલથી દેશમાં ગૌવંશની વસ્તીના આનુવંશિક અપગ્રેડેશનને નવું પરિમાણ મળશે. રાષ્ટ્રીય ગોપાલ રત્ન એવોર્ડ પશુધન અને ડેરી ક્ષેત્રના ક્ષેત્રમાં સૌથી વધુ રાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક છે. ચાલુ વર્ષથી, વિભાગે ત્રણેય કેટેગરીમાં પૂર્વોત્તર ક્ષેત્ર (એનઈઆર) રાજ્યો માટે વિશેષ પુરસ્કારનો સમાવેશ કર્યો છે. નવી દિલ્હી ખાતે 26 નવેમ્બર, 2024 ના રોજ રાષ્ટ્રીય દૂધ દિવસની પૂર્વસંધ્યાએ 15 વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

3. વિભાગ દૂધ અને દૂધની બનાવટોની ગુણવત્તા, દૂધની ખરીદી, પ્રોસેસિંગ, મૂલ્ય સંવર્ધન અને માર્કેટિંગની ગુણવત્તા વધારવાના ઉદ્દેશ સાથે ડેરી વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ (એનપીડીડી)ની કેન્દ્રીય ક્ષેત્રની યોજના અમલમાં મૂકી રહ્યું છે. આ યોજનાથી 19,010 ડેરી સહકારી મંડળીઓનું નિર્માણ/પુનર્ગઠન કરવામાં મદદ મળી છે, ડેરી સહકારી મંડળીઓમાં 18.17 લાખ નવા ખેડૂત સભ્યોનો ઉમેરો થયો છે અને દૈનિક 27.93 લાખ લિટર દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ઊભી કરવામાં મદદ મળી છે. પશુપાલન અને ડેરી વિભાગ સંગઠિત બજારમાં ખેડૂતોની પહોંચ વધારીને, ડેરી પ્રોસેસિંગ સુવિધાઓમાં સુધારો કરીને અને માળખાગત સુવિધાઓનું માર્કેટિંગ કરીને અને ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓની ક્ષમતા વધારીને દૂધ અને ડેરી ઉત્પાદનોના વેચાણને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

## અમરેલી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અમરેલી જીલ્લામાથી હદ્દપાર કરેલ ઇસમને હદ્દપારીનો ભંગ કરતા પકડી કાયદેસરની કાર્યવાહિ કરતી અમરેલી સીટી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

મે.ભાવનગર રેન્જ આઈ.જી.પી.શ્રી ગૌતમ પરમાર સાહેબ, ભાવનગર રેન્જ, ભાવનગર નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી નિયંત્રણમાં રહે તેમજ અસુરક્ષીતતા ઉભી કરતા માથાભારે વ્યક્તિઓ તથા ગેરકાયદેસર પ્રવૃતી આચરનારા અગાઉ ગુન્હામાં સંડોવાયેલ હોય તેવા ઈસમો વિરૂધ્ધ તડીયારની કાર્યવાહિ કરેલ હોય જે તડીપાર કરેલ ઈસમો પરત હદ્દપારીનિ ભંગ ના કરે તે તેમજ તેવા લોકો વિરુધ્ધ યોગ્ય કાર્યવાહિ કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબનાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બને તે માટે કાર્યવાહિ કરવા માટે ચુસના આપેલ હોય,જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે. એલ.ખટાણા સાહેબની રાહબરી હેઠળ આ કામે જરૂરી સુચના તથા હદ્દપારીભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવા જરૂરી સુચના આપેલ જે અન્વયે નાગનાથબીટ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ જેની સબ ડિવિઝનલ મેજી.સા.શ્રી



ના હુકમ આધારે તા.૧૯/૧૦/૨૦૨૪ થી તા.૧૮/૦૪/૨૦૨૫ (છ માસ) સુધી અમરેલી જીલ્લામાથી હદપાર કરેલ હોવા છતા મજકુર ઈસમ કોઇ પણ જાતની લેખિત મંજુરી સિવાય અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી હદપારીનો ભંગ કરેલ હોય તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરતી અમરેલી સીટી પોલીસ ટીમ.

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**FB વેલ્ડેડ સાંધાનું ફેઝ્ડ એરે અલ્ટ્રાસોનિક પરીક્ષણ (PAUT)**

ભારતના યુનિયનના પ્રમુખ વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ, નીચે મુજબ ટેન્ડર નોટિસ જારી કરે છે. **ટેન્ડર નં : Dy.CE(C)III/ADI/PAUT/01 (1) કામનું નામ અને સ્થળ :** પશ્ચિમ રેલવેના મુખ્ય વહીવટી અધિકારી (C)II-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળની વિવિધ નવી લાઇન, ગેજ કન્વર્ઝન અને ડબલિંગ પ્રોજેક્ટ્સમાં આગામી ત્રણ વર્ષ માટે RDSO ચકાસાયેલ PAUT વેલ્ડ ટેસ્ટરનો ઉપયોગ મોબાઇલ FB પ્લાન્ટ્સ દ્વારા FB વેલ્ડેડ સાંધાનું ફેઝ્ડ એરે અલ્ટ્રાસોનિક પરીક્ષણ (PAUT). **(2) કામની અંદાજિત કિંમત:** ₹ 1,26,49,885.00 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની :** ₹2,13,300.00 **(4) પૂર્ણતાનો સમયગાળો :** 36 (છત્રીસ) મહિના **(5) બિડ દસ્તાવેજો માટેની વિનંતીની છેલ્લી તારીખ :** 08-01-2025 ના 15.00 કલાકે **(6) ખુલવાની તારીખ :** 08-01-2025 ના 15.30 કલાકે **(7) ટેન્ડર સિસ્ટમ :** સિંગલ પેકેટ સિસ્ટમ **(8) બધા ટેન્ડરર્સે પરિશિષ્ટ-V માં આપેલ પ્રમાણપત્રો જમા કરવાના રહેશે.** જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. **(9) વેબસાઇટ વિગતો સૂચના બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ઓફિસનું સરનામું :** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, 2જો માળ, નિર્માણ ભવન, GCS હોસ્પિટલની સામે, અસારવા, અમદાવાદ. **વેબસાઇટ :** www.ireps.gov.in 90

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## મકાનમાં લાગી ભીષણ આગ, 2 બાળકો સહિત 4 લોકોના મોત

(એજન્સી) દેવાસ । તા. 21

મધ્ય પ્રદેશના દેવાસ શહેરના નયાપુરા વિસ્તારમાં શનિવારે (21મી ડિસેમ્બર) વહેલી સવારે એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. જેમાં એક જ પરિવારના 4 લોકોના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. મૃતકોમાં પતિ, પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર ડેરી ચાલતી હતી, જેમાં આગ ફાટી નીકળી હતી અને આગે ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**બિડ આમંત્રણ સૂચના**

બિડ/પેકેજ નંબર : **EL/C/ADI/TRD/EPC/35R/2024-25** તારીખ : **17-12-2024**

EPC મોડ પર **"પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં હિંમતનગર ખેડબ્રહ્મા વિભાગના વીજળીકરણના સંબંધમાં વડાલી ખાતે 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ"** માટે **RFP.** ભારતના રાષ્ટ્રપતિનું પ્રતિનિધિત્વ રેલવે મંત્રાલય, મુખ્ય વિધુત ઈજનેર (બાંધકામ), પશ્ચિમ રેલવે, અસારવા, અમદાવાદ ("**ઓથોરિટી**") દ્વારા કરવામાં આવે છે, જેની મુખ્ય ઓફિસ ચર્ચગેટ, મુંબઈ, PIN-400020, ભારતમાં છે, રેલવે અને સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં અને આ પ્રયાસના ભાગ રૂપે, ઓથોરિટીએ એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (**"EPC"**) **કોન્ટ્રાક્ટ દ્વારા પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં હિંમતનગર ખેડબ્રહ્મા વિભાગના વિધુતીકરણના સંદર્ભમાં વડાલી ખાતે 66/27 કે.વી. ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઈન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ હાથ ધરવાનું અને બિડરની પસંદગી માટે બિડિંગ પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે** જેને પ્રોજેક્ટ એનાયત કરવામાં આવશે. ઓથોરિટીની વેબસાઈટ પર પ્રોજેક્ટના માહિતી મેમોરેન્ડમમાં પ્રોજેક્ટનું સંક્ષિપ્ત વર્ણન જોઈ શકાય છે. પ્રોજેક્ટનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

| પ્રોજેક્ટનું નામ | TSS ની સં. | અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ (રૂપિયામાં): |
|---|---|---|
| "ઇપીસી મોડ પર પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં હિંમતનગર - ખેડબ્રહ્મા સેક્શનના ઇલેક્ટ્રિફિકેશનના સંબંધમાં વડાલી ખાતે 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનનું બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ". | સં : 01 | 13,10,09,917 (રૂપિયા તેર કરોડ દસ લાખ નવ હજાર નવસો સત્તર માત્ર) |

સંપૂર્ણ બિડ દસ્તાવેજ રેલવે વેબસાઇટ **https://ireps.gov.in** માં જોઈ/ડાઉનલોડ કરી શકાય છે **18-12-2024 થી 22-01-2025** (15:00 કલાક IST સુધી), બિડરોએ તેમની નાણાકીય બિડ અને તકનીકી બિડ જમા કરવાની જરૂર છે. **22-01-2025** ના રોજ અથવા તે પહેલાં 15:00 કલાક IST સુધીમાં **https://ireps.gov.in** પર જમા કરવું આવશ્યક છે. ઓનલાઇન પ્રાપ્ત થયેલ બિડ્સ **30-01-2025** ના રોજ 15:00 કલાક IST પર ખોલવામાં આવશે. અન્ય કોઈપણ માધ્યમથી કરવામાં આવેલ બિડ સ્વીકારવામાં આવશે નહીં. જો કે, પાવર ઓફ એટર્ની અને સંયુક્ત બિડ એગ્રીમેન્ટ વગેરે બિડર દ્વારા 28-01-2025 ના રોજ IST 15:00 કલાકે અથવા તે પહેલાં ભૌતિક રીતે સબમિટ કરવું આવશ્યક છે. મહેરબાની કરીને નોંધ કરો કે [મંત્રાલય/ઓથોરિટી/એક્ઝિક્યુટીંગ એજન્સી] કોઈપણ કારણ આપ્યા વિના તમામ અથવા કોઈપણ બિડને સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. **સરનામું :** ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર/બાંધકામ, ત્રીજો માળ, વિંગ-સી, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસની નજીક, જીસીએસ હોસ્પિટલની સામે, ચામુંડા બ્રિજ પાસે, અમદુપુરા, અમદાવાદ-382345 ગુજરાત, ભારત, પશ્ચિમ રેલવે (રેલ મંત્રાલય) **મોબાઇલ :** 9724093350 **ઈ-મેલ :** dvceecwradi1@gmail.com **89**

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# અમદાવાદમાં જાહેરમાં આતંક મચાવનારાઓનાં ઘર પર 'દાદા'નું બુલડોઝર ચાલ્યું

(એજન્સી) અમદાવાદ | તા.21

અમદાવાદના રખિયાલ અને બાપુનગર વિસ્તારમાં બે દિવસ પહેલાં જાહેરમાં તલવારો સાથે આતંક મચાવી પોલીસકર્મીઓને ડરાવનારા લુખ્ખાઓની મુશ્કેલીમાં હવે વધારો થયો છે. આરોપીઓએ સરકારી જમીન પર ગેરકાયદે મકાનો બનાવી દીધાં હોવાની સ્થાનિક કોર્પોરેટરની રજૂઆત બાદ મહાનગરપાલિકાએ બંને આરોપીનાં ઘર પર બુલડોઝર ફેરવી દીધું હતું. ડિમોલિશન કામગીરી દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને એ માટે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવાયો હતો.

### બે આરોપીનાં ગેરકાયદે મકાન તોડી પાડવામાં આવ્યાં

અમદાવાદના બાપુનગર- રખિયાલ વિસ્તારમાં જાહેરમાં તલવારો લઈને પોલીસને ભગાડી પોતાનો આતંક મચાવનાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. બાપુનગર વોર્ડના કોર્પોરેટર અને લીગલ કમિટીના ચેરમેન પ્રકાશ ગુર્જરે કમિશનરને પત્ર લખીને બંને રીઢા આરોપીનાં કોર્પોરેશનની માલિકીની જગ્યા પર બનાવેલા ગેરકાયદે મકાનો પર બુલડોઝર ચલાવવા માટે પત્ર લખ્યો હતો. એને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે શનિવારે બપોરે બંને આરોપીનાં ઘર પર બુલડોઝર ફેરવી જગ્યા કબજે લેવા માટેની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ-બંદોબસ્ત સાથે બંને આરોપીનાં પાકાં મકાનો તોડી નાખવામાં આવ્યાં છે.

### આતંક મચાવનારાઓનાં ઘર પણ સરકારી જમીન પર હતાં, મનપાએ તોડી પાડ્યાં



■ આજે બપોરે ગરીબનગર ચાર રસ્તા પાસે આવેલા અકબરનગરના છાપરા ખાતે બંને આરોપીઓનાં મકાનો કોર્પોરેશનની જમીન પર આવેલાં હતાં, જેના પગલે ડીસીપી, એસીપી અને ચાર પીઆઇ સહિતનો પોલીસ-બંદોબસ્ત મેળવીને ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચાર જેસીબી મશીન અને 50થી વધુ મજૂરો સાથે ડિમોલેશન કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આરોપીનાં ઘરની બહાર સીસીટીવી, કૂલર અને એસી સહિતની વસ્તુઓ પણ હતી. પોલીસે તાત્કાલિક ધોરણે મકાન ખાલી કરાવીને મકાનો તોડવાની શરૂઆત કરવામાં આવી હતી.

**સ્થાનિક કોર્પોરેટરની રજૂઆત બાદ કાર્યવાહી :** બાપુનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર પ્રકાશ ગુર્જરે મ્યુનિસિપલ કમિશનરને લખેલા પત્રમાં એવી રજૂઆત કરી હતી કે બાપુનગરમાં બનેલી ઘટનામાં આરોપીઓએ આપણી કાયદો અને વ્યવસ્થાને સીધો પડકાર ફેંક્યો હોય એવું જણાય છે ત્યારે આવા આરોપીઓની સામે ખૂબ જ આક્રમક રીતે તાત્કાલિક ધોરણે પગલાં લેવા જરૂરી છે. બંને આરોપી રીઢા ગુનેગાર છે. જોકે તેઓ જે ઘરમાં રહે છે એ ઘર અકબરનગરનાં છાપરા ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની જગ્યામાં બનેલાં છે. અત્યારે તેમની આવી ગુનાખોરીને ધ્યાને લઈ ખાસ કરીને પોલીસ સાથેના તેમના વ્યવહારને ધ્યાને લઈ ધર્મ અને જાતિ ભૂલીને તેમની સામે કડક પગલાં લઈ તેમના ગેરકાયદે બાંધકામને તોડી પાડવા જોઈએ.

## રાજ્યમાં લોકોએ સ્વેટર સાથે રેઈનકોટ કાઢવાં પડે એવી સ્થિતિ, 27 અને 28 ડિસેમ્બરે વાતાવરણમાં પલટો આવશે

# ભરશિયાળે વરસાદની આગાહી




(એજન્સી) અમદાવાદ | તા.21

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કડકડતી ઠંડી વચ્ચે લોકોએ સ્વેટરની સાથે રેઈનકોટની પણ વ્યવસ્થા કરવી પડે એવી હવામાન વિભાગે આગાહી કરી છે. 27 અને 28 ડિસેમ્બરે અલગ અલગ જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી એક સપ્તાહ માટે ગુજરાતના હવામાનની આગાહી કરવામાં આવી છે. એ મુજબ આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ પ્રવર્તશે, જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે.

### 3 શહેરમાં કોલ્ડવેવની અસર જોવાઇ

છેલ્લા 24 કલાક દરમિયાન નલિયા, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડવેવ જોવા મળી હતી, જેમાં રાજ્યમાં નલિયામાં સૌથી લઘુતમ તાપમાન 5.8 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું, જ્યારે પોરબંદર અને રાજકોટમાં અનુક્રમે 10.5 અને 9.4 ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુતમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં અમદાવાદ અને ગાંધીનગરમાં 14.4 ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુતમ તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટી વધઘટ જોવા મળશે નહીં. ત્યાર બાદના દિવસોમાં રાજ્યમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી જેટલું વધશે, કારણ કે અરબસાગર ઉપરથી ભેજ ગુજરાત તરફ આવશે.

## અમદાવાદ | અંગત અદાવતનું વેર રાખી પાર્સલમાં બેટરી બ્લાસ્ટ

# પાર્સલ બોમ્બ બ્લાસ્ટના આરોપીના ઘરે સર્ચ ઓપરેશન, બોમ્બ બનાવવાની સામગ્રી મળી

(એજન્સી) અમદાવાદ | તા.21

આજે વહેલી સવારે અમદાવાદના સાબરમતી વિસ્તારમાં અંગત અદાવતનું વેર રાખી પાર્સલમાં બેટરી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં બે લોકોને ઈજા પહોંચી હતી. આ ઘટનાના ગણતરીના કલાકોમાં એક આરોપીની ધરપકડ કરી લીધી હતી. જ્યારે મુખ્ય આરોપી રૂપેન બારોટના ઘરે સર્ચ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં વધુ મોટો ખુલાસો થયો છે. પાર્સલ રિસિવ કરતી વખતે અચાનક ધડાકાભેર બેટરી ફાટતાં મોટો બ્લાસ્ટ થયો હતો. જેના લીધે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા.

આરોપી રૂપેન બારોટના ઘરમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી હતી અને આ ઉપરાંત તેના ઘરમાંથી ત્રણ દેશી કટ્ટા પણ મળી આવ્યા હતા. આરોપી પહેલાંથી જ ક્રાઈમ કુંડળી ધરાવે છે. રૂપેન બારોટ દારૂનો ધંધો કરે છે અને તે બુટલેગર છે. રૂપેન બારોટે પોતાના ઘરમાં બોમ્બ બનાવ્યો હોવાની આશંકા છે. પોલીસ હજુ પણ તપાસ કરી રહી છે આગળ બીજા અન્ય મોટા ખુલાસા થવાની આશંકા છે. અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાબરમતી એરિયામાં આવેલા શિવમ રો હાઉસ ખાતે એક પાર્સલમાં બેટરી બ્લાસ્ટની ઘટના બનતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. પાર્સલમાં રહેલી બેટરીમાં બ્લાસ્ટ થતાં પાર્સલ રિસિવ કરનાર બળદેવભાઈના કાકાનો દીકરો અને પાર્સલ લઈને આવનાર ઘાયલ થતાં લોહી લુહાણ થયા હતા. પાર્સલ લાવનારનો હાથ ફાટી ગયો છે. જેમને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં પોલીસે ગૌરવ ગઢવી નામના યુવકની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે બ્લાસ્ટમાં IEDનો ઉપયોગ કરાયાની પોલીસને આશંકા છે.



**બ્લાસ્ટ માટે IEDનો ઉપયોગની આશંકા :** પોલીસને આશંકા છે કે બ્લાસ્ટ માટે IEDનો ઉપયોગ કરાયો હતો. જેમાં કથિત રીતે જ્વલનશીલ પદાર્થો જેવા કે સ્પિરિટ, બેટરી અને ગન પાવડરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી(FSL)ની ટીમે બ્લાસ્ટમાં કયા મટિરિયલનો ઉપયોગ કરાયો છે તે જાણવા માટે ઘટના સ્થળ પરથી પુરાવા એકત્ર કર્યા છે.

**રિમોટથી બ્લાસ્ટ કરાયાની શક્યતા :** પોલીસના જણાવ્યા અનુસાર આંતરિક મતભેદને કારણે પાર્સલ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો અને બ્લાસ્ટ કરવા માટે રિમોટનો ઉપયોગ કરાયાની પણ પોલીસને આશંકા છે. અગાઉ ભોગ બનનાર બળદેવભાઈને ધમકી મળી હતી.

આરોપીઓ ડી કેબિન-ગોદાવરી વિસ્તારના હોવાની બાતમી મળી છે. અન્ય આરોપીના નામ પોલીસને મળી ગયા છે જેમની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

**અંગત કારણોસર કરાયો બ્લાસ્ટ :** સેક્ટર-1ના JCP નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, "આ વિસ્ફોટ પારિવારિક વિવાદને લગતા અંગત કારણોસર કરાયો હોવાનું જણાય છે. અમે પાર્સલ પહોંચાડનાર ગૌરવ ગઢવીની ધરપકડ કરી છે અને કાવતરામાં સામેલ અન્ય વ્યક્તિઓને શોધી રહ્યા છે."સમગ્ર મામલે હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે, અને તપાસ ચાલી રહી છે. બીજા સાથીદારનું ઠેકાણું શોધવા અને હુમલામાં વપરાયેલ IED વિશે વધુ વિગતો મેળવવા માટે પોલીસ ગઢવીની પૂછપરછ કરી રહી છે.

# વડોદરાની IOCLમાં 40 દિવસમાં બીજી આગ

## કંપનીની ફાયર ટીમે આગ પર કાબૂ મેળવ્યો, કારણ જાણવા તપાસનો ધમધમાટ

(એજન્સી) વડોદરા | તા.21

વડોદરાની IOCLમાં ચાલીસ દિવસમાં આગનો બીજો બનાવ સામે આવ્યો છે. આજે સાંજના સમયે ગુજરાત રિફાઈનરીમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

ઘટનાના પગલે પોલીસે અને ફાયરબ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો છે. જો કે, કંપનીની ફાયરની ટીમોએ જ આગ પર કાબૂ મેળવી લેતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. મહત્વનું છે કે, ચાલીસ દિવસ પહેલા લાગેલી આગનો રિપોર્ટ પણ હજી નથી આવ્યો ત્યાં જ બીજી વાર આગ લાગી છે તેનું કારણ પણ હાલ અકબંધ છે.

### 40 દિવસમાં બીજીવાર આગ લાગી

વડોદરા નજીક આવેલ કોયલી ગુજરાત રિફાઈનરી થયેલ દુર્ઘટનામાં ટેન્ક બ્લાસ્ટનો મામલો સામે આવ્યો હતો. આ ઘટનામાં બે કર્મચારીઓના કરૂણ મોત નીપજ્યા હતા. આ સમગ્ર મામલે જીલ્લા કલેકટરે તપાસના આદેશ આપ્યા હતાં. હજુ તો આ ઘટના ભુલાઈ નથી અને આ ઘટના કયા કારણોસર બની તે અંગેના રિપોર્ટ પણ એજન્સીઓ દ્વારા આપવામાં આવ્યો નથી. ત્યારે આજે ફરી એકવાર આગનો બનાવ સામે આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. મહત્વની વાત છે કે, આ આગ લાગી હોવાની માહિતી સ્થાનિક પોલીસને અપાય છે અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી છે. હાલમાં આ અંગેની માહિતી ગ્રામ્ય એસડીએમને પણ આપવામા આવી છે. આ અંગે તેઓનું કહ્યું છે કે હાલમાં અમારે ટીમ ત્યાં પોંહચી રહી છે આ ઘટના કયા કારણોસર આગ કેટલી છે તે અંગેની જાણકારી મેળવી રહ્યા છીએ.

### પ્રથમ આગનો રિપોર્ટ આવે તે પહેલા જ બીજી આગ લાગી

ઉલ્લેખનીય છે કે અગાઉ બનેલી ઘટના અંગે વિવિધ તપાસ કરનાર એજન્સીઓ અને નિષ્ણાતો દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામા આવી હતી. અગાઉ બનેલી ઘટનામાં OISD (ઓઇલ ઇન્ડસ્ટ્રી સેફ્ટી ડાયરેક્ટર), PESO (પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન), સ્થાનિક પોલીસ અને FSL, IOCL (ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ), ઇન્ડ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટ સહિત GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ) દ્વારા તપાસ કરવામાં આવી રહીં છે. વડોદરા ગ્રામ્ય એસ ડી એમ ને હજુ અગાઉની ઘટના અંગેનો તમામ એજન્સીઓ દ્વારા રિપોર્ટ નથી રજૂ કરવામાં આવ્યો ત્યારે ફરી આ ઘટનાં સામે આવી છે.



આગ કાબૂમાં આવ્યા બાદની સ્થિતિ

### સ્થાનિક ફાયરની ટીમોએ આગ પર કાબૂ મેળવ્યો- SDM

વડોદરા ગ્રામ્ય એસડીએમ સાથે ટેલિફોનિક વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે, આ ઘટના અંગેની જાણ થતા અમારી ટીમ અને અમે સ્થળ પર પહોંચ્યા છીએ. હાલમાં સ્થાનિક ફાયરની મદદથી આગને કાબુમાં લેવામાં આવી છે. આ આગ લાગવાનું પ્રથામિક કારણ કેબલમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું જાણવા મળ્યુ છે છતા આ અંગે અમે તપાસ કરીશું. વડોદરાના કોયલી ખાતેની IOCL રિફાઈનરીમાં ગતરોજ (11 નવેમ્બર, 2024) બપોરના 3.30 વાગ્યે મોટો બ્લાસ્ટ થયો હતો. ત્યારબાદ રિફાઇનરીમાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગ લાગતાંની સાથે જ ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. 6 કિમી દૂર સુધી આ ધુમાડો જોવા મળ્યો હતો. બ્લાસ્ટ બાદ આગને પગલે આસપાસના રહીશોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, રાત્રે 8.30 વાગ્યે ફરી રિફાઈનરીમાં 5 હજાર સ્કેલની વધુ એક ટેન્કમાં બ્લાસ્ટ થયો હતો. જે બાદ ફાયર વિભાગ દ્વારા મેજર કોલ જાહેર કર્યો છે. GSFCની ફાયરની એક બાદ એક ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી રહી છે. જેમાં અમદાવાદા, આણંદ, ગાંધીનગર સહિતની ફાયર વિભાગની 35થી વધુ ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જેમાં બે કામદારોના મોત નિપજ્યા હતા.

## 24 ડ્રાઈવરોને છૂટા કરવા અંગેનો નિર્ણય લેવાયો

# છૂટા કરવાના નિર્ણયથી અસારવા સિવિલના ડ્રાઈવરોમાં રોષ જોવાયો

(એજન્સી) અમદાવાદ | તા.21

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં 20 વર્ષથી કોન્ટ્રાક્ટ પર ડ્રાઈવર તરીકે નોકરી કરતા કર્મચારીઓને અચાનક છૂટા કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેને લઈને ડ્રાઈવરોમાં રોષ જોવા મળ્યો છે. રોષે ભરાયેલા ડ્રાઈવરોએ કહ્યું- અમે CM-ગૃહમંત્રી પાછળ જીવના જોખમે ગાડી ચલાવીએ છીએ તો પણ અમારી રોજગારીની સુરક્ષાની જવાબદારી લેવા કોઈ જ તૈયાર નથી. તેઓએ આ નિર્ણયને ટાળવા અને તેમનું બંધ થયેલું અલાઉન્સ ફરી શરુ કરવાની માંગણી સાથે વિરોધ નોંધાવ્યો હતો.

આ ઉપરાંત ડ્રાઈવરોએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં અધિકારીઓ જાહેર જનતાનું શોષણ કરે છે. એમ્બ્યુલન્સ હોવા છતાં સામાન્ય લોકોને ડેડબોડી માટે એમ્બ્યુલન્સ મળતી નથી. જ્યારે મંત્રી કે VIPના સંબંધીઓને તુરંત જ ફાળવવામાં આવે છે. સામાન્ય લોકોએ ડબલ ભાડામાં ખાનગી એમ્બ્યુલન્સ કરવી પડે છે.



એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલમાં દર્દીઓને લાવવા-લઈ જવા માટે એમ્બ્યુલન્સ ચલાવતા 24 જેટલા કોન્ટ્રાક્ટ પર રાખેલા ડ્રાઈવરોને છૂટા કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. 20 વર્ષથી સતત નોકરી કરતા ડ્રાઈવરોને એકાએક છૂટા કરવા માટેનો નિર્ણય લેવાતા તેઓ મુશ્કેલીમાં મૂકાયા છે અને તંત્ર પાસે રોજગારીની સુરક્ષા માટે વિનંતી કરી છે. આ ડ્રાઈવરો કોરોના સમયમાં પણ દિવસ-રાત સતત દર્દીઓને લાવવા લઈ જવા તથા ડેડબોડી લઈ જવા માટે નોકરી કરતા હતા. ડ્રાઈવર માત્ર 16,000ના જ પગારમાં ડ્રાઈવરો નોકરી કરે છે.

## પતિનો ત્રાસ સહન કરતી પત્નીએ અંતે આપઘાત કરી લીધો

# પત્નીને આત્મહત્યા માટે મજબૂર કરનાર પતિ વિરૂદ્ધ ફરિયાદ કરાઈ

(એજન્સી) અમદાવાદ | તા.21

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં 35 વર્ષના લગ્ન જીવન પર ફુલસ્ટોપ વાગી ગઈ હોવાની ઘટના સામે આવી છે. પતિનો ત્રાસ સહન કરતી પત્નિએ અંતે દવાઓ પીને આપઘાત કરી લીધો છે. પોલીસે પત્નિને આત્મહત્યા કરવા માટે મજબુર કરનાર પતિ વિરૂદ્ધ આત્મહત્યાની દુષપ્રેરણાની ફરિયાદ કરી છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલા દ્વારકેશ એલીગન્સમાં રહેતા મનોજ ચૌહાણએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં જગદીશ સરવાકર (રહે, નારાયણ રેસીડેન્સી, ચાંદખેડા) વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ કરી છે. મનોજ ચૌહાણ પત્ની, માતા તેમજ ભાઈ સાથે રહે છે અને નોકરી કરીને ગુજરાન ચલાવે છે. મનોજ ચૌહાણની બહેન મંજુલાના 35 વર્ષ પહેલા વાડજ ખાતે રહેતા જગદીશ સરવાકર સાથે સમાજના રીતિરીવાજ મુજબ લગ્ન થયા હતા. મંજુલા અને જગદીશને ત્રણ સંતાનો છે, જેમાં મોટો દીકરો જીગ્નેશ, બીજો દીકરો વિકાસ અને ત્રીજી દીકરી દીપ્તી છે. જગદીશ તેના પરિવાર સાથે હાલ ચાંદખેડામાં રહેતો હતો.

મંજુલાને ઘરસંસાર કરવો હોવાથી તે મૂંગા મોઢે પતિનો ત્રાસ સહન કરતી હતી. જ્યારે મંજુલા પિયરમાં આવે ત્યારે પતિ જગદીશની કરતૂતો કહેતી હતી. થોડા દિવસ પહેલા જગદીશે સાળા મનોજને ફોન કર્યો હતો. સતત ફોન કર્યા છતાંય મનોજે ફોન ઉપાડ્યો નહી. જેથી, જગદીશ ગીન્નાયો હતો. થોડા સમય બાદ જગદીશનો ફોન મનોજે ઉપાડ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તારી બુન તારા ઘરે આવી છે. વિકાસે તરત જ મનોજને યુનિટી હોસ્પિટલ બોલાવી લીધા હતા. વિકાસે મનોજને હોસ્પિટલનું લાઈવ લોકેશન મોકલી દીધુ હતું. વિકાસે મનોજને કહ્યું કે, મારી મમ્મીએ દવા પી લીધી છે અને તે એડમીટ છે. મનોજ પરિવાર સાથે હોસ્પિટલ પહોચ્યો ત્યારે તેને જાણવા મળ્યુકે મંજુલાનું અવસાન થયુ છે.

## અમદાવાદ-ગાંધીનગર ખાતે લેવાશે પરીક્ષા

# GPSCના ઉમેદવારોની સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા થઈ શરુ કરાઇ

(એજન્સી) અમદાવાદ | તા.21

GPSC દ્વારા લેવામાં આવનારી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની આસિસ્ટન્ટ મેનેજરની કુલ 18 જગ્યાઓ માટેની પરીક્ષાને લઈ સંમતિ પત્ર ભરાવવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. આગામી 19 જાન્યુઆરીના રોજ તેની પ્રાથમિક પરીક્ષા યોજાશે. જે માટે સંમતિ પત્ર ભરવાની પ્રક્રિયા શરુ થઈ ચૂકી છે. ઉમેદવારો 20 ડિસેમ્બરથી 27 ડિસેમ્બર સુધી આ સંમતિ પત્ર સત્તાવાર વેબસાઈટ પરથી ભરી શકાશે. આ ભરતી માટેની પ્રાથમિક પરીક્ષાનું આયોજન અમદાવાદ અને ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારોએ પહેલાં સંમતિ પત્ર ભરવું ફરજિયાત છે. જેના વિના ઉમેદવાર પરીક્ષા નહીં આપી શકે. આ સંમતિ પત્ર ભરવાની સાથે બિન અનામાત વર્ગના ઉમેદવારોએ 500 રૂપિયા અને અનામત વર્ગે 400 રૂપિયા ડિપોઝિટ ચૂકવવી પડશે. જે ઉમેદવારોએ પરીક્ષા આપી હશે તેમને બાદમાં ડિપોઝિટ પરત મળી જશે.



### કેવી રીતે ભરવું સંમતિ પત્ર?

ઉમેદવારો સંમતિ પત્ર https://gpsc-ojas.gujarat.gov.in પરથી ભરી શકાશે. જે માટે ઉમેદવારે વેબસાઈટ પરના હોમ પેજ પર 'OTHER APPLICATION' MENUમાં જઈને CONSENT FORM પર click કરવાનું રહેશે. ત્યારબાદ પોતાનો CONFIRMATION NUMBER અને BIRTH DATE તેમજ CAPTCHA વિગત ભરીને OK પર ક્લિક કરી CONSENT DEPOSIT કરી સંમતિ પત્ર ભરી શકાશે.0